Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-

Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023
posted at rajkot-RMS published & posting dt.-daily (evening)
Web: www.saurashtrakranti.com Email ; saurashtrakranti@gmail.com




અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

Year:7, Issue: 249 Dt.02-08-2022 (Tuesday)

તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાન: 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–360001

**આમ આદમી પાર્ટીનો નગારે ઘા**

# વિધાનસભા ચૂંટણીઓ માટે ૧૦ ઉમેદવારો જાહેર

## રાજકોટ ગ્રામ્યથી વશરામ સાગઠીયા અને રાજકોટ દક્ષિણમાં શિવલાલ બારસીયાને ટિકિટ





(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
અમદાવાદ, તા.૨

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ આડે હવે ગણતરીના મહિના બાકી રહ્યા છે ત્યાં ગુજરાતમાં ૧૦ ઉમેદવારોની પહેલી યાદી આમ આદમી પાર્ટીએ બહાર પાડી દીધી છે અને ચૂંટણી જંગમાં નગારે ઘા કરી નાખ્યો છે. આ રીતે ગુજરાતમાં ત્રિ-પાંખીયા ચૂંટણી જંગનાં શ્રીગણેશ થઇ ગયા છે. ભાજપ અને કોંગ્રેસ જેવા રાષ્ટ્રીય પક્ષો કરતા પણ સૌથી વહેલી ઉમેદવારોને પહેલી યાદી આમ આદમી પાર્ટીએ બહાર પાડી દીધી છે અને ચૂંટણી જંગનો શંખનાદ કરી દઈ રાજકીય નિરીક્ષકોને પણ આશ્ચર્યચકીત કરી દીધા છે. ઉમેદવારોની આ પહેલી યાદીમાં રાજકોટની બે બેઠકોના ઉમેદવારોના ફાઈનલ નામ જાહેર કરી દેવાયા છે અને કોંગ્રેસ છોડીને આમ આદમી પાર્ટીમાં જોડાયેલા વશરામ સાગઠીયાને 'ગીફ્ટ' આપવામાં આવી છે. રાજકોટ ગ્રામ્યની બેઠક પરથી વશરામ સાગઠીયા અને રાજકોટ દક્ષિણ બેઠક પરથી શિવલાલ બારસીયાને ઉમેદવાર તરીકે મેદાનમાં ઉતારવાની આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ગોપાલ ઈટાલીયાએ આજે બપોરે જાહેરાત કરી હતી. ગુજરાતનાં ઈતિહાસમાં આવું પહેલીવાર બન્યું છે કે, વિધાનસભાની ચૂંટણીઓને ત્રણ મહિનાની વાર હોય ત્યાં એક પાર્ટીએ ઉમેદવાર જાહેર કરી દીધા હોય.

'આપ'ના પ્રદેશ પ્રમુખ ઈટાલીયાએ જણાવ્યું હતું કે, અમે ગુજરાતમાં સંગઠનને મજબુત કર્યું છે. ૧૦ ઉમેદવારની પહેલી યાદી જાહેર કરવામાં આવી રહી છે. ગુજરાતના ઈતિહાસમાં પહેલીવાર ચૂંટણીનાં ત્રણ મહિના પહેલા ઉમેદવારો જાહેર થશે. જાહેર થયેલા તમામ ઉમેદવારોને હું અભિનંદન પાઠવું છું. અમારા રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ અને દિલ્હીના નેતાઓના માર્ગદર્શનથી પહેલી યાદી તૈયાર થઇ છે અને અમે ૧૦ ઉમેદવારો જાહેર કર્યા છે.

(અનુ.પાના નં.૪ ઉપર)

**આપના ૧૦ ઉમેદવારોની યાદી**

- ભેમાભાઈ ચૌધરી-દિયોદર
- વશરામ સાગઠિયા - રાજકોટ ગ્રામ્ય
- સાગર રબારી- બેચરાજી
- અર્જુન રાઠવા- છોટાઉદેપુર
- રામ ધડુક - કામરેજ( સુરત)
- શિવલાલ બારસિયા- રાજકોટ દક્ષિણ
- સુધીર વાઘાણી - ગારીયાધાર
- રાજેન્દ્ર સોલંકી - બારડોલી
- ઓમપ્રકાશ તિવારી - નરોડા
- જગમાલ વાળા- સોમનાથ

## સૌરાષ્ટ્ર-કચ્છમાં વાદળછાંયા વાતાવરણ સાથે ઝરમર વરસાદ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટઃ રાજકોટ સહીત સૌરાષ્ટ્ર-કચ્છમાં સર્વત્ર આજે સવારથી વાતાવરણમાં પલ્ટો આવ્યો છે અને વાદળ છાંયા વાતાવરણ વચ્ચે ઝરમર વરસાદ વરસી જાય છે.

## રેલવેના પાટા ડબલ લાઈન કરવા રાજકોટના પાંચ ગામની જમીન કપાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૨

વર્ષ ૨૦૨૫ સુધી ચાલનારા રાજકોટ-કાનાલુસ ડબલિંગ પ્રોજેક્ટ પાછળ રૂપિયા ૧૦૦૦ કરોડનો ખર્ચ થનાર છે. આ પ્રોજેક્ટને કારણે કપાતમાં આવતા રાજકોટ જિલ્લાના વિસ્તારો પૈકી ખંઢેરી, નારણકા, તરઘડીની ૨૭ એકર તથા પડધરી, રામપર મોટા, નણપરીની ૩૦ એકર જમીનના સંપાદન બાબતે હાલ રેલવે અને ડીઆઈએલઆર દ્વારા સંયુક્ત રીતે માપણી ચાલી રહી છે, જે પૂર્ણ થતા રિપોર્ટ આવ્યા બાદ લોક સુનાવણી થશે અને છેલ્લું જાહેરનામું બહાર પાડવામાં આવશે.

જેમાં અમુક ગામના ગૌચર પણ કપાત થશે. રેલવે દ્વારા રાજકોટ જિલ્લાનાં બાકી રહેતા સંબંધિત ગામોની જમીન સંપાદિત કરવાનું જાહેરનામું ગેઝેટમાં પ્રસિદ્ધ કરાયું છે. તેમાં મોટી ચણોલ ગામની ૨૧,૦૦૦ ચો.મી.થી વધુ ખેત જમીન, ૩૭૦૦ ચો.મી. જેવી સરકારી, ૩૮ ચો.મી. ગૌચર તથા અંદાજે ૧૦૦૦ ચો.મી. બિનખેતી જમીનનો સમાવેશ થાય છે. જ્યારે જોધપરમાં ૪૦૮૦ ચો.મી. સરકારી અને ૭૨૦૦ ચો.મી. જેટલી ખેત જમીન, નાની ચલોણમાં ૨૭,૨૯૬ સરકારી તથા મોવિયા ગામે ૨૯૨ ચો.મી. ખેતીની જમીન કપાત થશે. સૌથી વધુ ૭૯,૪૦૮ ચો.મી. એટલે કે ૧૯.૬૨ એકર જમીન રેલવે ડબલિંગ માટે કપાતમાં જનાર છે, જેમાં કુલ ૧૫૭૨ ચો.મી.ના ત્રણ રસ્તા, ૩૧૫૦૦ ચો.મી જેવી સરકારી તથા ૪૬,૦૦૦ ચો.મી.થી વધુ ખાનગી ખેત જમીનોનો સમાવેશ થાય છે.પ્રધાનમંત્રી ગતિ શકિત સ્કીમમાં સમાવિષ્ટ રાજકોટ-કાનાલુસ રેલવેની બ્રોડગેજ સિંગલ લાઇનમાંથી ડબલ લાઇનમાં રૂપાંતરણ માટેના પ્રોજેક્ટ સંદર્ભે અગાઉ પડધરીના ૬ ગામોની ૫૭ એકર જેટલી જમીન સંપાદિત કરવાનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું. હવે પડધરી તાલુકાના જ વધુ ૫ ગામની ૩૫ એકરથી વધુ જમીનનું સંપાદન કરવા માટેનું જાહેરનામું કેન્દ્ર સરકાર દ્વારા બહાર પાડવામાં આવ્યું છે.

## રાજકોટમાં 'આપ'ના ઉમેદવારો જાહેર થતા જંગ રસપ્રદ બન્યો



**ચૂંટણીજંગઃ હવે ભાજપ અને કોંગ્રેસ કોને મેદાનમાં ઉતારશે?**



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨

રાજકોટ ગ્રામ્ય તથા રાજકોટ દક્ષિણ વિધાનસભા મત વિસ્તારો માટે આમ આદમી પાર્ટીએ વિધાનસભા ચૂંટણીઓના ઉમેદવારો જાહેર કરી દેતા હવે એમની સામે ભાજપ અને કોંગ્રેસ દ્વારા કોને મેદાનમાં ઉતારવામાં આવશે એ ચર્ચા રાજકીય વર્તુળોમાં રસપ્રદ બની ગઈ છે.

રાજકોટની આ બે બેઠક ભાજપ પાસે છે. વિધાનસભા-૭૦ પરથી ગોવિંદભાઈ પટેલ ચૂંટાયેલા છે અને વિધાનસભા-૭૧ માંથી ભાજપના લાખાભાઈ સાગઠીયા અત્યારે ધારાસભ્ય તરીકે ચૂંટાયેલા છે. આમ આદમી પાર્ટીએ ભાજપની આ મજબુત ગણાતી બેઠકો પર જ વહેલા ઉમેદવારો જાહેર કરીને આખા રાજકીય જંગને રસપ્રદ વળાંક આપી દીધો છે. ભાજપ આ બેઠક જાળવી રાખવા માટે પુરેપુરી મહેનત કરશે જ. એટલે ભાજપ ઉમેદવારો રિપીટ કરે છે કે, સંજોગો જોતા પરિવર્તન લાવે છે કે કેમ એ જોવાનું રહેશે.

કોંગ્રેસ કોને પસંદ કરશે એ જોવાનું પણ ખૂબ જ રસપ્રદ થઇ પડશે. કેમકે 'આપ' દ્વારા એક ધડાકે રાજકોટના ઉમેદવારો જાહેર કરી દેવાયા હોવાથી બંને મુખ્ય પક્ષોએ પણ ગંભીરતાથી ઉમેદવારોની ચર્ચા-વિચારણાની કવાયત શરૂ કરી દીધી હોવાનું માનવામાં આવે છે. રાજકીય નિરીક્ષકો માને છે કે 'આપ'ની એન્ટ્રીને કારણે રસપ્રદ ત્રિ-પાંખિયો જંગ જામશે. કોણ કેટલા મત સામાવાળાનાં તોડી શકે છે તેના પર જય-પરાજયનો આધાર રહેશે. બંને મુખ્ય પક્ષોમાંથી વર્તમાન સભ્યો ઉપરાંત અન્ય પણ કેટલાક દાવેદારો ચૂંટણી લડવાનો દાવો કરવા અને દાણો દબાવવા ચોપાટ કરવાનું શરૂ કરે તેવી શક્યતા છે. ભાજપના પ્રદેશ પ્રમુખ નો-રિપીટ થિયરી રાજકોટમાં લાગુ થાય છે કે કેમ એ વિશે પણ રાજકીય વિશ્લેષકો રસપ્રદ ચર્ચા કરી રહ્યા છે. કોંગ્રેસની છાવણીની વાત કરીએ તો તેને ચિંતા 'આપ'ના ઉમેદવારો તેના ઓછામાં ઓછા મત તોડે એ દિશામાં રહેશે એ નક્કી માનવામાં આવે છે. કેમકે આપની એન્ટ્રીથી કોંગ્રેસનું કામ વધુ મુશ્કેલ અને પડકારરૂપ બન્યું છે. હવે માત્ર જોવાનું રહે છે કે, ભાજપ અને કોંગ્રેસ બંને વર્તમાન નામો પર ભરોસો મુકશે કે નવા રાજકીય હવામાનને ધ્યાનમાં લઇ કોરીપાટીને મેદાનમાં ઉતારશે કે કેમ એ આવનારા દિવસોમાં સ્પષ્ટ થઇ જશે.(૨.૧૨)

**ભાજપ પ્રદેશ પ્રમુખ નો-રીપીટ થીયરી રાજકોટમાં લાગુ કરશે કે કેમ?**

### ગુજરાતના જવેલર્સ માટે બુલિયન એક્ષચેન્જ ખૂબ જ મહત્વપૂર્ણ

## ગાંધીનગર ગીફ્ટ સિટીમાં ગોલ્ડ વેપાર અને ફ્યુચર ટ્રેનીંગ માટે વધુ સવલતો ઉપલબ્ધ

### દેશના પ્રથમ આઈઆઈબીએક્ષને કારણે કસ્ટમ ક્લીયરન્સના ૪ કલાકમાં જ અમદાવાદમાં સોનાની ડીલેવરી મળી જશે

(એજન્સી સમાચાર)
ગાંધીનગર, તા.૨

૨૯ જુલાઈના ગાંધીનગર ગિફ્ટ સિટી ખાતે દેશના પ્રથમ ઇન્ડિયા ઇન્ટરનેશનલ બુલીયન એક્સચેન્જ (IIBX) તેમજ NSC IFSC-SGX કનેક્ટને વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા લોન્ચ કરવામાં આવ્યા હતા. તેના લીધે હવે બુલીયન ટ્રેડીંગ અને ફ્યુચર ટ્રેડીંગમાં વધુ સવલતો મળી શકશે. ભારતને સોનાના વૈશ્વિક ટ્રેડીંગ બજારમાં એક પ્રભાવી દેશ તરીકે પ્રસ્થાપિત કરવાની દિશામાં આ IIBXએક મહત્વપૂર્ણ નિર્ણય છે અને ગુજરાતના જ્વેલર્સ માટે આ એક્સચેન્જ અત્યંત મહત્વપૂર્ણ બની રહેવાનું છે.

IIBXના એમડી અને સીઈઓ અશોક ગૌતમે જણાવ્યું, આ એક્સચેન્જના લીધે હવે રાજ્યમાં જ ત્રણ વોલ્ટ બનાવવામાં આવ્યા છે. તેનાથી સોનાની ડિલીવરી લેવા માંગતા ક્વોલિફાચ્ડ જ્વેલર્સને સાવ ઓછી સમયમર્યાદામાં ગોલ્ડ મળી જશે. કસ્ટમ કિલયરન્સ થયાના ચાર કલાકમાં અમદાવાદમાં ગોલ્ડ ડિલીવરી મળી જશે તેવી વ્યવસ્થા છે.

(અનુ.પાના નં.૪ ઉપર)

## અમેરિકાના ડ્રોન હુમલામાં અલકાયદાનો વડો ઝવાહિરી ઠાર મરાયો

(એજન્સી સમાચાર)
વોશિંગ્ટન, તા.૨

ન્યુયોર્કમાં ૧૧ સપ્ટેમ્બર ૨૦૦૧ના ભયાનક આતંકવાદી હુમલાનો મુખ્ય સુત્રધાર અને સૌથી ખૂંખાર મોસ્ટ વોન્ટેડ ત્રાસવાદી અલકાયદાનાં વડા અયમાન અલઝવાહીરીને ગયા સપ્તાહે ઠાર કરવામાં અમેરિકાને સફળતા મળી છે. અમેરિકી પ્રમુખ જો.બાઈડને ખૂદ જાહેર કર્યું હતું કે, અફઘાનિસ્તાનના પાટનગર કાબુલમાં અમેરિકાએ ચોક્કસ બાતમીને આધારે ડ્રોનથી ઝવાહિરીને ઠાર માર્યો છે. ૯/૧૧ હુમલામાં માર્યા ગયેલા ત્રણ હજાર અમેરિકીઓને ન્યાય મળ્યો છે. બાઈડને રાષ્ટ્રજોગ પ્રવચનમાં કહ્યું હતું કે, અમેરિકાની કાર્યવાહીમાં કોઈ નાગરિકની જાનહાની થઇ નથી અને ઝવાહિરીને ઠાર મારવામાં આવ્યો છે. અમેરિકા તેના નાગરિકોનું રક્ષણ કરવાની ક્ષમતા ધરાવે છે અને સંકલ્પબધ્ધ છે. અમને નુકશાન કરનારા જ્યાં છૂપાયેલા હશે ત્યાંથી અમે શોધી કાઢશું ભલે ગમે તેટલો સમય લાગે પણ અમે છોડશું નહીં.(૨.૧૨)

### હવામાન ખાતાની આગાહી

## ઓગસ્ટ-સપ્ટેમ્બરમાં વરસાદ 'નોર્મલ' રહેશે

### સૌરાષ્ટ્ર–કચ્છમાં ૫૧ ટકા અને ગુજરાતમાં ૩૪ ટકા વધુ વરસાદ

(એજન્સી સમાચાર)
નવી દિલ્હી,તા. ૨

ગુજરાત સહિત દેશના મોટાભાગના રાજ્યોમાં જુલાઈ મહિનામાં વરસાદની રેલમછેલ સર્જાયા બાદ હવે ઓગસ્ટ-સપ્ટેમ્બરના ચોમાસાના બાકીના બે મહિનાઓમાં વરસાદ નોર્મલ જ પડશે અને સરેરાશ જેટલું જ પાણી વરસશે તેવી આગાહી ભારતીય હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

દેશમાં જુલાઈ મહિનામાં સામાન્યથી વધુ વરસાદ પડ્યા બાદ ઓગસ્ટ અને સપ્ટેમ્બર મહિનામાં સરેરાશ સામાન્ય જેટલો વરસાદ પડશે તેમ ભારતીય હવામાન ખાતાએ ચોમાસાના બાકીના બે મહિના માટેની આગાહી કરતાં જણાવ્યું હતું.

ભારતીય હવામાન ખાતાનાં ડિરેક્ટર જનરલ મૃત્યુંજય મોહાપાત્રાએ જણાવ્યું હતું કે, દેશમાં મોટા ભાગના વિસ્તારમાં સામાન્ય વરસાદ પડશે, પરંતુ ડાંગર ઉત્પાદક વિસ્તારો-પૂર્વ ભારતમાં સામાન્યથી ઓછો વરસાદ પડે તેવી સંભાવના છે.

દેશમાં ડાંગરનું સૌથી વધુ વાવેતર બિહાર, ઝારખંડ અને પશ્ચિમ બંગાળ અને ઉત્તરપ્રદેશમાં કેટલાક વિસ્તારમાં થાય છે. જ્યાં ૪૮ ટકા જેટલી વરસાદની ખાધ છે જેને પગલે ડાંગરના વાવેતરમાં આ વર્ષે ૧૩ ટકાનો ઘટાડો થયો છે.

મોહાપાત્રાએ જણાવ્યું હતું કે, દેશમાં ચોમાસાના પહેલા મહિના એટલે કે જૂનમાં સામાન્યથી આઠ ટકા ઓછો વરસાદ પડ્યો હતો,

(અનુ.પાના નં.૪ ઉપર)

### દિલ્હીમાં કેજરીવાલ સરકારની વાલીઓને મોટી ભેટ

## દિલ્હીમાં બાળકોને સ્કૂલમાં ભણતા જોઈ શકશે માતા-પિતા

(એજન્સી સમાચાર)
નવી દિલ્હી,તા.૨

હવે ટૂંક સમયમાં વાલીઓ તેમના મોબાઈલ પર શાળામાં તેમના બાળકની ગતિવિધિઓ જોઈ શકશે. દિલ્હી સરકાર આવતા મહિનાથી તમામ સરકારી શાળાઓમાં આ સિસ્ટમ શરૂ કરવા જઈ રહી છે.

સરકારની સૂચનાથી શાળાઓએ આ યોજના પર કામ કરી રહેલા જાહેર બાંધકામ વિભાગને વાલીઓનો ડેટા આપવાનુ શરૂ કરી દીધું છે. અડધી જેટલી શાળાઓનો ડેટા વિભાગને મળી ગયો છે. સલામતી ખાતર વાલીઓ પાસેથી લેખિતમાં લેવામાં આવી રહ્યુ છે કે શાળામાં ભણતા બાળકોને જોવા માટે જે સુવિધા આપવામાં આવી રહી છે તેનો તેઓ દુરૂપયોગ નહીં કરે. લોક નિર્માણ વિભાગે સિસ્ટમમાં ડેટા લોડ કરવાનું શરૂ કરી દીધું છે. આ કામ આગામી થોડા દિવસોમાં પૂર્ણ થઈ જશે. આ વ્યવસ્થા બે વર્ષથી તૈયાર છે પરંતુ કોરોનાને કારણે શરૂ થઈ શકી નથી. યોજના મુજબ ટ્રાયલ પૂર્ણ થયા પછી દિલ્હીની સરકારી શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોના માતા-પિતા હવે શાળામાં અભ્યાસ કરતી વખતે ઓગસ્ટથી નિયમિતપણે તેમના બાળકોને તેમના મોબાઇલ પર જોઈ શકશે. લોક નિર્માણ વિભાગે ૫૭૪ શાળાની ઇમારતોમાં ૧૦૫૭૯૭ સીસીટીવી કેમેરા લગાવ્યા છે. બાંધકામની કામગીરી પૂર્ણ થતાં જ બાકીની ૧૫૪ શાળાઓમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવશે. ઉનાળુ વેકેશન બાદ જુલાઈથી આ સુવિધા ગોઠવવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. વર્ષ ૨૦૧૯માં દિલ્હી સરકારે વિદ્યાર્થીઓની સલામતી માટે ૫૯૭ કરોડ રૂપિયાના ખર્ચે તેમની તમામ ૭૨૮ શાળા બિલ્ડીંગોમાં ૧,૪૬,૮૦૦ સીસીટીવી કેમેરા

(અનુ.પાના નં.૪ ઉપર)

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
–ઃશ્રદ્ધાંજલિની જાહેર ખબરઃ–
ફિક્સ સાઈઝ
(અંદરના પાને)
6 x 2.5: 200 Rs.
+5%GST
ફિક્સ સાઇઝથી વધુ સાઇઝની જાહેરાત આપવા ૬૦રૂ.(Per C.C) ચાર્જ થશે
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

## વેઈટલિફિટંગમાં હરજિન્દરને બ્રોન્ઝઃ કોમનવેલ્થમાં ભારતે જીત્યા ૯ મેડલ



### આજના દિવસ સુધીમાં આપણે ૩ ગોલ્ડ, ૩ સિલ્વર અને ૩ બ્રોન્ઝ જીત્યાઃ કોમનવેલ્થ ગેમ્સમાં ઓસ્ટ્રેલીયા ટોચના સ્થાને, ભારત છઠ્ઠા ક્રમે

(એજન્સી સમાચાર)
નવી દિલ્હી, તા.૨

કોમનવેલ્થ ગેમ્સમાં વેઈટલિફ્ટરોનો દબદબો યથાવત છે. હરજિંદર કૌરએ બ્રોન્ઝ જીત્યો છે. આ સાથે ભારતના ખાતામાં કુલ ૯ મેડલ થઈ ગયા છે. જયારે લોન બોલ અને બેડમીન્ટન મિક્સ્ડમાં આપણા મેડલ પાકા થઈ ગયા છે. ભારત ૩ ગોલ્ડ, ૩ સિલ્વર અને ૩ બ્રોન્ઝ સાથે છઠ્ઠા સ્થાને છે જયારે ઓસ્ટ્રેલીયા ટોચ ઉપર છે.

કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૨ને ચાર દિવસ થઇ ગયા છે. ઘણી ઈવેન્ટ્સ પુરી થઇ ગઇ છે અને ડઝનેક મેડલ પણ ખેલાડીઓએ પોતાના નામે કરી લીધા છે. હજુ પણ મેડલ ટેબલમાં બહુ ફેરફાર થયો નથી. પ્રથમ દિવસની જેમ ચોથા દિવસે પણ ઓસ્ટ્રેલિયા ટોચ પર છે અને મેડલની સંખ્યા ઝડપથી વધી રહી છે. આ સાથે જ ચોથો દિવસ પણ ભારત માટે મેડલ લઈને આવ્યો. જો કે ઘણા મેડલ નથી આવ્યા. પરંતુ બીજા કેટલાક મેડલ પર ભારતનું નામ ચોકકસથી પાકું થયું. ચોથા દિવસ બાદ પણ ભારત છઠ્ઠા સ્થાને યથાવત છે. વેટલિફ્ટિંગમાંથી મેડલ આવ્યો હતો. હરજિન્દર કૌરે મહિલાઓની ૭૧ કિગ્રા વર્ગમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. આ રીતે ભારતે વેઈટલિફ્ટિંગમાં બીજો બ્રોન્ઝ અને ઓવરઓલ ૭મો મેડલ જીત્યો હતો. ભારતની મેડલ ટેલીમાં પહેલીવાર વિવિધતા જોવા મળી હતી અને તેનું કારણ જુડો હતું. આવી રમતમાં જેમાં ભારતની ઓળખ નજીવી છે અને જેમાં ભારતને વધુ સફળતા મળી નથી. ભારતે એક જ દિવસમાં બે મેડલ જીત્યા. ૨૦૧૪માં ભારત માટે પહેલીવાર જુડો સિલ્વર જીતનાર સુશીલા દેવીએ ફરી પોતાની કુશળતા બતાવી અને વધુ એક સિલ્વર મેડલ જીતીને ઈતિહાસ રચ્યો હતો.

તેના સિવાય વિજય કુમાર યાદવે રેપચેજ દ્વારા બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. આ રીતે ભારત ૩ ગોલ્ડ, ૩ સિલ્વર, ૩ બ્રોન્ઝ સાથે કુલ ૯ મેડલ મેળવી છઠ્ઠા સ્થાને બીરાજમાન છે. ભારત આજે લોન બોલ, બેડમિન્ટન મિક્સ ટીમ અને ટેબલ ટેનિસની પુરૂષ ટીમની ફાઇનલમાં ગોલ્ડ મેળવવાની આશા રાખશે. તો બીજી તરફ વેટલિફ્ટિંગ સહિત અન્ય ઇવેન્ટમાં મેડલની સંભાવના છે. જેથી પરિસ્થિતિમાં વધુ સુધારો થઈ શકે.(૯)

સૌરાષ્ટ્ર તેમજ દક્ષીણ ગુજરાતનાં સમાચારો મેળવવા માટે આજે જ તમારા મોબાઈલમાં અમારી Sk News એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો.. તેમજ સૌરાષ્ટ્ર ક્રાંતી ન્યૂઝ પેપરની વેબસાઈટ પર જઈને પણ ન્યૂઝ મેળવી શકો છો.

GET IT ON Google Play | SK NEWS | સૌરાષ્ટ્ર ક્રાંતિ NEWS

www.saurashtrakranti.com

# મોભો એ જ, માધ્યમ નવું

## યુ ટ્યુબના માધ્યમથી સૌરાષ્ટ્ર ક્રાંતી આપશે આપની સમસ્યાને વાચા




આજે જ સૌરાષ્ટ્ર ક્રાંતીની યુ ટ્યુબ ચેનલને સબસ્ક્રાઈબ કરો અને સમાચાર મેળવો

SUBSCRIBE TO OUR CHANNEL
SAURASHTRA KRANTI

@saurashtrakranti/ saurashtrakrant
SAURASHTRAKRANTI SAURASHTRAKRANTI

Web: www.saurashtrakranti.com

સૌરાષ્ટ્ર ક્રાંતિ સાંધ્ય દૈનિક

WhatsApp કરો

તમારા ન્યુઝને

'સૌરાષ્ટ્ર ક્રાંતિ'માં જર્નાલિસ્ટ બની તમે પણ ગર્વ અનુભવો

તમારી આસપાસ બનતી કોઇ પણ ઘટના,સમાચાર,સમસ્યા કે તસ્વીરોને અમારા સુધી પહોંચાડો.

કોઈપણ ઘટના કે સમાચારની વિગત

93276 28571 ઉપર Whats App કરો

email: saurashtrakranti@gmail.com
web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતિ સાંધ્ય દૈનિક

# ક્લાસિફાઈડ

પ્રોપર્ટી, લગ્ન, નોકરી, શૌક્ષણીક, ઔષધ,યાત્રાપ્રવાસ, ધંધાદારી, વ્યવસાયલક્ષી, વાહનબજાર

જાહેરાત માટે સંપર્ક કરો:
90333 44426




આ પેજ પર આપની જાહેરાત નજીવા દરે આપવા માટે **94097 57062** પર ફોન કરો અથવા મેસેજ કરો.

### વોર્ડ નં.૧૬માં દેવપરા વિસ્તારમાં વિરોધ પ્રદર્શન કરાશે

# લોકસંસદ વિચાર મંચ દ્વારા મોંઘવારીના વિરોધમાં કાલે રોષભેર ધરણા





**મનઘડત રીતે જીએસટી વસુલીને સરકાર પોતાની તિજોરી ભરવા માટે પ્રજાના ખિસ્સા ખાલી કરી રહ્યાનો આક્રોશ**

**લોકશાહી ઢબે આંદોલન કરવાની મંજૂરી પોલીસે દોઢ મહિનો નહીં આપીને બંધારણીય અધિકારનું ઉલ્લંઘન કર્યાનો આક્ષેપ**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨

રાજકોટમાં લોકસંદ વિચારમંચ દ્વારા કાળાઝાળ મોઘવારીના વિરોધમાં આવતીકાલે વોર્ડ નં.૧૬માં રોષભેર ધરણાં સાથે વિરોધ પ્રદર્શન કરવામાં આવશે.

લોકસંસદ વિચારમંચના અગ્રણી ગજેન્દ્રસિંહ ઝાલા, દિલીપભાઈ આસવાણી, એડવોકેટ ઈન્દુભા રાઓલ, નટુભા ઝાલા, ચંદ્રેશભાઈ રાઠોડ, સતિષભાઈ માણેક, ભાવેશભાઈ પટેલ, પ્રવિણભાઈ લાખાણી, રમેશભાઈ તલાટીયા, સરલાબેન પાટડીયા વગેરેએ આક્ષેપ કર્યો છે કે, લોકશાહી ઢબે આંદોલન કરવાની મંજૂરી પોલીસે દોઢ મહિનો નહીં આપીને અમારા બંધારણીય અધિકારનું ઉલ્લંઘન કર્યું છે. અંતે ગાંધીનગર સુધી ફરિયાદ કરતા પોલીસે મંજૂરી આપવી પડી છે.

તેઓએ વધુમાં જણાવ્યું છે કે, રાજ્ય અને કેન્દ્ર સરકાર મોંઘવારીને ડામવામાં સદંતર ફ્લોપ પુરવાર થઇ છે. કાળઝાળ મોંઘવારીથી ગૃહિણીનું બજેટ ખોરવાયું છે. ઘરેલું રાંધણગેસનો બાટલો, સિંગતેલ, પેટ્રોલ-ડીઝલ, તમામ કઠોળ, દૂધ, દહીં, શાકભાજી, કેળા, સીએનજી સહિતની આવશ્યક તમામ ચીજ-વસ્તુઓમાં સમયાંતરે થયેલા તોતિંગ વધારાને પગલે આપઘાતનું પ્રમાણ ખાસ્સું વધી જવા પામેલ છે. 'અચ્છે દિન'નું સ્વપન છેતરામણું સાબિત થયું છે. કાળઝાળ મોંઘવારીમાં આમ પ્રજાને રાહત આપવાને બદલે જીએસટી લઈને સરકાર પોતાની તિજોરી ભરી પ્રજાના ખિસ્સા ખાલી કરી રહી છે. મોંઘવારીને ડામવા અંગેનું સરકારનું કોઈ આયોજન ન હોય, અસરકારક પગલા ન ભરવાને કારણે મોંઘવારી બેકાબુ બની છે.

અગાઉ વોર્ડ.૧૪ અને વોર્ડ નં.૩માં મોંઘવારી ડામવા મુદ્દે ધરણા સફળતાપૂર્વક કરાયા બાદ લોકસંસદ વિચારમંચ દ્વારા વોર્ડ નં.૧૬માં આવતીકાલને બુધવારે સાંજે ૬:૩૦ થી ૮ સુધી ધરણા યોજાશે. મોંઘવારી મુદ્દે ભરઉંઘમાં રહેલી સરકારને જગાડવા માટેના ધરણાના કાર્યક્રમમાં દેવપરા, એકોર્ડ મોલ પાસે આમ પ્રજાને જોડાવા આગેવાનોએ અપીલ કરી છે.

લોકસંસદ વિચારમંચના સતિલભાઈ માણેકે અંતમાં જણાવ્યું છે કે, તા.૧૯/૭ થી માંગેલી મંજૂરીમાં અંતે દેવપરા ખાતે તા.૩/૮ નાં ધરણા કરવા અંગે હા પાડવાની પોલીસને ફરજ પડી છે. જેથી લોકશાહી ઢબે શાંતિપૂર્ણ વિરોધ ધરણા પ્રદર્શન કરવામાં આવશે.

## મનપાની વિવિધ કેડરની ભરતીમાં ઉતીણ થયેલ ઉમેદવારોના ડોક્યુમેન્ટ વેરિફિકેશનનું આયોજન



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨

રાજકોટ મહાનગરપાલિકામાં ગત તા.૦૮/૦૫/૨૦૨૨ અને તા.૧૫/૦૫/૨૦૨૨ નાયબ કાર્યપાલક ઈજનેર (સિવિલ), આસિસ્ટન્ટ એન્જીનિયર (સિવિલ), એડિશનલ આસીસ્ટન્ટ એન્જીનિયર (સિવિલ), વર્ક આસિસ્ટન્ટ (સિવિલ), એકાઉન્ટ ક્લાર્ક, ડેપ્યુટી ચીફ એકાઉન્ટન્ટ, આસિસ્ટન્ટ એન્જીનિયર (મિકેનિકલ), વર્ક આસિસ્ટન્ટ (ઈલેક્ટ્રીકલ) અને સર્વેયરની જગ્યાઓ ભરવા માટે લેખિત પરીક્ષાનું આયોજન કરવામાં આવેલ.

ઉક્ત પરીક્ષામાં ઉતીર્ણ થયેલ ઉમેદવારોમાં મેરીટમાં અગ્રતાક્રમે આવતા ઉમેદવારોના ડોક્યુમેન્ટ વેરિફિકેશન પ્રક્રિયાનું આયોજન તા.૧ થી તા.૪ ઓગસ્ટ દરમ્યાન કરવામાં આવેલ. જેમાં આજે મહેકમ શાખા ખાતે ડેપ્યુટી ચીફ એકાઉન્ટન્ટ, આસિસ્ટન્ટ એન્જીનિયર (સિવિલ), વર્ક આસિસ્ટન્ટ (ઈલેક્ટ્રીકલ) અને સર્વેયરની જગ્યા માટે ડોક્યુમેન્ટ વેરિફિકેશનની પ્રક્રિયાનું આયોજન કરવામાં આવેલ. આ પ્રક્રિયામાં ઉમેદવારો ને કોઇ અગવડ ન પડે તથા ડોક્યુમેન્ટ વેરિફિકેશન પ્રક્રિયાનું આયોજન વ્યવસ્થિત અને સુચારૂ રૂપે પૂર્ણ થાય તે અંતર્ગત મહેકમ શાખાના તમામ કર્મચારીઓ પણ આ પ્રક્રિયામાં કાર્યરત રહેલ. તા.૩ ઓગસ્ટના રોજ એડિશનલ આસિસ્ટન્ટ એન્જીનિયર (સિવિલ) ની જગ્યા માટેનું ડોક્યુમેન્ટ વેરિફિકેશન મહેકમ શાખા ખાતે યોજવામાં આવેલ છે.

**આ મહિને જ લોકોને ઈન્ટરનેટની મળશે 'બંબાટ'સ્પીડઃ રિલાયન્સ જિયો 5G નેટવર્કનું ૧૫ ઑગસ્ટે લોન્ચીંગ કરી શકે**

## છેતરપીંડી આચરવાના ગુનામાં આરોપીની જામીન અરજી રદ્



એડવોકેટઃ મુકેશભાઈ પીપળીયા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨

રિલાયન્સ પ્રાઈવેટ લિમિટેડ સાથે રૂપિયા એક કરોડની છેતરપીંડી કરવાના ગુનામાં જેલ હવાલે રહેલા બે શખ્સોની અદાલતે જામીન અરજી ફગાવી દીધી છે. વધુ વિગત મુજબ રિલાયન્સ પ્રાઈવેટ લિમિટેડ કંપની દ્વારા રાજકોટના મવડી પ્લોટમાં રહેતા મયુર અશોક કીકાણી અને સંદીપ મનુ સાવલિયાએ ૧ કરોડની ઠગાઈ કર્યાની સીઆઈડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી હતી જે ગુનાના કામે સીઆઈડી ક્રાઇમ એ બંને શખ્સોની ધરપકડ કરી તપાસ પૂર્ણ થતા જેલ હવાલે કર્યા હતા. હાલ જેલ હવાલે રહેલા બંને શખ્સોએ જામીન પર છૂટવા અદાલતમાં અરજી કરી.જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ સરકાર પક્ષે એપીપી મુકેશભાઈ પીપળીયા હાજર રહી જામીન અરજીનો વિરોધ કરી આરોપીને રિલાયન્સ કંપની માથી બિલની રકમ મળી ગયા હોવા છતાં તે જ બિલની રકમ ફરી વસૂલ કરી રિલાયન્સ કંપનીને રૂપિયા એક કરોડનું નુકસાન કરેલ છે. તેમજ બંને શખ્સોની આગોતરા જામીન અરજી અદાલત દ્વારા નામંજૂર કરવામાં આવી છે જો જમીન આપવામાં આવશે આર્થિક ગુનાઓનું પ્રમાણ વધશે તેમજ હાઇકોર્ટ અને સુપ્રીમ કોર્ટના ટાંકેલા ચુકાદાઓ ધ્યાને લઈ જજ એસ.વી. શર્માએ બંને શખ્સોની જામીન અરજી ફગાવી દીધી છે. આ કામે સરકાર તરફે સરકારી વકીલ મુકેશભાઈ પીપળીયા ઉપસ્થિત રહ્યા હતા.

## રાજકોટ કલેકટર કચેરીમાં વકીલોને બેસવા માટે ખાસ રૂમ ફાળવવા પૂર્વ બાર પ્રમુખની રજૂઆત

### લીગલ સેલના કન્વીનરો, કારોબારી સભ્ય સહિતના વરિષ્ઠ ધારાશાસ્ત્રીઓ દ્વારા રજૂઆતને સમર્થન

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨

રાજકોટ કલેકટર કચેરી ખાતે ચાલતા વિવિધ કેસો માટે આવતા શહેર તેમજ બહાર ગામના વકીલોને બેસવાની વ્યવસ્થા માટે ખાસ રૂમ ફાળવવા રાજકોટ બાર એસોસિયેશના પૂર્વ પ્રમુખ અને સૌરાષ્ટ્ર કચ્છ લોયર્સ ફેડરેશનના ચેરમેન બકુલ રાજાણી, લીગલ સેલના કન્વીનર અંશ ભારદ્વાજ વગેરેએ જિલ્લા કલેકટર અરૂણ મહેશ બાબુ સમક્ષ રજૂઆત કરતા તેમણે યોગ્ય કરવાની ખાતરી આપી હતી.

આ રજૂઆતમાં ભાજપ પર લીગલ સેલના કન્વીનર અંશ ભારદ્વાજ, સહકન્વીનર સીએચ પટેલ, પ્રદેશ કારોબારી સભ્ય હિતેશભાઈ દવે, બાર કાઉન્સિલ ઓફ ઇન્ડિયાના મેમ્બર દિલીપભાઈ પટેલ તેમજ અગ્રણી વકીલો શ્યામલભાઈ સોનપાલ યોગેશ ઉદાણી રાજેશ મહેતા રાજેન્દ્રસિંહ ગોહિલ સી પી પરમાર ઝાલા જનકભાઈ પંડ્યા વગેરેએ રોયલ્સ ફેડરેશનના ચેરમેન બકુલ રાજાની ને આ બાબતે રજૂઆત કરી હતી જે અનુસંધાને બકુલ રાજાણીએ કલેકટર અરૂણ મહેશ બાબુ સમક્ષ રજૂઆતમાં જણાવ્યું હતું કે, રાજકોટ કલેકટર કચેરીમાં અનેક કેસો ચાલતા હોય રાજકોટ સહિત આસપાસના ગામોના વકીલોને બેસવાની વ્યવસ્થા હાલ ન હોવાથી વકીલોને કલાકો સુધી ઉભા રહેવું પડે છે. વકીલોના હિત માટે બેસવાની જગ્યા માટે રૂમ ફાળવવા તેમજ વકીલોનો કેસ માટે વારો હોય ત્યાં સુધી ઉભા રહેવાને બદલે બેસીને પોતાના કેસની રાહ જોઈ શકે ખાસ રૂમ જરૂરી હોવાનું જણાવ્યું હતું તેમજ જે તે વકીલનો વારો આવે ત્યારે તેને રૂમમાંથી બોલાવવા માટે ખાસ વ્યવસ્થા ગોઠવવા પણ રજૂઆત કરી હતી.

આ રજૂઆતોને ધ્યાને લઈને કલેક્ટર અરૂણ મહેશ બાબુએ યોગ્ય નિર્ણય લેવાની ખાતરી આપી હતી. આ રજૂઆતમાં લોયર ફેડરેશનના એડવોકેટ કૈલાશ સાવંત, સંદીપ જેઠવા શૈલેષ ગોંડલીયા હેમાંગ જાની મિલન પરમાર ભાવેશ હાપલીયા મુકેશ ભટ્ટી પણ રોકાયા હતા.

**પશુ ચિકિત્સા અધિકારી, પશુધન નિરીક્ષક, ડ્રેસરની જગ્યાઓ ત્વરિત ભરવા મુખ્યમંત્રીને વિનંતી કરતા મિત્તલ ખેતાણી**

## જન્માષ્ટમીની રથયાત્રા માટે ટ્રાન્સપોર્ટરો વાહન ફાળવશે


### વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા ટ્રાન્સપોર્ટ એસોસિએશનની બેઠક યોજીને લેવાયેલો નિર્ણય

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨

વિ.હિ.પ. પ્રેરીત જન્માષ્ટમી મહોત્સવ સમિતિ દ્વારા છેલ્લા ૩૫ વર્ષાથી ધર્મયાત્રા (રથયાત્રા)નું આયોજન થાય છે. આ વર્ષની ધર્મયાત્રા ૩૬માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહી છે. તે અંતર્ગત તૈયારીના ભાગરૂપે રાજકોટ ગુડઝ ટ્રાન્સપોર્ટ એસોસિએશનની એક અગત્યની મિટિંગ મળી હતી. શોભાયાત્રા નિમિતે ઉપસ્થિત દરેક ટ્રાન્સપોર્ટ માલીકોએ પુરેપુરો સહકાર આપવાની અને તન-મન-ધનથી કાનાના જન્મને વધાવવા સાથે હોવાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો. વર્ષોથી ટ્રાન્સપોર્ટ એસો. દ્વારા જન્માષ્ટમી શોભાયાત્રા નિમિતે નાના વાહનોથી લઈ મોટા ટ્રક સુધી જયારે પણ કંઈ પરિવહન કરવાનું થાય ત્યારે નિઃશુલ્ક વાહનોની વ્યવસ્થા કરી આપવામાં આવે છે. ચાલુ વર્ષે પણ ટ્રાન્સપોર્ટરો દ્વારા વાહનો ફાળવીને તેમાં ડીઝલ, ડ્રાઈવર, સફાઈ, રીપેરીંગ, રંગ-રોગાન કરવા સુધીનો તમામ ખર્ચ પણ પોતે ભોગવી લેશે. આમે શોભાયાત્રાને સફળ બનાવવામાં સિંહફાળો રહેશે.

જન્માષ્ટમી શોભાયાત્રા સમિતિનાં કાર્યાલય ખાતે યોજાઈ ગયેલ મિટિંગમાં દરેક ટ્રાન્સપોર્ટરોએ દર વર્ષની માફક આ વખતે પણ જેટલી જરૂર હોય તેટલા વાહનો પુરા પાડવાની નેમ કરી છે. જેથી જન્માષ્ટમી શોભાયાત્રા માટે ઘણા વર્ષોથી વિનામૂલ્યે તમામ પ્રકારના નાના-મોટા વાહનો અને ડ્રાઈવર-ઈંધણ-રંગ-રોગાન-રીપેરીંગ સહિતના ખર્ચ પણ ભોગવતા તમામ ટ્રાન્સપોર્ટરોનો વિ.હિ.પ. પ્રેરીત જન્માષ્ટમી મહોત્સવ સમિતિના તમામ હોદેદારો દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. તેમ જણાવ્યું છે.

## AMBERY શ્રી અંબા જ્વેલર્સનો રાજકોટમાં શુભારંભ




**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨

જીતભાઇ બલવંતભાઇ ફિચડિયા દ્વારા માનવંતા ગ્રાહકોના સાથ સહકાર તેમજ સ્નેહીઓના આશીર્વાદ થી અમો અમારા નવા શોરૂમ શ્રી અંબા જ્વેલર્સનું પેલેસ રોડ રાજકોટ ખાતે શુભારંભ કરાયો છે.

શ્રી અંબા જ્વેલર્સમાં ગોલ્ડમાં રોઝગોલ્ડ, બ્રાન્ડેડ ડાઈમંડ જ્વેલરી, ૯૨.૫ સિલ્વર ઈટાલીયન જ્વેલરી, સિલ્વર, એન્ટિક જ્વેલરી, ગિફ્ટ આર્ટિકલમાં પ્રીમિયમ અને એન્ટિક ડીઝાઇન મળશે. તેમ જણાવ્યું છે.

## શ્રી સીતાજી ટાઉનશીપમાં 'દેશ કે બહાદુર જવાનો કે નામ' વિષય પર પત્રલેખન કાર્યક્રમ યોજાયો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨



આઝાદી કા અમૃત મહોત્સવના ભાગ રૂપે બોર્ડર પર ફરજ નિભાવી રહેલ બહાદુર સૈનિકોના ઉત્સાહને વધારવા માટે ગઇકાલ તા. ૧ ઓગસ્ટના રોજ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત બનાવવામાં આવેલ શ્રી સીતાજી ટાઉનશીપમાં દેશ કે બહાદુર જવાનો કે નામ વિષય પર પત્રલેખનનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં આવાસ યોજનાના લાભાર્થીઓ દ્વારા ઉત્સાહભેર ભાગ લઈને આ આયોજનને સફળ બનાવવામાં મદદરૂપ થયેલ. આયોજનના અંતે બાળકોને પ્રોત્સાહનરૂપે ભેટ આપવામાં આવેલ.

આઝાદી કા અમૃત મહોત્સવ પ્રગતિશીલ ભારતની આઝાદીના ૭૫ વર્ષ અને તેના લોકો, સંસ્કૃતિ અને સિદ્ધિઓની ભવ્ય ઇતિહાસની ઉજવણી માટે ભારત સરકારની એક પહેલ છે. આપણા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં, આઝાદીના અમૃત મહોત્સવ તરીકે ૧૨ માર્ચ ૨૦૨૧ ના રોજ શરૂ કરવામાં આવી હતી. આઝાદીનો અમૃત મહોત્સવ સ્વતંત્રતા સંગ્રામની સાથે સાથે સ્વતંત્ર ભારતના સપના અને કર્તવ્યને દેશની સામે રાખીને આગળ વધવાની પ્રેરણા આપશે. (૧૩)

## ગ્લોબલ આયુર્વેદ ઈન્સ્ટિટ્યૂટના વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય કક્ષાની આર્યુગ્રામ-૨૦૨૨ સ્પર્ધામાં જોડાયા





**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨

આમાસ આયુર્વેદ દ્વારા આર્યગ્રામ -૨૦૨૨ નામે રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા યોજાયેલ છે. જેમાં પી. જે. માંગરોળીયા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત ગ્લોબલ ઇન્સ્ટિટયૂટ ઓફ આયુર્વેદ-ત્રંબા, રાજકોટના વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ છે.

ચરક જયંતિ નિમિત્તે યોજાયેલ આ કાર્યક્રમનો મુખ્ય હેતુ- ' Reach Ayurveda To Each ' છે. જેના અંતર્ગત વિદ્યાર્થીઓએ કણકોટ ગામમાં સાત દિવસ દરમિયાન જુદી-જુદી પ્રવૃત્તિઓ દ્વારા દિનચર્યા, ઋતુચર્યા, પથ્ય-પથ્ય, આયુર્વેદની વિવિધ શાખાઓ, આયુર્વેદિક ઔષધી વગેરેની માહિતી આપી અને ગ્રામજનોનું ભારતની પ્રાચીન ચિકિત્સા પદ્ધતિ તરફ ધ્યાન દોર્યું હતુ. તે ઉપરાંત નિઃ શુલ્ક સર્વ રોગ નિદાન કેમ્પ યોજવામાં આવ્યો જે અંતર્ગત ગ્લોબલ આયુર્વેદ હોસ્પિટલના નિષ્ણાંતો વૈદ્ય અલ્પેશ સોરઠીયા (કાયચિકિત્સા), વૈદ્ય વિધિ પટેલ (કાયચિકિત્સા), વૈદ્ય કનન એસ (શાલાક્ય), વૈદ્ય દિવ્યા ટી (કૌમારભૃત્ય) દ્વારા ૯૦ થી વધારે લોકોને સારવાર તેમજ નિઃ શુલ્ક દવાઓનું વિતરણ કરવામાં આવ્યું. સાથે સાથે આઠ વર્ષથી ઓછી વયના બાળકોમાં સુવર્ણપ્રાશન કરવામાં આવ્યું હતું.

**નિઃશુલ્ક આયુર્વેદ નિદાન કેમ્પ પણ યોજીને ૯૦ લોકોને કરાયું દવા વિતરણ**

## કચ્છમાં ૧૮મીથી આત્મ જાગૃતિ શિબિર

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨

રળિયામણા પ્રદેશ કચ્છની ધરા પર પુણ્યવંતા પુનડી ગામમાં આરોગ્યધામમાં ચાતુર્માસ કલ્પ પધારેલા રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના સાંનિધ્ય તા.૧૮ થી તા.૨૧મી સુધી ત્રિ-દિવસીય નઆત્મ જાગૃતિ શિબિરનું આયોજન સમગ્ર ભારત તેમજ વિશેષરૂપે સૌરાષ્ટ્રના ભાવિકો માટે કરવામાં આવ્યું છે.

સંસારની આધિ-વ્યાધિ-ઉપાધિથી દૂર થઈને પ્રકૃતિના ખોળે પુનડી ગામના શાંત-પ્રશાંત વાતાવરણમાં સત્ય પ્રાપ્તિના પ્રયોગ સ્વરૂપ આયોજિત આ શિબિર અંતર્ગત શિબિરાર્થીઓ માટે પરમ ગુરુદેવના શ્રીમુખેથી તેમજ અન્ય સંત-સતીજીઓના શ્રીમુખેથી જ્ઞાનવૃદ્ધિકર બોધ પ્રવચનોની સાથે જીવનની દરેક ક્ષણોમાં આત્મ જાગૃતિ કેવી રીતે રાખી શકાય તેનું માર્ગદર્શન આપવામાં આવશે.

**ગુરૂદેવ શ્રી નમ્રમુનિ મહારાજના સાંનિધ્યમાં ભવ્ય આયોજન**

જીવનની સમસ્યાઓને સમજણ દ્વારા સમાધાન કરાવનારી આવી શિબીરોમાં હજારો યુવાનોએ પોતાનું જીવન શ્રેષ્ઠ બનાવ્યું છે.

આ શિબિરમાં જોડાવા ઇચ્છતા ભાવિકોએ વહેલા તે પહેલાના ધોરણે parasdham.org પર રજીસ્ટ્રેશન કરાવી લેવા વ્યવસ્થાપક કમિટી તરફથી અનુરોધ કરવામાં આવ્યો છે.

### રાજકોટ જીલ્લામાં આજથી ટી.ડી.વેકિસનેશન કામગીરી શરૂ

## ૫૦ હજાર બાળકોને ટી.ડી.ની વેકિસન અપાશે

**દરેક શાળાઓમાં ૧૦ અને ૧૬ વર્ષની ઉંમરના બાળકોને ટીટેનસ-ડિપ્થેરીયાથી રક્ષણ આપવા વિનામૂલ્યે રસીકરણ**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨

રાજકોટ જીલ્લામાં આજથી તા.૨થી શરૂ કરીને સપ્ટેમ્બર માસ દરમ્યાન એક ઝુંબેશ સ્વરૂપે બાળકોમાં ટી.ડી. વેક્સિનેશનની કામગીરી હાથ ધરવામાં આવશે. આ રસીકરણ કાર્યક્રમ દરમ્યાન આરોગ્ય કર્મચારીઓની ટીમ દરેક શાળાઓની મુલાકાત લઈ તેમના દ્વાર ૧૦ વર્ષની ઉમરના અને ૧૬ વર્ષની ઉંમરના તમામ બાળકોને રસીકરણ કરવામાં આવશે. જ્યારે શાળાએ ન જતાં બાળકો માટે વધારાના આઉટરીચ સેશનનું આયોજન કરી તમામ બાળકોને આવરી લેવામાં આવશે.

જીલ્લામાં અંદાજિત ૧૩૦૦ થી વધુ પ્રાથમિક શાળાઓ અને ૪૫૦ થી વધુ હાઈસ્કૂલમાં આ રસીકરણની કામગીરી હાથ ધરવામાં આવશે. ૧૦ વર્ષની ઉંમરના અંદાજીત ૨૮૦૦૦ થી વધુ બાળકો તથા ૧૬ વર્ષની ઉંમરના અંદાજીત ૨૨૦૦૦ બાળકોને આ રસી આપવામાં આવશે. આમ બંને વાય જૂથના આંદાજીત ૫૦૦૦૦ થી વધુ બાળકોને આવરી લેવામાં આવશે. આ રસીથી બાળકોમાં ટીટેનસ અને ડિપ્થેરિયા જેવા પ્રાણ ઘાતક રોગો સામે રક્ષણ મળશે.

આ સમગ્ર કામગીરીના આયોજન અને અમલીકરણ માટે અધ્યક્ષ અને કલેક્ટર અરૂણ મહેશ બાબુ તથા જિલ્લા વિકાસ અધિકારી દેવ ચૌધરીના માર્ગદર્શનમાં ગત તા.૨૬ના રોજ ડિસ્ટ્રિકટ ટાસ્ક ફોર્સ ફોર ઇમ્યુંનાઈઝેશન કમિટીની બેઠક મળી હતી. જેમાં ચર્ચા થયા મુજબ શિક્ષણ વિભાગના જિલ્લા પ્રાથમિક શિક્ષણ આધિકારી અને તાલુકાનાં તાલુકા પ્રાથમિક શિક્ષણ આધિકારીઓ સાથે અને જિલ્લા શિક્ષણ આધિકારી મારફતે સરકારી ઉપરાંત ખાનગી શાળાઓ સાથે સુવ્યવસ્થિત આયોજન કરવામાં આવેલ છે.

પોતાના બાળકને આ રસી સમયસર મૂકવવા માટે દરેક વાલીઓને આરોગ્ય તંત્ર દ્વારા ખાસ અપીલ કરવામાં આવે છે. (૧૩)



## તંત્રી સ્થાનેથી...

### ભારત રમકડાંના ઉદ્યોગમાં વૈશ્વિક સ્તરનું પાવરહાઉસ બનશે...

સામાન્ય રીતે આપણે બાળકો માટે રમકડાં લેવા જઈએ તો હાલ બજારમાં ઉપલબ્ધ મોટાભાગના રમકડાં ચાઈનાથી એક્સપોર્ટ થતાં હોય છે. ત્યારે હવે એ સમય આવી ગયો છે કે, જ્યારે આપણાં બાળકો ચાઈનાના નહીં પણ ચાઈનાના બાળકો આપણાં રમકડાંથી રમશે. ભારત દેશ રમકડાંના ઉદ્યોગમાં વૈશ્વિક સ્તરનું પાવરહાઉસ બનવા જઈ રહ્યો છે. જેને કારણે ભારતમાં રોજગારીનો આ એક નવો માર્ગ મોકળો થઈ રહ્યો છે. લાખો લોકોને આ રમકડાંના ઉદ્યોગ થકી ધંધો-રોજગાર કરવાની તક મળશે. અને વિદેશીને બદલે સ્વદેશી લોકો આર્થિક રીતે સદ્ધર થશે.

ભારત પાસે રમકડાં નિકાસનું હબ બનવાની પૂરી ક્ષમતા છે. ભારતના સ્થાનિક રમકડાં, પરંપરા અને પ્રકૃતિ બંને ને અનુરૂપ હોય છે. પર્યાવરણને અનુકૂળ હોય છે. આપણા યુવાનો, સ્ટાર્ટ અપ અને સાહસિકોના જોર પર આપણા રમકડા ઉદ્યોગે જે કરી દેખાડ્યું છે, જે સફળતા પ્રાપ્ત કરી છે, તેની કોઈએ કલ્પના પણ નહીં કરી હોય. આજે જ્યારે ભારતીય રમકડાંની વાત થાય છે તો, બધી બાજુ વૉકલ ફૉર લૉકલનો જ પડઘો સંભળાય છે. તમને એ જાણીને પણ સારૂં લાગશે કે ભારતમાં હવે, વિદેશથી આવતાં રમકડાંની સંખ્યા સતત ઘટી રહી છે.

પહેલાં ત્રણ હજાર કરોડ રૂપિયા થી પણ વધુ નાં રમકડાં બહારથી આવતાં હતાં, ત્યારે આજે તેની આયાત ૭૦ ટકા સુધી ઘટી ગઈ છે અને આનંદની વાત એ છે કે આ દરમિયાન ભારતે બે હજાર છસ્સો કરોડ રૂપિયાથી વધુનાં રમકડાંની વિદેશોમાં નિકાસ કરી છે. જ્યારે, પહેલાં ૩૦૦-૪૦૦ કરોડ રૂપિયાનાં રમકડાં જ ભારતથી બહાર જતાં હતાં અને તમે જાણો જ છો કે આ બધું, કોરોનાકાળમાં થયું છે. ભારતના રમકડાં ઉદ્યોગે પોતાનામાં પરિવર્તન લાવીને દેખાડ્યું છે. દેશમાં ઠેક-ઠેકાણે રમકડાંના જે સમૂહ છે, રમકડાં બનાવનારા જે નાના-નાના સાહસિકો છે, તેમને તેનો બહુ મોટો લાભ મળી રહ્યો છે. આ નાના સાહસિકોનાં બનાવેલાં રમકડાં, હવે દુનિયાભરમાં જઈ રહ્યાં છે. આપણું સ્ટાર્ટ અપ ક્ષેત્ર પણ રમકડાંની દુનિયા પર પૂરૂં ધ્યાન આપી રહ્યું છે.

# સગીરાને લગ્નની લાલચે બે દી ગોંધી રાખી દુષ્કર્મ આચર્યું

### રૂમની વ્યવસ્થા કરનાર મિત્ર સામે પણ ગુનો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨

શહેરના ગોકુલધામ વિસ્તારમાં રહેતા શખ્સે લગ્નની લાલચ આપી શાપરની સગીરાને ફસાવી તેનું અપહરણ કરી બે દિવસ સુધી રૂમમાં ગોંધી રાખી દુષ્કર્મ આચર્યું હતું. આરોપીને રૂમની વ્યવસ્થા કરી આપનાર તેના મિત્ર સામે પણ મદદગારીનો ગુનો નોંધાયો હતો.

શાપરમાં રહેતી મહિલા મંગળવારે સાંજે તેની ૧૩ વર્ષની પુત્રી સાથે રાજકોટ મહિલા પોલીસ સ્ટેશને પહોંચી હતી અને તેની સગીરવયની પુત્રી સાથે દુષ્કર્મ થયાની રાવ કરી હતી. મહિલાએ ફરિયાદમાં આરોપી તરીકે ગોકુલધામ આવાસ ક્વાર્ટર્સમાં રહેતા આકાશ દંતાણી અને તેના મિત્ર જયપાલ ચનિયારાના નામ આપ્યા હતા અને જણાવ્યું હતું કે, ગોકુલધામ આવાસનો આકાશ કામ સબબ શાપર આવતો હોય સગીરા સાથે તેનો પરિચય થયો હતો.

આકાશે લગ્ન કરવાની લાલચ આપી સગીરાને જાળમાં ફસાવી ગતા તા.૨૪ના ગોંડલ રોડ ચોકડીએ બોલાવતા સગીરા ત્યાં પહોંચી હતી ત્યાંથી આકાશ રિક્ષામાં તેનું અપહરણ કરી જયપાલે રાખેલા એક રૂમે લઇ ગયો હતો અને ત્યાં સગીરાને બે દિવસ સુધી ગોંધી રાખી સગીરા પર દુષ્કર્મ આચર્યું હતું. પોલીસે બંને આરોપીઓને સકંજામાં લેવાની કવાયત શરૂ કરી હતી.

## દારૂના ત્રણ ગુનામાં ફરાર આરોપી ભરૂડી ટોલનાકાથી ઝડપાયો

### માણાવદર અને મેંદરડા પોલીસ મથકના ગુનામાં છ માસથી નાસતા ફરતા આરોપીને રૂરલ એલસીબીએ દબોચ્યો

રાજકોટ,તા.૨ : દારૂના ત્રણ ગુનામાં છ માસથી ફરાર શ્યામ આહિરને ભરૂડી ટોલનાકા પાસેથી રૂરલ એલસીબીની ટીમે દબોચી કાયદેસરની કાર્યવાહી કરી હતી.પ્રાપ્ત વિગત અનુસાર રૂરલ એલસીબી પીઆઇ વિજય ઓડેદરાના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ એસ.જે. રાણા ટીમ સાથે પેટ્રોલીંગમાં હતા. ત્યારે સાથેના હેડ કોન્સ. મહિપાલ સિંહ જાડેજા, અનિલભાઇ ગુજરાતી અને કોન્સ. પ્રહલાદસિંહ રાઠોડને મળેલ ચોકકસ બાતમીના આધારે જુનાગઢ જિલ્લાના માણાવદર અને મેંદરડા પોલીસ મથકના દારૂના ગુનામાં છેલ્લા છ માસથી ફરાર શ્યામ ઘુસા મેતા (ઉ.વ.૨૨) રહે. જેતપુર રોડ, ગોંડલને પોકેટએપની મદદથી ગોંડલના ભરૂડી ટોલ પ્લાઝા પાસેથી દબોચી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

### દારૂના બે ગુનામાં બે વર્ષથી વોન્ટેડ બુટલેગર ઝડપાયો

રાજકોટ : દારૂના ગુનામાં નાસતા ફરતા આરોપીઓને ઝડપી લેવાની સુચના અન્વયે તાલુકા પોલીસ મથકના પીઆઈ એમ આર ગોંડલીયા અને ટીમે તાલુકા પોલીસ સ્ટેશનના દારૂના બે ગુનામાં બે વર્ષથી વોન્ટેડ વિજયનગરના લીસ્ટેડ બુટલેગર ભરત માધવજી વારસુરને ઝડપી લઇ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે લીસ્ટેડ બુટલેગર અગાઉ દારૂના ૨૩ ગુનાઓમાં પકડાઈ ચુક્યો છે અને પાસા તળે જેલયાત્રા પણ કરી ચુક્યો છે.

## મોબાઈલ બઠાવી ભાગતા ચોરને લોકોએ મેથીપાક આપ્યો

### હોસ્પિટલમાં સારવારમાંથી ભાગવા જતા સિક્યુરીટીએ દબોચી લઇ પોલીસને સોંપ્યો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨

રાજકોટ શહેરની સિવિલ હોસ્પિટલમાંથી એક સપ્તાહમાં લગભગ ત્રણથી ચાર વખત ચોરી કરતા પકડાવવાની ટેવ ધરાવતો કુખ્યાત ચોર સામે આવેલ બેંકમાંથી ચોરી કરી ભાગવા જતા લોકોએ પકડી મેથીપાક ચખાડ્યો હતો સારવાર માટે હોસ્પીટલમાં ખસેડ્યો ત્યાંથી ભાગવા જતા સિક્યુરીટી સ્ટાફે દબોચી લઇ પોલીસને સોપ્યો હતો.

શહેરની સિવિલ હોસ્પિટલમાંથી લોકો, ડોકટરોના ફોન ચોરવાની ટેવ ધરાવતા ગોંડલના કુખ્યાત તસ્કર ભાવેશ ઉર્ફે ભાવલો આજે સવારે હોસ્પિટલ સામે આવેલ બેંકમાં હાથ અજમાવ્યો હતો ગ્રાહકનો ફોન ઝુંટવી ભાગવા જતા લોકોનું ટોળું એકઠું થઇ જતા પકડીને બરાબરનો મેથીપાક ચખાડ્યો હતો પકડાઈ જતા સિસ્ટમ મુજબ બેભાન થવાનું નાટક કરતા કોઈએ ૧૦૮ને જાણ કરી હતી અને સિવિલ હોસ્પિટલે ખસેડ્યો હતો. અહીં ઈમરજન્સીમાંથી ફરી ભાગવા જતા સિક્યુરીટી સ્ટાફે તેને દબોચી લીધો હતો અને ટીંગાટોળી કરી પોલીસને સોપ્યો હતો નશો કરવાની ટેવ ધરાવતો ભાવલો જયારે પકડાય ત્યારે લોહી નીકળવાના ખોટા નાટકો કરી પોલીસ પકડમાંથી પણ આશાનીથી છૂટી જાય છે બે દિવસ પૂર્વે ડોક્ટરનો ફોન ચોરી કર્યો હતો અને પોલીસે પકડ્યો હતો પરંતુ તેની પાસેથી મુદ્દામાલ નહીં મળતા ફરી જવા દીધો હતો.

## મોટી પાનેલીના ગ્રામ પંચાયતના કુવાની મોટરનો કેબલ વાયર ચોરી થયો : ફરિયાદ

રાજકોટ, તા.૨

ઉપલેટા તાલુકાના મોટી પાનેલીના ગ્રામ પંચાયતના કુવાની મોટરનો કેબલ વાયર ચોરી થતા ફરિયાદ નોંધાઈ છે. સરપંચ શારદાબેને ભાયાવદર પોલીસ મથકે રૂ.૪૫ હજારનો વાયર ચોરી થયાની ફરિયાદ આપતા પોલીસે તપાસ હાથ ધરી છે. મોટી પાનેલીના સરપંચ શારદાબેન ચંદુભાઇ જાદવ (ઉ.વ.૫૨)એ ફરિયાદમાં જણાવ્યું કે, ગઈકાલે ગ્રામ પંચાયતના ઉપસરપંચ જતીનભાઇ મનસુખભાઇ ભાલોડીયાએ મને જણાવેલ કે, ગ્રામ પંચાયતના વાય (કુવા)ની મોટરનો વાયર કોઇ ચોરી ગયેલ છે. આ કેબલ કોપર વાયર ૬ એમએમનો ૨૧૦૦ ફુટનો હતો. જેની કિંમત ૪૫,૦૦૦ થાય છે. તે કોઇ અજાણ્યા ચોર ઇસમો ચોરી કરી લઈ ગયેલ હોય ભયાવદર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. પોલીસે અજાણ્યા ચોર શખ્સની શોધખોળ હાથ ધરી છે.

# રાજકોટ ક્રાઈમ

### શ્રમિક પરિવારની તરૂણીનો ફાંસો ખાઈ આપઘાત

રાજકોટ : મૂળ યુપીનો અને હાલ ન્યુ સોમનાથ ઇન્ડસ્ટ્રીઝ એરિયામાં રહી કારખાનામાં મજુરીકામ કરતા સુનીલભાઈ ચૌહાણની ૧૬ વર્ષીય દીકરી પ્રીતિએ ઘરે એંગલમાં દુપટ્ટો બાંધી ફાસો ખાઈ આપઘાત કરી લેતા આજી ડેમ પોલીસ મથકના મહેન્દ્રભાઈ પરમાર સહિતના સ્ટાફે દોડી જઈ તપાસ કરતા મૃતક મામા સાથે સોમનાથ દર્શન કરવા ગઈ હતી અને સાંજે પરત આવી આ પગલું ભરી લીધું હોવાનું તેમજ ત્રણ બહેન એક ભાઈમાં મોટી હોવાનું જાણવા મળ્યું છે.

### વેપારીનો ઝેર પી આપઘાતનો પ્રયાસ

રાજકોટ પડધરીમાં રહેતા અને કરિયાણાની દુકાન ચલાવતા રજનીક રૂગનાથ પટેલ (ઉ.વ.૩૫) નામના વેપારીએ ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરતા સિવિલ હોસ્પિટલે ખસેડાયો હતો. પ્રાથમિક પુછતાછમાં કોરોનાકાળ વખતે રાજેન્દ્ર પાસેથી ૭ લાખ, રાજુ, રમણીક, વિજય પાસેથી ૪-૪ લાખ, લાલા પાસેથી ૭ લાખ, જબરા પાસેથી ૧ લાખ વ્યાજે લીધા હોય તે પઠાણી ઉઘરાણી કરતા હોવાનો આક્ષેપ કરતા પોલીસ નિવેદન નોંધવા આવે તે પૂર્વે જ જતો રહ્યો હોવાનું જાણવામળ્યું છે.

### યાર્ડ પાસે બાઈકની ઠોકરે શ્રમિકનું મોત

રાજકોટ : મૂળ મધ્યપ્રદેશનો અને હાલ સંતકબીર રોડ પર ગોકુલનગરમાં રહી માર્કેટિંગ યાર્ડમાં મજુરી કરતો રામબાલક રામજીવન રાજપૂત ઉ.૪૫ નામનો શ્રમિક ગત ૨૮ તારીખે સાંજે સવારે યાર્ડથી ઘરે જતો હતો ત્યારે જી જે ૦૩ કે એફ ૭૬૮૨ નંબરના બાઈકના ચાલકે હડફેટે લેતા ઈજા થતા હોસ્પિટલે ખસેડાયો.

### યુવતીએ ફાંસો ખાઈ જીવન ટુકાવ્યું

રાજકોટ : જામનગર રોડ પર રત્નમ વિલામાં રહેતી ફાલ્ગુની રાજેશભાઈ ગોહેલ (ઉ.વ.૧૮) નામની યુવતીએ બપોરે પોતાના રૂમમાં પંખાના હુકમાં ચુંદડી બાંધી ફાસો ખાઈ આપઘાત કરી લેતા યુનિવર્સિટી પોલીસ મથકના પીએસઆઈ બાલાસરા સહિતનો સ્ટાફ દોડી ગયો હતો પ્રાથમિક તમસમાં મૃતક ત્રણ ભાઈ બહેનમાં નાની હોવાનું અને તેની સગાઇની વાત ચાલતી હોવાનું જાણવા મળ્યું છે પોલીસે આપઘાતનું કારણ જાણવા તપાસ હાથ ધરી છે.

### ભાઈના વિયોગમાં વૃદ્ધનો આપઘાત

રાજકોટ : શહેરના ગાંધીગ્રામ વિસ્તારમાં રહેતા ખોડાભાઈ લક્ષ્મણભાઈ કુંભારવાડિયા (ઉ.વ.૬૦)એ સવારે તરઘડી અને નારણકા વચ્ચે ટ્રેન હેઠળ ઝંપલાવી આપઘાત કરી લેતા પડધરી પોલીસે તપાસ કરી હતી આઇકાર્ડ આધારે ઓળખ મેળવી પરિવારની પુછતાછ કરતા ખોડાભાઈના બે ભાઈઓનું કોરોનામાં અવસાન થયું હોય તેના વિયોગમાંઆ પગલું ભરી લીધું હોવાનું જાણવા મળ્યું છે.

### ભુલથી બ્લીચીંગ પી જતાં મહિલાનું મોત

મવડી ૧૫૦ ફુટ રીંગ રોડ પર ફોર્ચ્યુન હોટેલ પાછળ પ્રમુખનગર-૧માં રહેતાં પટેલ ચંદ્રીકાબેન પ્રવિણભાઇ વાટલીયા (ઉ.૪૫) ૨૮મીએ ભુલથી બ્લીચીંગ પ્રવાહી પી લેતાં તબિયત બગડતાં ખાનગી હોસ્પિટલમાં અને ત્યાંથી સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. અહીં ગત સાંજે દમ તોડી દેતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો.બનાવ અંગે હોસ્પિટલ ચોકીના હેડકોન્સ. કલ્પેશભાઇ સરવૈયાએ તાલુકા પોલીસને જાણ કરતાં હેડકોન્સ. જે. એમ. ચુડાસમાએ જરૂરી કાર્યવાહી કરી હતી. ચંદ્રીકાબેનને સંતાનમાં એક પુત્ર છે. પતિ પ્રવિણભાઇ લોખંડનું જોબવર્ક કરે છે. તેમણે કહ્યું હતું કે, ચંદ્રીકાબેનને બિમારી હોઇ તેના કારણે ભુલથી બ્લીચીંગ પી લીધું હતું.

### ગત સપ્તાહ દરમ્યાન રાજકોટ રાજપથ લી. દ્વારા કરાઈ કામગીરી

# ૮ કંડક્ટરને ટેમ્પરરી અને ૩ કંડકટરને કાયમી ધોરણે સસ્પેન્ડ

### RMTS દ્વારા ટિકિટ વગર મુસાફરી કરતા ૧ મુસાફર પાસેથી રૂ.૧૧૦નો દંડ વસુલાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨

રાજકોટ મહાનગરપાલિકાની પરિવહન સેવાઓનું સંચાલન અને નિયંત્રણ કરતી SPV- રાજકોટ રાજપથ લી. દ્વારા ગત તા.૨૫ થી ૩૧ જુલાઇ સુધીમાં કરવામાં આવેલી કામગીરી વિગત પ્રમાણે શહેરીજનોને ૪૬ રૂટ પર ૯૧ સિટી બસ દ્વારા સેવા પુરી પડાઇ છે. જેમાં કુલ ૨,૧૯,૧૭૫ મુસાફરોએ લાભ લીધો હતો. સિટી બસ દ્વારા કામમાં ક્ષતિ બદલ બે ખાનગી એજન્સીઓ પાસેથી કુલ રૂ.૨,૮૮,૦૦૦ નો દંડ કરવામાં આવ્યો હતો તેમજ બસ સેવાની કામગીરીમાં ગેરરીતી સબબ ૮ કંડકટરને ટેમ્પરી અને ૩ કંડકટરને કાયમી ધોરણે સસ્પેન્ડ કરવામાં આવ્યો છે. ત્યારે બીજી બાજુ ટિકિટ વગર મુસાફરી કરતા ૧ મુસાફર પાસેથી રૂ.૧૧૦નો દંડ વસુલાયો હતો.

BRTS બસની વિગત પ્રમાણે, શહેરીજનોને કુલ ૧૮ રૂટ પર BRTSસેવા પુરી પાડે છે. જેમાં ગત સપ્તાહ દરમ્યાન કુલ ૧,૮૧,૯૭૨ મુસાફરોએ સેવાનો લાભ લીધો હતો.

સિટી બસ અને BRTS બસ સેવામાં નાગરિક દ્વારા સિટી બસ સ્ટોપ, પીક અપ સ્ટોપ વગેરે જેવી મનપાની જાહેર મિલકત હોય, તેના પર પોતાની અંગત જાહેરાત લગાવવી તે દંડનિય તથા કાયદેસરના પગલા લેવાને લાયક છે. બાબતે પરિવહન સેવામાં સુપરવાઇઝરી સ્ટાફ મારફતે કાર્યવાહી કરાવવામાં આવેલ છે. તેમ રાજકોટ મહાનગરપાલિકાની યાદીમાં જણાવ્યું છે.(૧૩)

# મારી જીંદગીમાં તું નહીં પણ બીજી સ્ત્રી છે કહી પરીણીતાને ત્રાસ

### પર્ણકુટી સોસાયટીમાં બનાવઃ પતિ જતીન સગપરીયા, સાસુ ઈલાબેન સગપરીયા, સસરા નાથાભાઈ સગપરીયા અને દીયર કૌશલ સગપરીયા સામે ગુન્હો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨

અમીનમાર્ગ એસ્ટ્રોન સોસાયટીની સામે ત્રીશ બંગલોઝમાં રહેતા ધાર્મિકાબેન જતીનભાઇ સગપરીયા (ઉ.વ.૪૦) એ માલવીયાનગર પોલીસ મથકમાં પર્ણકુટી સોસાયટી શેરી નં.૪ માં રહેતા પતિ જનીત સગપરીયા, સસરા નાથાભાઇ નાનજીભાઇ સગપરીયા, સાસુ ઇલોબન સગપરીયા તથા દીયર કૌશલ સગપરીયા સામે ફરિયાદ નોંધાવી છે ધર્મિકાબેને ફરીયાદમાં જણાવ્યું છે કે લગ્નના પ્રથમ દિવસે પતિએ કહેલ કે 'મારી જીંદગીમાં તુ નહી પણ બીજી સ્ત્રી છે આ તો મારા પરિવારના કહેવાથી મે તારી સાથે લગ્ન કરેલ છે' તેમ કહ્યું હતું. પરંતુ પોતાનો આ ઘરમાં પહેલો દિવસ હોય, જેથી આ વાત કોઇને કહેલ નહીં અને પોતે તેને સમજાવવાની કોશીષ પણ કરી હતી. ત્યારબાદ પતિએ કહેલ કે, 'તું મને ગમતી નથી મને છુટાછેડા આપી દે' પરંતુ પોતાને ઘરસંસાર ચલાવવો હોય, જેથી તેની વાત પર ધ્યાન આપ્યું નહીં થોડા સમય બાદ આ વાતની સાસુ, સસરા અને દીયરને ખબર પડતા ત્રણેય પોતાને પતિ જતીનનું ઉપરાણું લઇ તેની સાથે છુટાછેડા લઇ લેવા માટે દબાણ કરતા અને કહેતા કે 'તું મારા દીકરાને ગમતી નથી અને મારો દીકરો તારાથી ખુશ નથી' તેમ મેણાટોણા મારતા બાદ પતિ, સાસુ, સસરા અને દીયર અવાર-નવાર ઝઘડો કરી માર મારતા હતા સસરા તથા પતિએ ગાંધીગ્રામ પોલીસ મથકમાં પોતાના વિરૂધ્ધ ખોટા આરોપો મુકી અરજી કરેલ ત્યારે આમ્રપાલી પોલીસ ચોકીએથી ફોન આવતા પોતે ત્યાં જઇ આ લોકો ત્રાસ આપતા હોવાની હકીકત જણાવી હતી બાદ પોતે માલવીયાનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા એ.એસ.આઇ. ગીતાબેન પંડયાએ તપાસ હાથ ધરી છે.

# બે પરિણીતાને ત્રાસ આપતા સાસરીયાઓ સામે ફરિયાદ

### સૌ.યુનિ.ના મહિલા ક્લાર્કને માવતરે કાઢી મૂકી અને બીજા બનાવમાં પરિણીતાને તારે મેનેજર સાથે અફેર છે કહી સુપરવાઈઝર પતિ મારકૂટ કરતો



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨

શહેરના હિમાલય પાર્કમાં માવતરે છેલ્લા ચાર વર્ષથી રહેતા અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં કલાર્ક તરીકે પ્રાઇવેટ નોકરી કરતા બીનીશાબેન ધીરૈયાએ ગીરગઢડાના પતિ શક્તિભાઈ, સાસુ દયાબેન, સસરા મનસુખભાઈ બચુભાઈ અને દિયર જગદીશ સામે મહિલા પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે મારા ભાઈને નણંદ સાથે પ્રેમ થઇ જતા સાસરીયા મને મેણાટોણા મારતા અને માવતરે આંટો પણ જવા ન દેતા તે બંન્નેએ ભાગીને લગ્ન કરી લેતા મને માનસિક ત્રાસ આપતા અને પતિ ગામડે જતો રહ્યો હતો. મારો દિયર જર્મનીથી આવ્યો તો તેણે ગાળો ભાંડી તારો ભાઈ મને મળે ત્યારે જોઈ લેજે અમે શું કરી છીએ કહી ધમકી આપેલ બાદમાં ક્યારેય હું બાપના ઘરે નહીં જાવ તેવું લખાણ કરાવી માવતરે મોકલી દીધી મેં ફોન કરતા તમે કોણ છો હું તમને ૩ ઓળખતો નથી કહી દીધું હતું ઓ સમાધાન નહીં થતા અંતે ફરિયાદ નોંધાવી હતી.

જયારે વાલ્મીકી વાડીમાં રહેતી નુસરત નૈયાએ વોર્ડ નંબર ૧૧ના સુપરવાઈઝર સન્ની રમેશ નૈયા સામે પ્રનગર પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, લવમેરેજ બાદ પતિ શંકા કરી ગાળો ભાંડતો અને ઢીકાપાટું મારી તને જીવતી નહીં છોડું કહી ધમકી આપતો પગારમાં પૂરું ન થતું હોવાથી હું સ્પામાં નોકરીએ જતી તો પતિ તારે મેનેજર સાથે લફરૂ છે કહી શંકા કરતો હોવાથી ફરિયાદ નોંધાવી હતી.(૪)

# કાલાવડમાં શૌચાલય પાસેથી કેબીન દૂર રાખવાનું કહેતાં મારામારીઃ બે ઘવાયા

### બાબુભાઈ ઝીંઝુવાડીયા અને હિતેષ લીંબાણીને રાજકોટ ખસેડાયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ તા. ૨:

કાલાવડમાં કોળી પ્રૌઢ પર તેમના ઘર નજીક વાળંદ કામની કેબીન ધરાવતાં શખ્સ સહિતનાએ હુમલો કરતાં સારવાર માટે રાજકોટ ખસેડાયા હતાં. સામે વાળંદ યુવાન પણ દાખલ થયો હતો.

શિતળા કોલોનીમાં રહેતાં બાબુભાઇ લખુભાઇ ઝીંઝુવાડીયા (ઉ.૫૫) સેન્ટીંગ કામ કરે છે. તેઓ પોતાના પર રાતે હિતેશ, જગદીશ તથા ત્રણ અજાણ્યાએ હુમલો કરી ઢીકાપાટુનો માર મારવામાં આવ્યાની રાવ સાથે સિવિલ હોસ્પિટલમાં દાખલ થયા હતાં. સામા પક્ષે હિતેષ જગદીશભાઇ લીંબાણી (ઉ.૩૬) પણ પોતાના પર પ્રકાશ, ભાવેશ, બાબુભાઇ સહિતે હુમલો કર્યાની રાવ સાથે રાજકોટ દાખલ થતાં હોસ્પિટલ ચોકીના કલ્પેશભાઇ સરવૈયાએ કાલાવડ પોલીસને જાણ કરી હતી.

બાબુભાઇના સગાના કહેવા મુજબ અમારા ઘર નજીક જ હિતેષભાઇને વાળંદ કામની કેબીન છે. તેની પાછળ જાહેર શૌચાલય છે. કેબીન આગળ રાખી દીધી હોવાથી લોકો બહાર જ લઘુશંકા કરવા ઉભા રહી જાય છે અને ઘર સામે જોતાં રહે છે. આ કારણે હિતેષને કાં તો આ લોકોને શૌચાલયમાં જાય તેવું સમજાવવાનું અથવા કેબીન શૌચાલયથી દૂર લઇ જવાનું કહેતાં માથાકુટ થઇ હતી.


**RAJKOT MUNICIPAL CORPORATION**
**EOI Notice**

EOI Notice No.RMC / SWM / 2021-22 / 02 & 03 Rajkot Municipal Corporation invites EOI EOI from the experienced agency for public toilet comprehensive operation & maintenance contract at (1) Niyari Dem site (2) Kothariya Road , Nr . Tirupati Soc . Gate of Rajkot as per terms & conditions . The last date for downloading and submission of EOI as above is 17 August 2022 up to 16.00 hours and 18.00 hours respectively . Whereas pre - bid meeting is scheduled on 08 August 2022 Please visit **www.nprocure.com** or **www.rmc.gov.in** for further details.

**Environment Engineer**


## રાજકોટમાં 'બેટી બચાવો, બેટી પઢાવો' દિવસની રાજ્યકક્ષાની ઉજવણી




મહિલા કલ્યાણ, રમત-ગમત, સાંસ્કૃતિક અને સરકારી સેવા ક્ષેત્રે ઉત્તમ કમગીરી કરનારી ૫૦ જેટલી મહિલાઓનું સન્માન કરાયું

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ તા.૨

સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપનારી નારીઓના કાર્યોને, તેમની નિષ્ઠા અને સમાજમાં તેમના યોગદાનને બિરદાવવા રાજ્ય સરકારે નારી વંદન ઉત્સવનો પ્રારંભ કર્યો છે. જે અંતર્ગત આજે રાજકોટમાં બેટી બચાવો, બેટી પઢાઓ દિવસની રાજ્યકક્ષાની ઉજવણી કરવામાં આવી હતી. આ નિમિત્તે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા હેમુ ગઢવી હોલ ખાતે મહિલાઓના સન્માનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં મહિલા કલ્યાણ, રમત ગમત, સાંસ્કૃતિક અને સરકારી સેવા ક્ષેત્રે ઉત્તમ કમગીરી કરનારી ૫૦ જેટલી મહિલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમના અધ્યક્ષ રાજયકક્ષાના મંત્રી બ્રિજેશકુમાર મેરજાએ જણાવ્યું હતું કે, ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગઇકાલે અમદાવાદથી સશક્ત મહિલા, સક્ષમ ગુજરાતની થીમ સાથે નારી વંદન ઉત્સવનો પ્રારંભ કરાવ્યો છે. આ ઉત્સવ નારીશક્તિને પહેચાન આપવા, તેને પિછાણીને તેને પ્રેરિત કરી, તેની તાકાતને દિશા આપવાનો છે. બેટી બચાવવા માટે લોકોને દીકરા અને દીકરી વચ્ચેનો ભેદ છોડી દેવો જોઈએ. આપણી સંસ્કૃતિમાં પણ નારી શક્તિનો મહિમા છે.

# સમાજના દરેક પ્રશ્નોને વાચા આપી પત્રકારે મદદ કરવી જોઈએ: મોરારિબાપુ

## નગીનદાસ સંઘવી સ્મૃતિ સમિતિ આયોજીત નચિકેત એવોર્ડ મોરારિબાપુના હસ્તે વરિષ્ઠ પત્રકાર ભવેન કચ્છીને એનાયત




પત્રકાર ભવેન કચ્છીને નચિકેત એવોર્ડ અર્પણ કરતા મોરારિબાપુ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ: આજે સતત ત્રીજા વર્ષે પત્રકારોને પોખવાના રૂડા અવસર નચિકેતા એવોર્ડનું આયોજન નગીનદાસ સંઘવી સ્મૃતિ સમિતિ દ્વારા રાજકોટના હેમુ ગઢવી નાટ્યગૃહમાં કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતી પત્રકારત્વના જાણીતા વરિષ્ઠ પત્રકાર ભવેન કચ્છી (ગુજરાત સમાચાર) ને મોરારિબાપુના હસ્તે નચિકેત એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. આ પ્રસંગે ઉદબોધન કરતાં મોરારિબાપુએ જણાવ્યું હતું કે, પત્રકારે હનુમાનજી જેવો હોવો જોઈએ, મંથરા જેવો ન હોવો જોઈએ. પત્રકાર સમાજના દરેક પ્રશ્નોને વાચા આપી મદદ કરવી જોઈએ. જ્યાં જરૂર હોય ત્યાં મદદે પહોંચી જવું જોઈએ. સ્વ.નગીનદાસ સંઘવી એટલે કે આપણા સૌના બાપાએ તેમના જીવન દરમિયાન એક સાચા પત્રકાર તરીકે કાર્ય કર્યું છે. એટલા માટે જ તે પત્રકાર જગતના ભિષ્મપિતામાહ હતા.

વધુમાં મોરારિબાપુએ કહ્યું કે, પત્રકાર સર્જક અને ખોજી હોવો જોઈએ. એક સર્જક માટે અતિથી એટલે કે અચાનક વિચાર આવે અને એ વિચારને પકડી લેવો અને એમાંથી જ કે સારું સર્જન થતું હોય છે. નગીનદાસ સંઘવીએ તેમના જીવન દરમિયાન લખેલા લખાણ માટે સંદર્ભ શોધવા અનેક પુસ્તકો વાચ્યા છે. તેમણે કોઈપણ લખાણ સત્ય વગર લખ્યું નથી અને જ્યાં સત્ય હોય ત્યાં લખવામાં કોઈ જ પ્રકારની સેહશરમ રાખી નથી. નગીનદાસ અને મારી વચ્ચે ઘણી વખત સત્સંગ થયો છે.

પત્રકારે હંમેશા વર્તમાન સમય અને પોતાના વાચકોને ધ્યાનમાં રાખીને યોગ્ય નંદેશો પહોંચાડવો જોઈએ.

નચિકેતા એવોર્ડ જેની સ્મૃતિમાં આપવામાં આવે છે એવા નગીનદાસ સંઘવી વિશે લોકભારતી યુનિવર્સિટીના કુલપતિ ભદ્રાયુભાઈ વચ્છરાજાનીએ વાત કરતાં કહ્યું કે, નગીનદાસ સંઘવીના લખાણ વાંચીને મારા સહિત ઘણા લોકો લખવાનું શિખ્યા છે. તે અમારા માટે ગૌરવની વાત છે. આજે જેને ચિકેત એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો છે. એવા જાણીતા વરિષ્ઠ પત્રકાર ભવેનભાઈ



**દરેક પત્રકારે નચિકેત બનવાની જરૂર છે: ભવેન કચ્છી**

કચ્છીનો પરિચય 'ફૂલછાબ' ના તંત્રી કૌશિકભાઈ મહેતાએ આપ્યો હતો. તેમણે કહ્યું હતું કે, ભવેનભાઈ કચ્છીએ ગુજરાતી પત્રકારત્વમાં રમત-ગમતનું રોજબરોજનું એક પાનું અખબારમાં આપવાની શરૂઆત કરી હતી. તેમણે દેશના યુવાનોને પ્રોત્સાહિત કરીને સ્પોર્ટસ કલ્ચર ઉભું કર્યું છે. તેમની ગુજરાત સમાચારની રવિવારની રવિપૂર્તિમાં હોરાઈઝન અને બુધવારની શતદલ પૂર્તિમાં વિવિધા કોલમ ખુબ જ લોકપ્રિય છે. ૩૦ વર્ષથી ચાલતી આ કોલમમાં જુદા જુદા વિષયો પર ૩૦૦૦ લેખ પ્રકાશિત થયા છે. તેમના ૧૨ જેટલા પુસ્તકો પ્રકાશિત થયા છે. આ ઉપરાંત તેમને અનેક એવોર્ડથી સન્માનિત કરાયા છે.

નચિકેત એવોર્ડ પ્રાપ્ત કરનાર જાણીતા વરિષ્ઠ પત્રકાર ભવેનભાઈ કચ્છીએ જણાવ્યું હતું કે મારા જેવા ઘણા પત્રકારોએ નગીનદાસની કલમનો અભ્યાસ કર્યો છે અને તેના થકી અમારું ઘડતર થતું રહ્યું છે. નગીનદાસ સંઘવીએ તો પત્રકારોએ તેમની કલમ ભેટ આપી છે જે અમારા માટે ગૌરવની વાત છે. આ એવોર્ડને નગીનદાસ સંઘવીની યાદમાં આપવામાં આવે છે અને તેનું નામ નચિકેત એવોર્ડ આપવામાં આવ્યું છે. તે ખરેખર યોગ્ય છે અને દરેક પત્રકારે નચિકેત બનવાની જરૂર છે. પોતાની કલમ થકી તેમણે સમાજ ઉપયોગી કાર્ય કરવાના છે તેમની કલમથી સમાજનું ઘડતર થવું જોઈએ અને યોગ્ય જ્ઞાન મળતું રહેવું જોઈએ. પત્રકારને સત્યના વાહક બનીને કામ કરવામાં ઘણી મુશ્કેલીઓ આવશે. ધાક ધમકીઓ પણ મળશે પણ તેમનાથી ડર્યા વગર એમણે કામ કરતું જવાનું છે કારણ કે તંદુરસ્ત સમાજનાં ચાર સ્થંભો પૈકીનું એક સ્થંભ પત્રકારત્વ છે. આજે મને આ એવોર્ડ મળ્યો છે એ ગૌરવની વાત તો છે જ સાથે હવે મારી એ જવાબદારી બની ગઈ છે કે મારે વિશેષ કામ કરવું પડશે. તેમજ નચિકેત એવોર્ડ માટે મારી પસંદગી કરવા બદલ તેમણે નગીનદાસ સંઘવી સ્મૃતિ સમિતિનો આભાર માન્યો હતો.

જાણીતા વરિષ્ઠ પત્રકાર ભવેન કચ્છીને નચિત એવોર્ડની સાથે સવા લાખની રાશી એનાયત કરવામાં આવી હતી. નચિકેત એવોર્ડ સમારંભનું સંચાલન યોગેશ ચોલેરાએ કર્યું હતું. તેમજ આ એવોર્ડ સમારંભમાં ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ ઝા, ડે.મેયર દર્શિતાબેન શાહ, કોર્પોરેટર મનીષ રાડિયા, જાણીતા કટાર લેખક જય વસાવડા, ફૂલછાબના મેનેજર નરેન્દ્ર ઝીબા, નગિનદાસ સંઘવી સ્મૃતિ સમિતિના ભરતભાઈ ઘેલાણી અને જયંતિભાઈ ચંદ્રા સહિત જાણીતા આગેવાનો અને શહેરીજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# લોધિકા અને ગોંડલના વોરાકોટડામાં જુગાર રમતાં ૯ ઝડપાયા

## પોલીસે દરોડા પાડી જાહેરમાં જુગાર રમતાં શખ્સો પાસેથી રૂ.૫૧ હજારની મતા કબ્જે કરી



**(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)**

રાજકોટ તા.૨

લોધિકા અને ગોંડલના વોરકોટડામાં જાહેરમાં જુગાર રમતા નવ શખ્સોને રૂ.૫૧ હજારના મુદ્દામાલ સાથે દબોચી કાર્યવાહી કરી હતી. દરોડાની વિગત અનુસાર લોધિકા પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ દિલીપભાઈ અને કોન્સ્ટેબલ વાઘાભાઈ ત્રમટા સ્ટાફ સાથે પેટ્રોલીંગમાં હતાં ત્યારે મળેલ ચોક્કસ બાતમીના આધારે લોધિકાના વાંઝાવાસમાં ઓટા પર જાહેરમાં તીનપતિનો જુગાર રમતાં હેમંત સુખા ચૌહાણ, ઉકા લાલા પરમાર, મેહુલ કેસા પરમાર, ગફાર ઈસ્માઈલ સાહમદાર, માવજી સવજી કાનાણી, રમેશ ઉર્ફે પપુ લાખા પરમાર (રહે. તમામ લોધિકા)ને રૂ.૨૩૬૦ ની રોકડ સાથે દબોચી કાર્યવાહી કરી હતી. બીજા દરોડામાં ગોંડલના વોરકોટડા ગામની સીમ વિસ્તારમાં જાહેરમાં તીનપતિનો જુગાર રમતાં સુરેશ કરમસી બાવરિયા, વિશાલ બાબુ સરવૈયા (રહે. બંને વોરકોટડા), પ્રવીણ અરજણ મકવાણા, છગન જીવા ભાલાળા ( રહે બંને કંટાલિયા, ગોંડલ)ની પાસેથી રોકડ રૂ.૪૬૨૦ અને બે બાઇક મળી રૂ.૪૮ હજારના મુદ્દામાલ સાથે દબોચી કાર્યવાહી કરી હતી.

# ગુજરાતમાં ગત વર્ષથી વરસાદ બમણો છતાં ખરીફ વાવેતરમાં ઘટાડો

**ગત વર્ષે ૭૦.૬૭ લાખ હેક્ટરમાં થયું; આ વર્ષે ૦.૬ ટકા ઘટી ૭૦.૨૫ લાખ હેક્ટરમાં થયું**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)**

રાજકોટ,તા. ૨

ગુજરાતના ચાલુ વર્ષે જુલાઇ અંત સુધીમાં વરસાદ ગત વર્ષની તુલનાએ બમણો થયો છે. પરંતુ ખરીફ વાવેતરમાં ઘટાડો નોંધાયો છે. ત્યારે સરકારી આંકડાઓ મુજબ વાવેતર વિસ્તારમાં ગત વર્ષની તુલનાએ સામાન્ય ઘટાડો થયો છે. ખાસ કરીને કઠોળ અને જુવાર, બાજરીના વાવેતરમાં ઘટાડો થયો હોવાથી કુલ વાવેતર વિસ્તાર ઘટ્યું છે. તલના વાવેતરમાં પણ ૪૦ ટકાથી વધુ ઘટાડો થયો છે. ગત વર્ષે ૭૯૦૫૫ હેક્ટરમાં થયું હતું. જે ઘટીને આ વર્ષે માત્ર ૪૭૦૬૩ હેક્ટરમાં થયું છે.

ગુજરાત સરકારના તાજા આંકડાઓ મુજબ પહેલી ઓગસ્ટ ૨૦૨૨ સુધીમાં રાજ્યમાં કુલ ૭૦.૫૫ લાખ હેક્ટરમાં વાવેતર થયું છે. જે ગત વર્ષે આજ સમયે ૭૦.૬૭ લાખ હેક્ટરમાં થયું હતું. આમ વાવેતર વિસ્તાર ૦.૬ ટકા ઘટ્યો છે. રાજ્યમાં કપાસનું વાવેતર ૧૨.૬૯ ટકા વધીને ૨૫ લાખ હેક્ટરને પાર અને મગફળીનું વાવેતર ૧૨ ટકા ઘટીને ૧૬.૭૨ લાખ હેક્ટરમાં થયું છે. ૨૦૨૧ના આંકડાઓ જોઇએ તો કપાસનું વાવેતર ૨૨.૨૨ લાખ હેક્ટરમાં જ્યારે મગફળીનું વાવેતર ૧૮૯૩૭૩૪ હેક્ટરમાં થયું હતું.

કઠોળમાં સૌથી વધુ ઘટાડો અડદમાં થયો છે. ૨૦૨૧માં ૧૪૦૫૪૯ હેક્ટરમાં વાવેતર થયું હતું જે આ વર્ષે ૪૬.૯૪ ટકા ઘટી માત્ર ૭૪૫૭૯ હેક્ટરમાં થયું છે. બાજરીના વાવેતરમાં ૨૮ ટકાનો વધારો થયો છે. ૨૦૨૧માં ૧૩૬૭૨૯ હેક્ટરમાં વાવેતર થયું હતું. જે વધીને ૧૭૫૫૮૬ હેક્ટરમાં થયું છે. તુવેર, મગ, જુવારના વાવેતર વિસ્તાર ઘટાડો થયો છે.

તુવેરની હાલત જોઇએ તો, તુવેર ગત વર્ષે ૨૧૨૨૩૯ હેક્ટરમાં થયું હતું જે આ વર્ષે ૧૧ ટકા ઘટીને ૧૮૭૭૯૩ થયું છે. મગમાં પણ ૧૯ ટકાનો ઘટાડો નોંધાયો છે. આ વર્ષે ૫૮૯૫૪ હેક્ટરમાં વાવેતર થયું છે. જ્યારે ગત વર્ષે ૭૩૩૩૭ હેક્ટરમાં થયું હતું. ડાંગરના ખરીફ પાકમાં મગફળી, તલ, સોયાબીન, ગવારસીડમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. સોયાબીનનું વાવેતર ગત વષેર્ ૨૧૯૯૪૨ હેક્ટરમાં થયું હતું. જે ૩ ટકા ઘટી ૨૧૧૨૫૫ હેક્ટરમાં વાવેતર નોંધાયું છે.

# જિલ્લા પંચાયતની શુભેચ્છા મુલાકાત લેતા મંત્રી બ્રિજેશ મેરજા

**જીલ્લા પંચાયતના ડી.ડી.ઓ અને અધિકારીઓ સાથે બેઠક કરી**



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨

ક્ષમ રોજગાર અને પંચાયત મંત્રી બ્રિજેશ મેરજાએ જીલ્લા પંચાયતની શુભેચ્છા મુલાકાત લીધેલ. જીલ્લા પંચાયતની યોજનાઓ વિશે વિગતો મેળવી હતી. જીલ્લામાં લમ્પી વાયરસ અંગે વિસ્તૃત માહિતી મેળવી હતી. બ્રિજેશ મેરજાએ તલાટીના હડતાળ અંગે જણાવ્યું હતું કે, આજે સાંજે ઉચ્ચસ્તરીય બેઠક મળવાની છે તેમાં તેનું નિરાકરણ લાવવામાં આવશે. આ તકે જિલ્લા પંચાયત પ્રમુખ ભુપતભાઈ બોદર, ઉપપ્રમુખ સવિતાબેન વાસાણી, ડી.ડી.ઓ દેવ ચૌધરી, કારોબારી ચેરમેન સહદેવસિંહ જાડેજા તેમજ ચેરમેનો ઉપસ્થિત રહ્યા હતા.

## સૌરાષ્ટ્ર ક્રાંતી પરીવારના અસિત દવેનો આજે જન્મદિવસ



રાજકોટ: સૌરાષ્ટ્ર ક્રાંતીમાં કોમ્પ્યુટર ઓપરેટર તરીકે ફરજ બજાવતા અસિત દવેનો આજે જન્મદિવસ છે તેઓએ પોતાના યશસ્વી જીવનના ૪૯ વર્ષ પુર્ણ કરીને ૫૦માં વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે. તેઓના જન્મદિવસે પરીવારજનો, મિત્ર-વર્તુળો તેમજ સગાસ્નેહીઓ દ્વારા શુભકામનાઓ પાઠવી રહ્યા છે. ત્યારે 'સૌરાષ્ટ્ર ક્રાંતી' પરીવાર તરફથી અસિતને જન્મદિવસની ખુબ-ખુબ શુભકામનાઓ...

# રાજકોટ શહેર અને જિલ્લામાં કુલ ૧૫૬૪૨ લોકોનું કરાયું કોવિડ વેક્સિનેશન

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨

આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે ૭૫ દિવસ સુધી મફત કોવિડ વેક્સીન બુસ્ટર ડોઝ લગાવવાનું અભિયાન ચાલી રહ્યું છે ત્યારે કાલે તા.૧ ઓગસ્ટના રોજ સાંજ સુધીમાં બુસ્ટર ડોઝ તેમજ અન્ય ડોઝ મળીને રાજકોટ કોર્પોરેશન વિસ્તારમાં ૬૫૮૨ લોકોએ તેમજ રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં ૯૦૬૦ લોકોએ વેક્સિનનો ડોઝ લીધો હતો. રાજકોટ જીલ્લામાં કુલ ૧૫૬૪૨ લોકોનું રસીકરણ કરવામાં આવ્યું હતું. તેમ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

## અવસાન નોંધ

જેતલસર : શ્રી ઔદીચ્ય સહસ્ત્ર ચિભડીયા બ્રહ્મસમાજ, ગોંડલના ગોપાલભાઈ હરેશભાઈ ભટ્ટનાં પત્ની શ્રેયાબેન (ઉ.૩૨) તે સ્વ. દિનેશભાઈ કાંતિલાલ જોષી (થાણાગાલોળ) ના પુત્રી, રોનકભાઈ, દિવ્યેશભાઈના બહેનનું તા.૩૦ ના રોજ અવસાન થયું છે. પિયર પક્ષનું બેસણું તા.૪ ને ગુરૂવારે બપોરે ૩થી ૫, થાણાગાલોળ (તા.જેતપુર) ખાતે રાખેલ છે.

રાજકોટ: સ્વ. ભીખાલાલ વાલજી પલાણના મહેન્દ્રભાઈ ભીખાલાલ પલાણ તે સ્વ. રજનીકાંત ભીખાલાલ પલાણના મોટાભાઇ તથા ગોપાલભાઇ, કમલભાઇ અને ક્રિષ્નાબેન ધવલકુમાર રાજદેવના પિતા અને પ્રભુદાસ ગોરધનદાસ મણીયારના જમાઇનું આજે તા.૨ ના મંગળવારે અવસાન થયું છે. તેમનું ઊઠમણું તા.૪ ને ગુરૂવારે સાંજે ૪:૩૦ થી ૫:૩૦ કલાકે બિલેશ્વર મહાદેવ મંદિર, શ્યામનગર મે. રોડ, ગાંધીગ્રામ રાજકોટ ખાતે તથા મોસળ પક્ષની સાદડી પણ સાથે રાખેલ છે.

# વાહન અકસ્માત કરવાના ગુનામાં આરોપીનો નિર્દોષ છુટકારો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨

બેદરકારી પૂર્વક વાહન ચલાવી અકસ્માત કરવાના ગુન્હામાં આરોપીને અદાલતે નિર્દોષ છોડી મુકવા હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ પોપટપરા મેઈન રોડ પર ફરિયાદી કાળુભાઈ રઘુભાઈ ચનીયારા પોતાનું મોટર સાયકલ લઈને જતા હતા ત્યારે આરોપી જેશીંગભાઈ દાનાભાઈ સરવૈયાએ પોતાની રીક્ષા પુરઝડપે અને બેફિકરાઈથી ચલાવી ફરિયાદીને મોટર સાયકલ સહિત ઠોકરે લેતા ફરિયાદીને હાથમાં ફ્રેકચર તથા શરીરમાં મુંઢ ઈજાઓ થઇ હતી.

જે અંગે ફરિયાદીએ પોલીસ સમક્ષ ફરિયાદ નોંધાવી હતી. જે કેસ કોર્ટમાં ચાલવા પર આવતા આરોપીના વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો ગ્રાહ્ય રાખી કોર્ટે આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ ફરમાવ્યો છે.



એડવોકેટ: ગૌતમ ચાવડા

આ કેસમાં આરોપી વતી એડવોકેટ ગૌતમ કે. ચાવડા, અશોક બી. ચાંડપા, હાર્દિક જીવાણી, મગન મેવાસીયા અને રાજેશ ખાંભલીયા રોકાયા હતા.

**અમારા પત્રકાર બાબતમાં કોઈ ફરિયાદ હોય તો અમને આ નંબર પર જણાવો**

**મો.9429787729**

**email:-saurashtrakranti@gmail.com**

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

## વિધાનસભા ચૂંટણીઓ માટે ૧૦ ઉમેદવારો જાહેર

બીજી યાદી પણ જલ્દી જાહેર કરવામાં આવશે. ગોપાલ ઈટાલીયાએ ઉમેર્યું હતું કે, ચૂંટણીઓનું જાહેરનામું બહાર પડે તે પહેલા જ અમારા તમામ ઉમેદવારોના નામ જાહેર થઇ જશે. તમામ ઉમેદવારોને પુરતો સમય મળે તેમજ લોક સંપર્ક સાથે મજબુત રીતે કામ કરી શકે અને એકેએક નાગરિક સુધી પહોંચી શકે એ માટે ઉમેદવારો વહેલા જાહેર કરવાનું પગલું લેવાયું છે. અમે તૈયાર છીએ. કોંગ્રેસ તો હજુ ચિંતનમાં છે અને છેલ્લા દિવસ સુધી આજ કરશે. 'આપ'ના માહિતગાર સુત્રોએ એવું જાહેર કર્યું છે કે, 'આપ'ના પ્રદેશ પ્રમુખ ગોપાલ ઈટાલીયા તથા દિગ્ગજ નેતા ઇસુદાન ગઢવી પણ ચૂંટણીઓમાં ઝુકાવશે. ચૂંટણીઓ જાહેર થયા બાદ આપ દ્વારા મુખ્યમંત્રીનો ચહેરો પણ જાહેર કરી દેવામાં આવશે. તેવું 'આપ'ના સુત્રોએ જણાવ્યું હતું. 'આપ'ના ઉમેદવારોની યાદી નીચે મુજબ છે. (૧) વશરામભાઈ સાગઠીયા- રાજકોટ ગ્રામ્ય (વિધાનસભા-૭૧), (૨) ભેમાભાઈ ચૌધરી- દિયોદર, (૩) સાગર રબારી- બેચરાજી, (૪) અર્જુન રાઠવા- છોટાઉદેપુર, (૫) રામભાઈ ધડુક- કામરેજ (સુરત), (૬) શિવલાલ બારસીયા- રાજકોટ દક્ષિણ (વિધાનસભા-૭૦), (૭) સુધીર વાઘાણી- ગારીયાધાર, (૮) રાજેન્દ્ર સોલંકી- બારડોલી, (૯) ઓમપ્રકાશ તિવારી- નરોડા (અમદાવાદ), (૧૦) જગમાલ વાળા- સોમનાથ. આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે સોમવારે ફરી ગુજરાતની મુલાકાત લીધી હતી અને સોમનાથ વેરાવળમાં સભાને સંબોધન કર્યું હતું. આ મુલાકાત દરમ્યાન કેજરીવાલે પ્રદેશ સંગઠન સાથે ઉમેદવારોની પસંદગી અંગે ચર્ચા- વિચારણા કરી હતી અને યાદીને મંજૂરીની મહોર મારી હતી તેમ જાણવા મળે છે. આગામી દિવસોમાં બાકીનાં ઉમેદવારોની યાદી પણ જાહેર થઇ જશે તેવી સંભાવના છે. આ રીતે ગુજરાતમાં બે મુખ્ય રાષ્ટ્રીય પક્ષો કરતા પણ વહેલી ઉમેદવારોની પસંદગી શરૂ કરી દઈને આમ આદમી પાર્ટીએ ગુજરાતના રાજકારણમાં ગરમાવો લાવી દીધો છે.(૨.૧૨)

## પશુધનની સારવાર અને રસીકરણ વેગવાન બનાવવા મુખ્યમંત્રીનો આદેશ

સેન્ટરની નિરીક્ષણ-મુલાકાત લઈ પશુધનને અપાઈ રહેલી સારવાર-સંભાળની જાણકારી મેળવી હતી. કચ્છ જિલ્લામાં લમ્પી સ્કીન ડિસીઝને વધુ ફેલાતો અટકાવવા અત્યાર સુધી સવા બે લાખથી વધુ પશુધનનું રસીકરણ પશુપાલન વિભાગ અને જિલ્લા તંત્ર દ્વારા હાથ ધરવામાં આવ્યું છે. સમગ્ર રાજ્યમાં જે ૨૦ જિલ્લાઓનાં પશુધનમાં આ રોગચાળો જોવા મળ્યો છે, તે જિલ્લાઓમાં અત્યાર સુધીમાં ૧૦ લાખ ૬ હજારથી વધુ નિરોગી પશુઓનું રસીકરણ થયું છે. જિલ્લા કક્ષાએ આ હેતુસર ૬ લાખથી વધુ વેક્સિન ડોઝ પણ ઉપલબ્ધ છે. પશુધનમાં આ લમ્પી સ્કીન ડિસીઝની સારવાર અને રસીકરણ યુદ્ધના ધોરણે પૂર્ણ કરવા ૨૨૨ પશુચિકિત્સા અધિકારીઓ, ૭૧૩ પશુધન નિરીક્ષકો સઘન સર્વે, સારવાર અને રસીકરણની કામગીરીમાં જોડાયા છે. એટલું જ નહીં, રાજ્યની વેટરનરી કોલેજના સ્નાતક, અનુસ્નાતક અને અધ્યાપકો મળીને ૧૦૭ સભ્યો કચ્છ ઉપરાંત જામનગર, દેવભૂમિ-દ્વારકા અને બનાસકાંઠામાં કાર્યરત થયા છે. કચ્છ જિલ્લા માટે કામધેનુ યુનિવર્સિટીના વધુ ૧૭૫ લોકોને મોકલી રસીકરણ સઘન બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વેકસીનેશન સેન્ટરની પણ મુલાકાત લઈને વેકસીન સ્ટોક, તેની સાચવણી વગેરેની માહિતી મેળવી હતી. તેમણે ત્યારબાદ જિલ્લા કલેક્ટર કચેરીમાં જિલ્લાના અધિકારીઓ સાથે બેઠક પણ યોજી હતી. મુખ્યમંત્રીએ જિલ્લાના પશુધનમાં આ લમ્પી સ્કિન ડીસીઝ વધુ ન ફેલાય તે માટે રોગ ફેલાવતા કીટકોના નિયંત્રણ માટેના પગલાં અને ઉપાયો વધુ સઘન બનાવવા સૂચન કર્યું હતું. તેમણે મૃત પશુઓના વૈજ્ઞાનિક ઢબે નિકાલ થાય તેની તકેદારી રાખવા જિલ્લાના અધિકારીઓને તાકીદ કરી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે આ મુલાકાતમાં કૃષિ કલ્યાણ, સહકાર અને પશુપાલન વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી મુકેશ પુરી, મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવશ્રી પંકજ જોષી અને પશુપાલન નિયામક શ્રીમતી ફાલ્ગુનીબહેન વગેરે જોડાયાં હતાં.

## ઓગસ્ટ-સપ્ટેમ્બરમાં વરસાદ 'નોર્મલ' રહેશે

જ્યારે જુલાઈ મહિનામાં સામાન્યની તુલનાએ ૧૭ ટકા વધુ વરસાદ પડ્યો છે. જો કે દેશનાં પૂર્વિય અને ઉત્તર-પૂર્વિય ભારતનાં રાજ્યમાં સામાન્યથી ૪૫ ટકા ઓછો વરસાદ પડ્યો છે. જે છેલ્લા ૧૧૨ વર્ષનો સૌથી ઓછો વરસાદ પડ્યો છે. દેશમાં પહેલી ઓગસ્ટ સુધીમાં સમગ્ર દેશમાં સામાન્યની તુલનાએ સાત ટકા વધુ વરસાદ પડ્યો છે. જેમાં મધ્ય ભારતમાં ૧૫ ટકા વધુ વરસાદ પડ્યો છે. સૌરાષ્ટ્ર-કચ્છમાં ૫૧ ટકા અને ગુજરાતમાં ૩૪ ટકા વધુ વરસાદ છે. મરાઠાવાડમાં ૬૧ ટકા વધુ વરસાદ પડ્યો છે. પશ્ચિમ રાજસ્થાનમાં ૮૧ ટકા અને પૂર્વ રાજસ્થાનમાં ૨૯ ટકા વધુ વરસાદ પડ્યો છે.(૯)

(અનુ.છેલ્લા પાનાનુ ચાલુ)

## યાંત્રિક રાઇડ્સની ટિકિટમાં વધારો મંજુર કરી હરાજી કરવા માંગ

યોજાવનાર લોકમેળો માં યાંત્રિક રાઇડ્સની ટિકિટ નો ભાવ ૩૦ થી વધારી ને ૫૦ કરવા નમ્ર વિંનતી છે. અમો યાંત્રિક રાઇડ્સ પ્લોટ ધારકો ની ટિકિટ ના ભાવ વધારા ની રજૂઆતની વાસ્તવિકતા ને ધ્યાને લઇ યોગ્ય નિર્ણય હરાજી પહેલા કરવા નમ્ર વિનતી કરી હતી.

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

## ગાંધીનગર ગીફ્ટ સિટીમાં ગોલ્ડ વેપાર અને ફ્યુચર ટ્રેનીંગ માટે વધુ સવલતો ઉપલબ્ધ

તે સિવાય રાજ્યના અન્ય શહેરોમાં પણ એક દિવસની અંદર ડિલીવરી પહોંચી જશે. તેનાથી સમયની બચત થશે અને વધારે પ્રીમીયમ માટે અગાઉ જે નાણા ચૂકવવાના થતા હતા તેમાં પણ જ્વેલર્સને રાહત મળશે. અગાઉની વ્યવસ્થા અનુસાર જ્વેલર્સને ગોલ્ડનું ટ્રેડીંગ કરવું હોય તો અધિકૃત બેન્કોની વ્યવસ્થા મારફતે કરવાનું રહેતું હતું. તેમજ આંતરરાષ્ટ્રીય સેલરના નિયમ અનુસાર ૩૦ દિવસનો કન્સાઇનમેન્ટ પીરીયડ રહેતો હતો . તેમાં અગાઉથી પ્રીમીયમ ચૂકવવું પડે છે અને માલના જથ્થો પણ નક્કી કરીને ઉઠાવવો પડે છે. ઘણી વખત જો સ્થાનિક જ્વેલર્સને માલની ખપત એટલી ના રહે તો પણ તે જથ્થો ઓછો કરી શકાતો નથી. જ્યારે IIBXના લીધે હવે જ્વેલર્સને સીધા સપ્લાયર અહીં જ મળી રહે છે અને જે ભાવ અત્યારે ચાલતો હોય તે અનુસાર નક્કી કરીને તાત્કાલિક જ ડિલીવરી લઇ શકે છે. IIBX પર અત્યારે ભારતના ૬૪ ક્વોલિફાય્ડ જ્વેલર્સે રજીસ્ટ્રેશન કરાવ્યું છે, જેમાંથી ૧૪ ગુજરાતના છે. અહીં રજીસ્ટ્રેશન કરાવવા માટે ૨૫ કરોડનું ટર્નઓવર હોવું જરૂરી છે. આ એક્સચેન્જથી હવે ગુજરાતના જ્વેલર્સને તહેવારોની સીઝનમાં જ્યારે માંગ વધારે હોય ત્યારે તાત્કાલિક ડિલીવરીથી તેમને કમિશન અને એજીંગ કોસ્ટમાંથી છૂટકારો મળશે અને તેમના નાણા લાંબા સમય સુધી રોકાયેલા નહિં રહે. જ્વેલર પોતે પ્રાઇઝ રજૂ કરી શકશે. અગાઉની વ્યવસ્થામાં લંડન કે ન્યૂયોર્કના કોમેક્સ મારફતે બેન્કોને જે ક્વોટ મળતો એ જ લઇ લેવાનો રહેતો હતો. હવે બાયર સીધું સેલરને ક્વોટ આપી શકશે. તેના લીધે બેન્કો કે અન્ય નાણાકીય સંસ્થાઓને આપવાના કમિશનના ખર્ચામાં પણ બચત થશે.

## દિલ્હીમાં બાળકોને સ્કુલમાં ભણતા જોઈ શકશે માતા-પિતા

લગાવવાનો નિર્ણય લીધો હતો. પરંતુ કોવિડ-૧૯ રોગચાળાને કારણે આ કામમાં વિલંબ થયો છે. કેમેરા લગાવનાર કંપની પાંચ વર્ષ સુધી જાળવણીની જવાબદારી સંભાળશે. શાળાઓની સમગ્ર બાઉન્ડ્રી વૉલ કેમેરાથી કવર થાય તે રીતે કેમેરા લગાવવામાં આવ્યા છે. તમામ વર્ગોમાં કેમેરા લગાવ્યા બાદ મુખ્ય શિક્ષકના રૂમમાં એલઇડી સ્ક્રીન પર દરેક વર્ગખંડની સ્થિતિ જોવાની વ્યવસ્થા કરવામાં આવી છે. દરેક શાળાના વર્ગખંડમાં ત્રણ સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે. સીસીટીવી કેમેરાનુ નિયંત્રણ સ્થાપિત દિલ્હી સરકારના અને શિક્ષણ વિભાગ પાસે હશે. સરકાર મોબાઈલ એપ દ્વારા દરેક વાલીઓને તેમના બાળકના વર્ગ અને રોલ નંબરના આધારે અનન્ય એક્સેસ પ્રદાન કરશે. આ મોબાઈલ એપ દ્વારા વાલીઓ ફક્ત તેમના બાળકના વર્ગના લાઈવ સીસીટીવી ફૂટેજ જોઈ શકશે. વાલીઓને ટૂંક સમયમાં પાસવર્ડ મળવાનુ શરૂ થશે સરકાર નવેમ્બર સુધીમાં તમામ ૧૦૨૮ શાળાઓમાં આ સુવિધા પૂરી પાડવાની યોજના ધરાવે છે.(૯)

# રસ્તા પર નડતરરૂપ ૧૫ રેંકડી-કેબીનો, ૯૦ બોર્ડ-બેનરો જપ્ત





## રાજકોટ મહાનગરપાલિકાની દબાણ હટાવ શાખા દ્વારા કરાઈ કામગીરી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨

મહાનગરપાલિકાની દબાણ હટાવ શાખા દ્વારા ગત તા.૨૫ થી ૩૧ જુલાઈની શહેરમાં જુદી જુદી જગ્યાએ જાહેર માર્ગો પર દબાણરૂપ એવા રેંકડી-કેબીન, અન્ય ચીજવસ્તુઓ, શાકભાજી-ફળો જપ્ત તેમજ પશુઓને આપવામાં આવતું લીલું, બોર્ડ-બેનરો વગેરે જપ્ત કરવાની કામગીરી કરવામાં આવેલ છે.

જેમ કે, રસ્તા પર નડતર ૧૫ રેંકડી-કેબીનો રામાપીર ચોકડી, વૈશાલીનગર, મવડી મેઈન રોડ, લક્ષ્મીનગર PGVCL ઓફીસ પાસે, પુષ્કરધામ રોડ, શિવમ પાર્ક,ગાયત્રીનગર,આંનદબંગલા ચોક, જંકશન રોડ, જ્યુબેલી માર્કેટ, મોચી બજાર, ગુમાનસીંહજી માર્કેટ, રેસકોર્ષ ગ્રાઉન્ડ, કૃષ્ણનગર મેઈન રોડ, પરથી જપ્ત કરવામાં આવી હતી, જુદીજુદી અન્ય ૧૬૫ પરચુરણ ચીજવસ્તુઓ જપ્ત કરવામાં આવી હતી જે જ્યુબીલી, નુતન નગર રોડ, અયોધ્યા ચોક, મવડી મેઈન રોડ, એસ્ટ્રોન નાલા પાસે, રેસકોર્ષ ગ્રાઉન્ડ, હોસ્પિટલ ચોક, રેલવે જંક્સન, રૈયા રોડ, બસ સ્ટેશન સામે ઢેબર રોડ, નંદનવન મેઈન રોડ, ચંદ્રેશનગર, કુવાવડા રોડ, શાસ્ત્રી મેદાન, પરથી જપ્ત કરવામાં આવી હતી, ૬૫ કિ.ગ્રા. શાકભાજી-ફળો કે જે ઉપયોગમાં લઇ શકાય તેમ ન હતા તેને નંદનવન મેન રોડ, પુષ્કરધામ મેઈન રોડ, મવડી મેઈન રોડ, જ્યુબિલી માર્કેટ, રેલ્વે જંકશન, આંનદબંગલા ચોક, પરથી જપ્ત કરવામાં આવ્યા હતા, તેમજ રૂ.૩૩,૦૦૦ વહીવટી ચાર્જ રેલનગર ઢેબર રોડ,પેલેસ રોડ, યુનિવર્સિટી રોડ, ચંદ્રેશનગર રોડ, નાના મૌવા રોડ, રૈયા રોડ, માટેલ ચોક, મોરબી રોડ, પરથી વસુલ કરવામાં આવ્યો હતો. રૂ.૮૯,૧૫૫ મંડપ ચાર્જ જે રેલનગર, યાજ્ઞીક રોડ, મવડી રોડ, રૈયા રોડ, સેટેલાઇટ રોડ, નાના મૌવા રોડ, સાધુવાસવાણી રોડમાંથી વસુલ કરવામાં આવ્યો હતો, અને ૯૦ બોર્ડ-બેનરો જે કોઠારીયા રોડ,સોરઠીયાવાડી પરથી જપ્ત કરવામાં આવ્યા હતા.

## લાલબહાદુર શાસ્ત્રી કન્યા વિદ્યાલયને એવોર્ડ





### સી.જે. ગ્રુપ દ્વારા શ્રેષ્ઠ શાળા તરીકે પસંદગી કરીને વિશિષ્ટ બહુમાન

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨

મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત લાલ બહાદુર શાસ્ત્રી કન્યા વિદ્યાલય સદર બજાર-રાજકોટને સી.જે ગ્રુપ, રાજકોટ દ્વારા શ્રેષ્ઠ શાળાનો સન્માન એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં રામકૃષ્ણ આશ્રમ, રાજકોટના સ્વામી ગોરીકાન્તાનંદ મહારાજે હાજરી આપી હતી અને આર્શિવચન પાઠવ્યા હતા. સી.જે ગ્રુપના ધર્મેશભાઈ તેમજ ચિરાગભાઈ ધામેચાએ હાજરી આપી હતી.

રામકૃષ્ણ આશ્રમ રાજકોટ દ્વારા પણ લાલબહાદુર શાસ્ત્રી કન્યા વિદ્યાલયનું સન્માન કરવામાં આવ્યું હતું. સી.જે ગ્રુપ દ્વારા શાળાની લાઇબ્રેરી માટે ઉતમ પુસ્તકોનું દાન આપવામાં આવ્યું હતું. આ સન્માન બદલ શાળા પરિવારે સી. જે ગ્રુપ તેમજ રામકૃષ્ણ આશ્રમનો આભાર વ્યક્ત કર્યો હતો.

સમગ્ર કાર્યક્રમ શાળાના આચાર્ય ભરતસિંહ પરમારના માર્ગદર્શન હેઠળ તેમજ સ્ટાફ પરિવારની જહેમતથી સફળ નિવડયો હતો. કાર્યક્રમની સફળતા બદલ તેમજ શાળાના સન્માન બદલ ટ્રસ્ટી અલ્પના બેન ત્રિવેદીએ અભિનંદન પાઠવ્યા હતા.

## પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીને શુભેચ્છા પાઠવતા ભૂપત બોદર

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨



રાજકોટ જિલ્લા પંચાયતના પ્રમુખ ભૂપતભાઈ બોદરએ રાજયના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને જન્મદિવસની શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું કે, વિજયભાઈ રૂપાણી અને તેમની સંવેદનશીલતા એકમેકના પર્યાય બની ગયા છે. તેઓ એક સંવેદનશીલ અને લાગણીશીલ, જીવદયાપ્રેમી અને પયાર્વરણપ્રેમી પણ છે. મુખ્યમંત્રી તરીકે તેમણે અનેકાનેક નિણાર્યક, પ્રગતીશીલ નિર્ણયો લઈને તેઓએ સમગ્ર ગુજરાતને ખ્યાતિપ્રાપ્ત કરાવી છે. નિખાલસ, એક જનપ્રતિનિધિ તરીકે વિજયભાઈ રૂપાણી દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની જેમ એક પ્રજાવત્સલ નેતા તરીકે ઓળખાયા છે.

## લાલબહાદુર કન્યા વિદ્યાલયમાં પ્રેરણારૂપ આયોજન
# વિદ્યાર્થીનીઓએ ૧૧૧૧ રાખડીઓ ફૌજી જવાનોને મોકલી





### ધો.૯ થી ૧૨ માં અભ્યાસ કરતી તરૂણીઓએ જાતે જ બનાવેલી રાખડીની સ્પર્ધા પણ યોજાઈ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨

મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત લાલબહાદુર શાસ્ત્રી કન્યા વિદ્યાલય, સદર બજાર, રાજકોટમાં દેશના વીર જવાનોને રક્ષાબંધનના પવિત્ર પર્વ નિમિત્તે રક્ષા સુત્ર મોકલાવવા માટેના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ અંતર્ગત શાળાની ધોરણ ૯ થી ૧૨ ની વિદ્યાર્થીનીઓએ જાતે બનાવેલી ૧૧૧૧ રાખડીઓ સુપ્રત કરીને દેશ પ્રત્યેની પોતાની કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

કાર્યક્રમમાં ટ્રસ્ટી ડો.અલ્પનાબેન ત્રિવેદી, પોસ્ટ માસ્ટર જનરલ ઓફિસર નીરજભાઈ રાજદેવ, રેલ્વે મેઈલ સર્વિસ ઓફિસમાં કાર્યરત દિપકભાઈ દત્તા, રોટરી કલબ ઓફ રાજકોટમાંથી અનિલભાઈ જસાણી, હરેશભાઈ પરમાર, જીગ્નેશ ભાઈ કાળદાર તેમજ શૈલેષભાઈ દેસાઈએ હાજરી આપીને કાર્યક્રમની શોભા વધારી હતી.

ધોરણ ૯ થી ૧૨ માં રાખડી સ્પર્ધાનું આયોજન થયેલું હતું . જેના ઇનામ વિતરણનો કાર્યક્રમ પણ યોજવામાં આવેલ આવેલ હતો. ઉપસ્થિત અતિથિઓએ વિજેતા વિદ્યાર્થીનીઓને ઇનામ આપી અને પ્રોત્સાહિત કર્યા હતા.

આ કાર્યક્રમમાં શાળામાં ચાલતા એન.એસ.એસ યુનિટ, સ્કાઉટ ગાઈડ યુનિટ, રોટરી કલબ ઓફ રાજકોટ મીડટાઉન અંતર્ગત ઇન્ટરેક્ટ કલબ યુનિટની વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લઈને પોતાની દેશ પ્રત્યેની લાગણી વ્યક્ત કરી હતી. કાર્યક્રમનું સંચાલન ગુંદીગરા હીર તેમજ ગોહિલ યશ્વિએ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમ શાળાના આચાર્ય ભરતસિંહ પરમારના માર્ગદર્શન હેઠળ સ્ટાફ પરિવારની જહેમતથી સફળ નિવડ્યો હતો.

## બાલભવનમાં દંતચિકિત્સા કેમ્પ અને ચિત્ર સ્પર્ધા





**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨

બાલભવન દ્વારા દર શનિવારે અવનવા કાર્યક્રમો યોજવામાં આવે છે. તેના ભાગરૂપે ગત શુક્રવારે બાળસભ્યો માટે પર્યાવરણલક્ષી રંગપૂરણી અને ચિત્ર સ્પર્ધા યોજવામાં આવી હતી. સાથે બાળકોના દાંતની તપાસ માટે વિનામૂલ્યે ડેન્ટલ ચેકઅપ કેમ્પ પણ યોજવામાં આવેલ. જેમાં પૂર્વ બાલશ્રી એવોર્ડ વિજેતા ડો. ચંદ્રશેખર જાષીએ ચિકિત્સા સેવા આપી બાળકો અને તેમના વાલીઓને દાંતની કાળજી અંગે માર્ગદર્શન પુરૂ પાડયુ હતુ. રંગપૂરણી ચિત્ર સ્પર્ધાના પરિણામો જાહેર કરવામાં આવતા રંગપુરણીમાં તનીષ્કા મહેતા પ્રથમ, વીર સુરતી દ્વીતીય, જેસીકા સોરઠીયા તૃતિય તેમજ બિરવા ઝાલા, ઓમ જાની, યશરાજ ચૌહાણ અને યાત્રી વેકરીયાને પ્રોત્સાહન ઇનામો અપાયા હતા. જયારે ચિત્ર સ્પર્ધામાં પ્રાપ્તી ભીમાણી પ્રથમ, જાનકી પંડયા દ્વિતીય, દેવાંશી જોષી તૃતીય ક્રમે વિજેતા જાહેર થયા હતા. જેઓને ડો. ચંદ્રશેખર જોષી, અમરેલી બાલભવનના દિનેશભાઇ તેમજ રાજકોટ બાલભવનના માનદ મંત્રી મનસુખભાઇ જોષીના હસ્તે ઇનામો અને સર્ટિફિકેટ એનાયત કરાયા હતા. ઓફીસ સુપ્રિન્ટેન્ડેન્ટ કિરીટભાઇ વ્યાસના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમનું સંચાલન પલ્લવીબેન વ્યાસે સંભાળ્યું હતું.



રાજકોટઃ શ્રાવણ સુદ ત્રીજ ફુલ કાજળી વ્રત નિમિતે શ્રી રાજેશ્વર મહાદેવ (રાજદીપ સોસા) ના મંદિરે પૂજારી મુકેશગીરીબાપુ દ્વારા કુવારીકાઓને શિવ પાર્વતીનું વિધિવ્રત પૂજન કરાવ્યું હતું. તેમ રાજ ધામેલીયાએ જણાવ્યું હતું.

## અનુ.જાતિના લોકો ઉપર ઉનાકાંડ બાદ થયેલ કેસો પરત ખેંચવા માટે રાજકોટ ખાતે રાજય સ્તરે મહાસંમેલનનું આયોજન

### યુવા ભીમ સેના તથા સમસ્ત અનુ.જાતિ સમાજ, સંગઠનો દ્વારા કરાયું આયોજન

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨

અનુ.જાતિના લોકો ઉપર ઉનાકાંડ આંદોલન, ૨ એપ્રિલ ભારત બંધ આંદોલન, ભાનુભાઈ વણકર શહીદી વખતે થયેલ આંદોલન દરમ્યાન, અનુ.જાતિના લોકો ઉપર થયેલ અત્યાચારો તેમજ હક્ક અધિકારો માટે થયેલા આંદોલનો બાદ કરવામાં આવેલ કેસો પરત ખેંચાવવા માટે યુવા ભીમસેના તથા અનુ.જાતિ સમાજના સંગઠનો દ્વારા રાજકોટ ખાતે મહા સંમેલનનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં અનુ.જાતિના વિવિધ સંગઠનો દ્વારા સરકારને આવેદનપત્ર આપી, જે રીતે પાટીદાર અનામત આંદોલન બાદ ગુજરાત ભરમાં તોફાનો ફાટી નીકળેલ હતા. સરકારની મશનરીને ખૂબ મોટા પ્રમાણમાં નુકસાન કરેલ હતું. તે દરમ્યાન પાટીદાર સમાજના લોકો પર થયેલ કેસો જે રીતે સરકાર દ્વારા પરત ખેંચવામાં આવેલ છે. એજ પ્રમાણે ભારતના બંધારણીય અધિકારો મુજબ સમાનતાના સિદ્ધાંતોને ધ્યાને લઈ અનુ.જાતિના વિવિધ આંદોલન બાદ થયેલ કેસો પરત ખેંચાવવા માટે રાજકોટ ખાતે અરવિંદભાઈ મણીયાર હોલ, જ્યુબેલી બાગ તા.૩-૮-૨૦૨૨ને બુધવારના રોજ સવારે ૯ કલાકે યુવા ભીમસેના તેમજ અનુ.જાતિના વિવિધ સંગઠનો દ્વારા મહા સંમેલનનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ગુજરાત ભરમાંથી વિવિધ આગેવાનો, સમાજના અગ્રણીઓ, સમાજ પ્રેમી ભાઈઓ, વગેરે બોહળી સંખ્યામાં ઉપસ્થિત રહી સરકારને આવેદનપત્ર આપવા માટે ગાંધીનગર ખાતે રજૂઆત કરવા માટે, જવા માટેની આગળની રણનીતિઓ ઘડવા માટે, વિવિધ મુદ્દાઓની ચર્ચા વિચારણાઓ કરી આ ખોટા અને ગેરકાયદેસરના કેસો પરત ખેંચાવવા માટે આયોજનબધ રીતે રજૂઆતો કરવા માટે તેમજ આગળની રણનીતિ ઘડવા માટે મોટી સંખ્યામાં અનુ.જાતિ સમાજના લોકો હાજર રહેશે.

આયોજનમાં ડી.ડી.સોલંકી, રમેશભાઈ મુછડીયા, જયસુખભાઈ સોલંકી, પ્રવિણભાઈ પરમાર, દિનેશભાઈ પડાયા, રમેશભાઈ પારઘી, નિલેશભાઈ પારઘી, જગદિશ ચાવડા, કિશોરભાઈ રાઠોડ, વાલજીભાઈ રાઠોડ, જયેશભાઈ મકવાણા, ભુપેન પરમાર અને જયંતિ રાઠોડ જોડાયા છે.

## ભાજપ દ્વારા સમાવિષ્ટ વોર્ડ કાર્યકરોની બેઠક યોજાઈ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨



સંગઠન સંરચના અને આગામી વિધાનસભાની ચૂંટણીને અનુલક્ષીને પ્રદેશ ભાજપ દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ હોય તે અંતર્ગત શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીના માર્ગદર્શન હેઠળ અને વિધાનસભા-૬૮ના ધારાસભ્ય અને રાજયના મંત્રી અરવિંદભાઈ રૈયાણીની ઉપસ્થિતિમાં વિધાનસભા-૬૮ના પ્રભારી પ્રદિપભાઈ વાળા દ્વારા વોર્ડ નં.૩, ૪,૫,૬,૧૫,૧૬ના અપેક્ષિત શ્રેણીના કાર્યકર્તાઓ સાથે બેઠક યોજાઈ હતી. આ તકે શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, મહામંત્રી નરેન્દ્રસિંહ ઠાકુર, ઉપપ્રમુખ અશોક લુણાગરીયા, કલ્પનાબેન કિયાડા, સોનલબેન ચોવટીયા તેમજ વોર્ડ ૪ ના પ્રભારી દિપક પનારા સહિતના ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન દિપક પનારાએ કરેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા વિધાનસભા-૬૮ના સર્વે કાર્યકર્તાઓએ જહેમત ઉઠાવી હતી.

## શહેરી ગ્રામ્ય વિસ્તારમાં સઘન વેક્સિનેશન માટે નોડલ ઓફિસરની નિયુક્તિ કરાઈ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨

રાજકોટ જિલ્લામાં પશુઓમાં લમ્પી સ્કીન રોગ બચાવ તેમજ નિયંત્રણમાં માટે સંબંધિત તાલુકાના મામલતદારના અધ્યક્ષ સ્થાને જિલ્લા સંકલન સહ મોનીટરીંગ કમિટીની રચના કરવામાં આવી છે. જેમાં સહ અધ્યક્ષ તરીકે તાલુકા વિકાસ અધિકારી તેમજ ચીફ ઓફિસરઓ, સભ્ય સચિવ તરીકે તાલુકા પશુપાલન અધિકારી, સભ્ય તરીકે તાલુકા આરોગ્ય અધિકારી તેમજ સંબંધિત પોલીસ સ્ટેશનના અધિકારીઓ સમાવિષ્ટ છે. આ કમિટીએ લમ્પી સ્કીન રોગના નિયંત્રણ, બચાવ અને સારવાર સંબંધિત કામગીરીનું મોનીટરીંગ કરવાનું રહેશે. રોગથી અસરગ્રસ્ત પશુઓની સારવાર, આઈસોલેશન, વેક્સિનેશન અને આનુષંગિક કામગીરી સુનિશ્ચિત કરવાની રહેશે. તેમજ પોલીસ વિભાગ અને પ્રાદેશિક વાહન વ્યવહાર વિભાગ દ્વારા પશુઓની અવર જવર નિયંત્રિત કરવાની રહેશે. સાથે આરોગ્યની ટીમ દ્વારા પશુઓના રહેણાંક વિસ્તારમાં સ્વચ્છતાં, આરોગ્યપ્રદ વાતાવરણ તેમજ જંતુનાશક દવાઓનો છંટકાવની કામગીરી કરવાની રહેશે. ઉપરાંત રખડતાં બિનવારસી અસરગ્રસ્ત પશુઓની દેખરેખ અને સારવારની અલાયદી વ્યવસ્થા કરવાની રહેશે.

## મોટીપાનેલી ગ્રા.પં.ના કેબલની ત્રીજી વખત ચોરી

**(આશિષ લાલકીયા દ્વારા)**

ઉપલેટા, તા.૨



ઉપલેટા તાલુકાના તેર હજારની વસ્તી ધરાવતા મોટી પાનેલી ગામમાં તસ્કરો બેફામ બની ગયા છે. તસ્કરો સતત ત્રીજી વાર મોટી પાનેલી ગામને પીવાનું પાણી પુરૂ પાડતા સંપના કેબલની ચોરી ગયા છે. પ્રથમ વખત ચારસો ફૂટ, બીજી વારમાં પંદરસો ફૂટ જેવો અને ત્રીજી વાર આઠસો ફૂટ કેબલ ચોરી ગયા હોવાનું સામે આવ્યું છે ત્યારે ગ્રામ પંચાયત તરફથી પોલીસ સ્ટેશનમાં

### તસ્કરોની કરતૂતના કારણે પાણી વિતરણ ઠપ્પ થતાં ગ્રામજનોની હાલત કફોડી

પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે. પોલીસ ફરિયાદ મુજબ ૬ એમ.એમ. નો ૨૧૦૦ ફૂટનો વાયર આશરે ૪૫૦૦૦ હજારના મુદા માલની ચોરી થયેલ હોવાનું સામે આવ્યું છે. ગ્રામ પંચાયત સરપંચ શારદાબેન ચંદુભાઈ જાદવ દ્વારા પોલીસ ફરિયાદ કરી તસ્કરોને વહેલીતકે ગિરફ્તાર કરી મુદ્દામાલ પરત મળે અને લોકોને રાહત મળે તેવું કરવા ભારપૂર્વક જણાવેલ. આ બનાવ બાદ હાલ તો લોકોને પાણીની સમસ્યા ભોગવવાનો વારો આવ્યો છે તેવું ઉપસરપંચ જાતિન ભાલોડીયાએ જણાવ્યું છે.

## સદ્ગુરૂ ગોપાલાનંદ સ્વામી યાત્રિક ભવનનું કરાશે ખાતમુહૂર્ત
# સાળંગપુરમાં કાલે આચાર્ય રાકેશપ્રસાદજીના જન્મોત્સવની ઉજવણી



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

### શ્રાવણ માસ નિમિત્તે દરરોજ અલભ્ય શૃંગાર, અભિષેક, અન્નકૂટ વગેરેનું પણ થતું આયોજન

સાળંગપુર, તા.૨

બોટાદ જિલ્લાના વિખ્યાત તીર્થધામ સાળંગપુરધામના આંગણે તા.૩ ના બુધવારે આચાર્ય શ્રી રાકેશ પ્રસાદજી મહારાજના ૫૬માં જન્મોત્સવની ઉજવણી કરવામાં આવશે. આવતીકાલે શ્રાવણ વદ-૬ ના દિવસે સવારે ૮ થી ૧૧:૩૦ વાગ્યા દરમિયાન પ.પૂ. શ્રી હરિપ્રકાશદાસજી સ્વામી (અથાણાવાળા) યોજીત વિશેષ કાર્યક્રમ સમયે સદ્ગુરૂ યોગીવર્ય શ્રી ગોપાલનંદ સ્વામી યાત્રિક ભવનનું ખાતમુહૂર્ત પણ કરવામાં આવનાર છે. સ્વામિનારાયણ મંદિર, વડતાલધામ સંચાલિત શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર, સાળંગપુર ખાતે હાલ પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે દરરોજ અલભ્ય શૃંગાર, અભિષેક, અન્નકૂટ વગેરેનું પણ આયોજન કરવામાં આવી રહ્યું છે. જેમાં હવે તા.૬ ના ચોકલેટ અન્નકૂટ અને શણગાર તા.૮ ના પવિત્રાનો શણગાર, તા.૯ મીએ પેન-પેન્સિલનો દિવ્ય શણગાર, તા.૧૨મીએ રક્ષાબંધને કેસરનો અભિષેક અને નાળિયેરીના પાનનો શણગાર, તા.૧૩મીએ ડ્રાયફ્રૂટ અન્નકૂટ અને અભિષેક, તા.૧૫મી ઓગસ્ટે દેશભકિત શણગાર, તા.૧૬મીએ દિવ્ય શૃંગાર, તા.૧૯મીએ જન્માષ્ટમી મહોત્સવ અને કેકનો અન્નકૂટ, તા.૨૦મીએ રજવાડી શણગાર અને અથાણા-રોટલાનો અન્નકૂટ તા.૨૩મીએ દિવ્ય શણગાર તથા તા.૨૭મીએ મીઠાઈના અન્નકૂટ સાથે શ્રાવણ માસની વિશેષ ઉજવણી સંપન્ન થશે.

## પ્રગટ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સર્વજ્ઞાતિ સમૂહ લગ્નનું આયોજન

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨

શ્રી પ્રગટ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સતત ૨૩ માં વર્ષે અગીયાર કન્યાઓના સર્વજ્ઞાતિ સમૂહ લગ્ન તા.૪/૧૨ રવિવારના રોજ રાખવામાં આવેલ છે. આ સમૂહ લગ્નમાં સામેલ દીકરી તથા દીકરા બંન્ને પક્ષોને સંસ્થા તરફથી ભોજનના ૨૫ પાસ આપાવામાં આવશે. તેમજ કર્યાવરમાં કન્યાઓને ૧૦૧ આઇટમ ભેટ આપવામાં આવશે. આ ફોર્મનું વિતરણ વહેલા તે પહેલાના ધોરણે સવારે ૧૦ થી ૧૨ કલાકે તથા સાંજે ૫ થી ૮ કલાકે સંસ્થાના કાર્યાલય પ્રગટ ચેરીટેબલ ટ્રસ્ટ, પ્રગટ હનુમાનજી મંદિર, લક્ષ્મીવાડી શેરી નં.૯/અ, મિલપરા મેઇન રોડ, રાજકોટ ઉપર વહેલા તે પહેલાના ધોરણે ઇચ્છુક વ્યકિતએ મેળવી લેવા તા.૪/૧૨ ના સમૂહલગ્નોત્સવમાં મીલપરા તથા લક્ષ્મીવાડી વિસ્તારના રહેવાસીઓને મહાપ્રસાદમાં પધારવાનું હાર્દિક જાહેર આમંત્રણ પાઠવવામાં આવે છે.

આ માનવ સેવા કાર્યમાં સંસ્થાના પૂજાબેન ભટ્ટ, જયાબેન વાઘેલા, કશ્યપભાઇ ભટ્ટ, દેવાંગભાઇ ભટ્ટ, કિશનભાઇ સુચક, પંકજભાઇ વ્યાસ, બકુલભાઇ સરવૈયા, ચિંતન રાચ્છ, ધર્મેશભાઇ રાઠોડ, કશ્યપભાઇ ભટ્ટ, સવજીબાપા, પાવન શિશાંગીયા, પ્રિયાંશ ગોહેલ, બચુભાઇ માખેલા તથા અન્ય કાર્યકરો સેવા આપી રહ્યા છે. વધુ માહિતી માટે સંસ્થાના પ્રમુખ જગદીશભાઇ એસ. ભટ્ટ મો.૯૯૨૫૦ ૧૭૮૮૮ નો સંપર્ક કરવા જણાવાયું છે.

# 'આત્મમંથન'

## સનાતની તહેવારો અને લોકપર્વ

આપણાં ધર્મમાં જેટલાં તહેવારો નથી એટલાં લોકપર્વ છે, સમજ્યાં? ના, નહીં સમજાયું હોય, ચાલો સમજીએ..

જાન્યુઆરીથી શરૂઆત કરીએ, સુગમ રહેશે

ધાર્મિક દ્રષ્ટિએ સંક્રાંતનાં દિવસે દાનનો મહિમા, બસ આટલું જ, બાકી પતંગ ચગાવવો, ચીક્કી ખાવી એવું ગુજરાતમાં, 'તીલ ગુડ ખા ગોડ ગોડ બોલા' કહી તલનાં લાડું વહેંચવા અને હળદર અને કંકુ જે આરોગ્ય અને સૌભાગ્યનું પ્રતિક મનાય છે એની આપ-લે કરી હલદી-કંકુની રસમ કરવી એ મહારાષ્ટ્રમાં, નવા પાકની લણણી કરીને, એની વહેંચણી કરીને નાચ ગાન કરવું એ પંજાબમાં અને નવાં પાકેલા ચોખાની ખીર (પાયસમ) બનાવીને શુકન કરવાં એ દક્ષિણમાં થાય એને લોકપર્વ કહેવાય એટલે પતંગ ના ચગાવે કે ચીક્કી ના વહેંચે એને સનાતની પરંપરાનું અપમાન કર્યું એમ ના કહેવાય.

૨૬ જાન્યુઆરીએ આવતો પ્રજાસત્તાક દિન એ રાષ્ટ્રીય પર્વ છે.

ફેબ્રુઆરીમાં આવતો વેલેન્ટાઈન ડે એ વિદેશી તહેવાર છે. આ ડેનું મહત્વ જાણ્યા વગર ઘણાં લોકો ફક્ત દેખાદેખીમાં આ દિવસને 'પ્રેમદિવસ' તરીકે ઉજવે છે.

શિવરાત્રીએ સંપૂર્ણ પણે સનાતની તહેવાર છે પણ ભાંગ પીવી ફરજિયાત નથી.

માર્ચ મહિનામાં અંતમાં (ફાગણ) આવતો હોળી-ધુળેટીનો તહેવાર સનાતની મહત્વ ધરાવે છે.

કૃષ્ણ ભક્ત પ્રહલાદને એનાં જ આપખુદી પિતા અને કપટી ફોઈ હોલિકાથી બચાવવા વિષ્ણુ નરસિંહ અવતાર ધારણ કરે છે અને પ્રહલાદના પિતાનો વધ કરે છે.આજે પણ આ તહેવાર ભારતભરમાં ધામધૂમથી ઉજવાય છે. ગુલાલથી એકબીજાને રંગીને હોળીની શુભેચ્છાઓ આપવા સુધી ઠીક છે પણ કેમીકલ યુક્ત રંગ વાપરવા અતિશયોક્તિ છે.

આ દિવસે ભગવાનને ભારતનાં લગભગ દરેક પ્રદેશમાં અવનવા નૈવેદ્ય ધરાવવામાં આવે છે.

ચૈત્ર સુદ એકમ એટલે કે જેને મરાઠીમાં ગુડી પડવો કહેવાય છે એ આપણાં હિન્દુ વર્ષ નો પ્રથમ દિવસ છે જે મહારાષ્ટ્રમાં ધામેધુમે ઉજવાય છે.

ચૈત્ર મહિનામાં જ આવતા રામનવમી અને હનુમાન જયંતી પણ સનાતની તહેવારો છે.

૧ મે એ આવતો મજૂર દિવસ વિશ્વભરમાં ઉજવાય છે, શ્રમ કરનારાં મજૂરોના માનમાં આ દિવસને આવું નામ અપાયું છે.

ગુજરાત અને મહારાષ્ટ્ર એક સમયે એક જ રાજ્ય ગણાતાં જેને ૧ મે ના દિવસે અલગ અલગ રાજ્ય તરીકે દરજ્જો મળ્યો એટલે ગુજરાતમાં 'ગુજરાત દિન' તરીકે અને મહારાષ્ટ્રમાં 'મહારાષ્ટ્ર દિવસ' તરીકે ઉજવાય છે.

જુલાઈમાં (લગભગ અષાઢ) આવતો દેવપોઢી એકાદશીનો પવિત્ર દિવસ એ સનાતની મહત્વ ધરાવે છે, એક માન્યતા પ્રમાણે આ દિવસે દેવ નિદ્રાધીન થાય છે, એનાં પછી તરત આવતી ગુરૂપૂર્ણિમાને દિવસે માતા - પિતા પછીનું સ્થાન ધરાવતા ગુરૂને માન - સન્માન આપવાની પ્રથા છે.

આજ સમય દરમિયાન આવતાં મોળાકત, એવરત - જીવરત અને જયાપાર્વતી એ લોકપર્વ છે. આ તહેવારો સનાતની મહત્વ ધરાવતા નથી એટલે આવાં વ્રત ના રાખનાર હિન્દુ ધર્મનો અનાદર કરે છે એવું ના કહી શકાય.



(મમતા પટેલ-મુંબઈ)

હવે શરૂ થયો શ્રાવણ (લગભગ ઓગસ્ટ), આ મહિનામાં આવતાં તીજ, નાગપંચમી, શિતળા સાતમ અને બોળચોથ જેવાં તહેવાર પણ લોકપર્વ જ છે.

તમે માર્ક કરજો કે લોકપર્વ હંમેશા અમુક પ્રદેશ પુરતાં જ સિમિત રહી જાય છે અને દરેક હિન્દુ એ પર્વ મનાવતાં નથી.

તીજ એ મધ્ય પ્રદેશનાં હિન્દુઓ દ્વારા મનાવાતુ પર્વ છે.

નાગ ક્યારેય દુધ પીતાં નથી. શિતળા એક જમાનામાં ઘાતક રોગ હતો જેની રસી વર્ષો પહેલાં શોધાઈ ગઈ છે, શ્રાવણી સાતમને દિવસે ઠંડુ ખાવાની પરંપરા ગુજરાત પુરતી જ સિમિત છે અને રામાયણ કે મહાભારતમાં આ તહેવારનો ક્યાંય ઉલ્લેખ નથી.

બોળચોથ તો કદાચ દરેક ગુજરાતી પણ નથી મનાવતો.

શ્રાવણ સાથે શિવનો સંબંધ છે અને તેનું સનાતની મહત્વ છે પણ એનો મતલબ શિવની ઉપાસના કરવી, નહીં કે દુધની નદીઓ વહેવડાવી અને જુગાર રમવો.

શ્રાવણ વદ આઠમના દિવસે એટલે કે રાત્રે બાર વાગ્યે ઉજવાતો કૃષ્ણ જન્મ (જન્માષ્ટમીનો તહેવાર) સનાતની મહત્વ ધરાવે છે, એનાં બીજે દિવસે કૃષ્ણની બાળલીલાને યાદ કરી માખણ ધરાવવાની કે મટકી ફોડવાની પણ પરંપરા છે પણ એનાં માટે લાખોનાં ઈનામો અને હદ બહારની ઉંચાઈ પર ચડીને દારૂ પીધેલી હાલતમાં મટકી ફોડવાની જરાય જરૂર નથી, આવી રીતે મનાવાતા તહેવારો સનાતની પરંપરાને હાસ્યાસ્પદ બનાવે છે.

પંદર ઓગસ્ટે આવતો સ્વાતંત્ર્ય દિન રાષ્ટ્રીય પર્વ છે અને બસો વર્ષની અંગ્રજોથી ભારતને મળેલી સ્વતંત્રતાની યાદ અપાવે છે.

ગણેશ ચતુર્થી (ગણેશને પ્રથમ દેવતા તરીકે મળેલું સ્થાન-માન) એ સનાતની મહત્વ ધરાવે છે પણ ચોરે ચોટે થતી ગણેશ સ્થાપના સનાતની નહીં પરંતુ ઐતિહાસિક મહત્વ ધરાવે છે. તમે સૌ જાણો જ છો કે સ્વાતંત્ર્ય સંગ્રામ સમયે અંગ્રેજો હિન્દુસ્તાનીઓને એક સમયે, એક જગ્યાએ ભેગાં ના થવા દેતાં પરંતુ કોઈ ધાર્મિક કારણ હોય તો છૂટ દેતાં માટે સાર્વજનિક ગણેશોત્સવ ની શરૂઆત થઈ હતી જે આજે પરંપરા બની ગઈ છે. સારી પરંપરા છે પણ એ દસ દિવસ દરમિયાન દારૂ પીવો, પીને ફિલ્મી ગીતો પર નાચવું એ તહેવારની પવિત્રતાનો નાશ કરે છે, આવી સ્થાપનાનો ખર્ચો પણ ઘણો આવે છે અને દસમે દિવસે (અનંત ચતુર્દશી) વિસર્જન પછી દરિયા કિનારે અહીં તહીં પડેલાં મૂર્તીના અવશેષો ગ્લાનિ ઉત્પન્ન કરે છે.

એ પછી આવે પિતૃપક્ષ, દાન ધર્મ કરી શકાય પણ પિતૃઓને ખુશ કરવા કાગડાઓને ના પચે એવી વસ્તુઓ ખવડાવવી યોગ્ય નથી જ નથી. પિતૃઓને જીવતાં જ ખુશ રાખો, મર્યા પછી ખીર પીરસીને શું મતલબ?

શ્રાવણ જેમ શિવની ઉપાસના માટે છે તેમ નવરાત્રીએ શક્તિની ઉપાસનાનો તહેવાર છે. ઉપવાસ, આરતી, ભક્તિ કરવા યોગ્ય, ગરબા - રાસ પણ પારંપરિક રીતે રમવા/ગાવા યોગ્ય પણ અંગપ્રદર્શન કરી આડાં અવળા હાથ - કમર હલાવી લટકા-ઝટકા કરવાએ સનાતની પરંપરા નથી જ નથી.

નવરાત્રીના નવ દિવસમાં આવતી આઠમને અષ્ટમી કહેવાય છે અને તે દિવસે હોમ-હવન કરવાની અને કુંવારિકાઓનું પુજન કરવાની પ્રથા છે. દશેરા એ એક રીતે રાવણ વધ માટે પ્રચલિત છે તો બીજી રીતે અસૂરોના નાશ માટે પણ પ્રચલિત છે. આજે પણ દરેક દુર્ગુણો નાં પ્રતિક તરીકે રાવણનો વધ કરાય છે.

ગુજરાતમાં આ દિવસો દરમિયાન ઘટ સ્થાપના થાય છે તો બંગાળમાં આ દિવસો દરમિયાન દુર્ગાપૂજાની ધામધૂમ હોય છે. દશેરાના દિવસે ફાફડા જલેબી ખાવાની ગુજરાતમાં પ્રથા છે જે દરેક ગુજરાતી જ્યાં પણ હોય ત્યાં નિષ્ઠાપૂર્વક નિભાવે છે પણ એ ફરજીયાત નથી.

શરદ પુર્ણિમા ની રઢીયાળી રાતે રાધા - કૃષ્ણની રાસલીલા નો પુરાણોમાં ઉલ્લેખ છે. આ દિવસે ક્યાંક ઘારી તો ક્યાંક દુધ પૌઆ ખાવાનો તો ક્યાંક સુકામેવા નાખીને ઉકાળેલું દુધ પીવાનો રિવાજ છે.

દિવાળીના પાંચ દિવસ સનાતની મહત્વ ધરાવતા તહેવારો છે પણ એની સાથે જોડાયેલી પરંપરાઓ પ્રાદેશિક છે. જેમ કે કાળી ચૌદશના વડા મૂકવાથી કંકાસ ટળે એવી માન્યતા ગુજરાત પુરતી સિમિત છે તો કાળીચૌદશનાં દિવસે વહેલું ઉઠીને ઉબટન લગાવીને નહાવાથી રૂપ ખીલે એવી માન્યતા 'પહેલી આંઘોળ' ના નામથી મહારાષ્ટ્રમાં પ્રચલિત છે.

લક્ષ્મી પૂજન લગભગ દરેક હિંદુ કરે છે (લક્ષ્મી નારાજ થાય એ કોઈને ના પરવડે)

કારતક સુદ એકમ જે ગુજરાતી અને મધ્ય પ્રદેશનાં લોકો માટે નવું વર્ષ છે.

રક્ષાબંધન અને ભાઈબીજએ બહેન અને ભાઈનો તહેવાર છે.

રક્ષા બાંધવાનો ઉલ્લેખ મહાભારતમાં છે જ્યાં કુંતા માતા અભિમન્યુને યુધ્ધમાં જતાં પહેલાં રાખડી

(રક્ષા) બાંધે છે તો રાણી કર્માવતી અને હુમાયુનો કિસ્સો ઐતિહાસિક મહત્વ ધરાવે છે સામેપક્ષે ભાઈબીજ એ યમરાજ અને યમુનાજી જે બન્ને ભાઈબહેન છે એવું પુરાણોમાં લખાયેલું છે અને એટલે જ ભાઈબીજના દિવસે જે પ્રાતઃકાળે યમુના નદીમાં સ્નાન કરે તેને ત્યાં યમરાજ અકાળે જતાં નથી એવું મનાય છે.

ભાઈ-બહેનનો પ્રેમ વધે એ માટે મગ-ચોખાની ખીચડી બનાવવાની પ્રથા આ દિવસે પ્રચલિત છે, શક્ય છે આ પ્રથા દિવાળીના પાંચ દિવસ મિઠાઈ અને ફરસાણ ખાઈને થાકેલાં લોકો એ પેટને આરામ આપવા પણ પાડી હોય.

ગુજરાતમાં વેપાર-ધંધા શરૂ કરવા માટે જેમ લાભ પાંચમનું મહત્વ છે એમ ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશનાં હિન્દુ કારતક સુદ છઠના દિવસે પછઠ પૂજા કરે છે, તેમાં ડૂબતાં સુર્યને પાણીમાં ઉભા રહી અર્ધ્ય ધરવામાં આવે છે. (ઉગતાં સુર્યને જ સૌ પૂજે એ વાત અહીં ખોટી પડે છે)

કારતક સુદ એકાદશીને દેવઊઠી એકાદશી કહેવાય છે, એક માન્યતા મુજબ આષાઢી એકાદશીનાં દિવસે પોઢેલા દેવો આ દિવસે ઉઠે છે.

આ દિવસે શ્યામ અને તુલસીનાં વિવાહનું પણ મહત્વ છે. લગ્ન અને શુભ પ્રસંગોનાં મુહૂર્ત આ અગિયારસ પછી જ નીકળે છે. કાર્તિક પુર્ણિમાનાં દિવસને દેવદિવાળી કહેવાય છે જેનાં માટે શ્યામના લગ્નનો દેવો ઉત્સવ મનાવે છે એવી અને આ દિવસે ચૌદ વર્ષનો વનવાસ ભોગવીને રામ અયોધ્યા પરત આવ્યા હતાં એવી માન્યતા છે.

આ દિવસે દિવાળી પર્વની સમાપ્તિ થાય છે.

ટૂંકમાં સનાતની મહત્વ ધરાવતાં તહેવારો હિન્દુઓએ ઉજવવા જ જોઈએ , હા અમુક લોકપર્વ પણ ઉજવવા જોઈએ જેથી જીવન આનંદમય બની રહે પરંતુ લોકપર્વ ઉજવવા એ દરેક વ્યક્તિની ઈચ્છા અને શ્રધ્ધા પર નિર્ભર કરે છે માટે અલગ અલગ લોકપર્વના મનાવતાં હિન્દુ 'હિન્દુ ધર્મ' નું અપમાન કરે છે એવું માનવું વ્યાજબી નથી, આ ઉપરાંત તહેવારો સાથે જોડાયેલી પરંપરાઓને પરિવર્તનનાં ચશ્માથી જોવી જરૂરી છે જેથી ખોટી પ્રણાલીઓ અને અંધશ્રધ્ધા ધર્મને નામે આગળ ચાલતીના રહે. આપણે આપણા વારસદારોને એક સ્વસ્થ સમાજ વારસામાં આપવાનો છે એનું હરહંમેશ ધ્યાન રહે.

આત્મમંથન અનિવાર્ય..

### દીકરાનું ઘર વૃધ્ધાશ્રમ દ્વારા ૧૦ માં વર્ષે થયેલું આયોજન

# સેવાનગરી રાજકોટમાં મૂકસેવકોનું ગારડી એવોર્ડથી સન્માન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨

દેશ-વિદેશમાં ખ્યાતિપ્રાપ્ત સેવા સંસ્થા 'દીકરાનું ઘર' વૃધ્ધાશ્રમ દ્વારા ભામાશા દાનવીર-જૈન શ્રેષ્ઠી પૂજય દીપચંદભાઈ ગારડીના નામથી 'ગારડી એવોર્ડ' એનાયત કરવાનો સૌરાષ્ટ્ર હાઈસ્કૂલના ઓડીટોરીયમમાં કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ ડો.ગિરીશભાઈ ભીમાણી, પોલીસ કમિશનર રાજુભાઈ ભાર્ગવ, ઉદ્યોગપતિ ફાલ્કન ગ્રુપના ડાયરેકટર જગદીશભાઈ કોટડીયા, પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના ઉપાધ્યક્ષ ડો.ભરતભાઈ બોઘરા, બિલ્ડર ધીરૂભાઈ રોકડ તેમજ છગનભાઈ બુસા, ઉદ્યોગપતિ વલ્લભભાઈ સતાણી, પ્રતાપભાઈ પટેલ, અમૃતભાઈ ભારદીયા,





ગ્રેટર ચેમ્બર રાજકોટના ચેરમેન ધનસુખભાઈ વોરા તેમજ પ્રમુખ રાજીવભાઈ દોશી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

'દીકરાનું ઘર' વૃધ્ધાશ્રમ દ્વારા ચાલુ સાલ ૨૦૨૨ નો 'ગારડી એવોર્ડ' શહેરના વિવિધ ક્ષેત્રોમાં કામ કરતા મહાનુભાવો-વિશિષ્ટ પ્રતિભાવોને એનાયત કરાયો હતો. જેમાં જામનગર સ્થિત આણદાબાવા સંસ્થાના મહંત શ્રી દેવપ્રસાદ સ્વામી (જો કે નાદુરસ્ત તબીયતને કારણે પૂજય બાપુશ્રી આ એવોર્ડ સ્વીકારવા હાજર રહી શકયા ન હતા આગામી દિવસોમાં સંસ્થાના હોદ્દેદારો જામનગર રૂબરૂ જઈ એવોર્ડ અર્પણ કરશે), જાણીતા ઉદ્યોગપતિ અને વિશ્વના નકશા ઉપર ઉદ્યોગ ક્ષેત્રે રાજકોટનું નામે રોશન કરનાર સુરેશભાઈ નંદવાણા, આરોગ્ય અને શિક્ષણક્ષેત્રે કાર્યરત જૈન શ્રેષ્ઠો ઈન્દુભાઈ વોરા, કન્યા કેળવણીના હિમાયતી ગોવિંદભાઈ ખૂંટ, સેવા ક્ષેત્રે કાર્યરત બાલુભાઈ અસલાલીયા, શિક્ષણ ક્ષેત્રે વર્ષોથી કાર્યરત મનસુખભાઈ જોશી, જાણીતા સાહિત્યકાર-લેખક વકતા-મોટીવેશનલ સ્પોર ડો.શૈલેષ સગપરીયા સહિતના મહાનુભાવોને ગાર્ડી એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. દીકરાનું ઘર દ્વારા પ્રતિ વર્ષ એક સંસ્થાકીય એવોર્ડ એનાયત કરવામાં આવે છે. જે ચાલુ સાલ યર ટેરેસા સમને અર્પણ કરાયો હતો. કાર્યક્રમના પ્રારંભે મહેમાનોનું સ્વાગત દીકરાનું ઘરના કિરીટભાઈ આદ્રોજાએ કર્યું હતું. સંસ્થા પરીચય તેમજ મહેમાનોનો પરિચય અનુપમ દોશીએ આપેલ. અને કાર્યક્રમની પૂર્વભૂમિકા કાર્યક્રમનું સફળ સંચાલન મુકેશ દોશીએ કર્યું હતું.

### ૧૮ વર્ષ પૂર્ણ થતાં મેગા ચેકઅપ કેમ્પ યોજાયો

# જુવેનાઈલ ડાયાબિટીસ ફાઉન્ડેશનને ૬૪ લાખથી વધુનું દાન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨

જુવેનાઈલ ડાયાબીટીસ ફાઉન્ડેશનના ૧૮મી વર્ષગાંઠ નિમિતે યોજાયેલા બે દિવસીય ફ્રીમેગા ચેકઅપ કેમ્પમાં મોટી સંખ્યામાં લાભાર્થી બાળકો અને તેમના પરિવારજનો ઉમટી પડયા હતા. કેમ્પના પ્રારંભે યોજાયેલા કાર્યક્રમમાં શહેરના શ્રેષ્ઠીઓએ નાની વયના ડાયાબીટીક બાળકોની જુવેનાઈલ





ડાયાબિટીસ ફાઉન્ડેશન દ્વારા થતી સેવા અને સારવારની કામગીરીથી પ્રભાવિત

## અનેક મહાનુભાવોની ઉપસ્થિતિમાં સેવાયજ્ઞ માટે અનુદાનની સરવાણી કરી

થઈને લાખો રૂપિયાનું દાન જાહેર કર્યું હતું.

જેમાં એસ્ટ્રલ લિમિટેડના સંદિપભાઈ એન્જીનીયર દ્વારા રૂપિયા ૩૫ લાખનું દાન તથા સનો ફીઈન્ડીયા દ્વારા રૂપિયા ૨૪ લાખનું દાન જાહેર કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત શહેરના દાતાઓનો પર સરાહનીય સહયોગ જેમાં ઈન્દુભાઈ વોરા (વોરા વેલ્ફેર ફાઉન્ડેશન), રૂ.૨,૦૦,૦૦૦ હરીશભાઈ લાખાણી (ડીએમએલ ગ્રુપ, રાજકોટ) રૂ.૫૪,૦૦૦, શાંતુભાઈ રૂપારેલીયા (વિશ્વ હિન્દ પરિષદ) રૂ.૫૪,૦૦૦, અંજનાબેન નિલેશભાઈ વાઘર (માઝા અગરબતી) રૂ.૫૧,૦૦૦ ઈશ્વરભાઈ ગેહી (અગ્રણી આર્કિટેક, આર્ય કલબઓનર, રાજકોટ) રૂ.૫૧,૦૦૦, ધર્મેન્દ્રભાઈ રાજાણી ( રાજાણી મસાલા / ચા) રૂ.૨૫,૫૫૧ જગતસિંહ જાડેજા રૂ૨૧,૦૦૦, ભરતભાઈ મહેતા (હોટલભાભા) રૂ.૫૧,૦૦૦ તરફથી માતબર દાનની સરવાણી વહી હતી આ ઉપરાંત રોટરી કલબ ઓફ મીડટાઉન રાજકોટ દ્વારા ૭૫ જે.ડી.એફ. બાળકોને ડોકટરી તથા કલીનીક લીતપાસ અને રીપોર્ટસ માટે એક વર્ષ માટે દતક લીધેલ છે. આદાનની જાહેરાત થતા મધ્યમગરીબ વર્ગના જુવેનાઈલ બાળદર્દીઓ અને તેમના પરિવારજનો ભાવવિભોર બની ગયા હતા.

આ તકે જુવેનાઈલ ડાયાબીટીસ ફાઉન્ડેશન મેનેજીંગ ટ્રસ્ટી અપુલભાઈ દોશીએ જણાવ્યું હતું કે, સમાજના તમામ વર્ગમાંથી જેડીએફને માતબર દાન મળતા જેડીએફ બાળકોની તબીબી સારવાર અને સેવાને વધુ વેગ મળશે. ભવિષ્યમાં આ પ્રવૃતિ વધુને વધુ જેડીએફ બાળકો સુધી લઈ જઈ શકાશે.

## નાના માચીયાળા બાયપાસ માર્ગ ઉપર સર્કલ અને સાઈન બોર્ડના અભાવે સતત અકસ્માત



(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી, તા.૨

### એસ.ટી. બસે બાઈક ચાલકને હડફેટે લીધા

અમરેલીની ભાગોળેથી પસાર થતાં નાના માચીયાળા નજીકના બાયપાસના પ્રારંભે અવાર-નવાર અકસ્માત થતાં હોય માર્ગ - મકાન વિભાગ દ્વારા સર્કલ બનાવવા, જંગલ કટીંગ કે સ્પીડબ્રેકર અથવા અન્ય કોઈ સાઈન બોર્ડ લગાવવાની ચિંતા કરવામાં આવતી નથી. નાના માચીયાળા ગામના આગેવાનોએ અનેક વખત મૌખિક માંગ કરી, ગઈકાલે એસ.ટી.બસ અને બાઈક વચ્ચે અકસ્માતની ઘટના બની હતી. ગામજનો જણાવે છે કે દર ૧૦-૨૦ દિવસે અહિંયા અકસ્માતની ઘટના બનતી હોવા છતાં પણ કોઈ કામગીરી કરવામાં આવતી નથી.

## જિલ્લા પંચાયતના માર્ગ-મકાન વિભાગની મીઠ્ઠી નજરતળે થતાં ભ્રષ્ટાચારને અટકાવો

### ગામજનોએ ઉચ્ચ અધિકારીઓને પત્ર પાઠવીને માર્ગનું કામ નિયમ મુજબ કરવા માંગ કરી

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી, તા.૨

ધારી તાલુકાના કુબડા-શિવાડ રોડનું કામ પુરજોશમાં ચાલી રહ્યું છે. આ રોડના એસ્ટીમેન્ટ અને વર્ક ઓર્ડર પ્રમાણે એકપણ કામ થઈ રહ્યું નથી. રોડમાં આવતું ખોદાણ ઊંડાઈ અને લંબાઈમાં પણ ફેરફાર કરીને કામ કરી રહ્યા છે. સીસી રોડના બધા લેયર પર રોલર ફેરવવાનું હોય છે તો ત્યાં જેસીબી મશીન ચલાવીને બાબુઓ સંતોષ માની રહ્યા છે. આની તમામ જાણ ત્યાંના એસઓ (ધારી) ને કરી હોવા છતાં પણ





આંખ આડા કાન થઈ રહ્યા છે અને આ કામમાં થઈ રહેલી ગેરરીતિની જાણ ડીઈ (ધારી) ટેલિફોનીકને જાણ કરી હોવા છતાં ગોળ ગોળ જવાબ આપી રહ્યા છે તથા જવાબ આપવાનું ટાળી રહ્યા છે. આ જોતા એવું લાગી રહ્યું છે કે, એસઓ તથા ડીઈઓફીસમાં આ તમામ કામ ત્યાંના સરકારી અધિકારી એસઓની રહેમ હેઠળ ચાલી રહ્યું હોય તેવું લાગી રહ્યું છે. આની ગેરરીતિની તમામ જાણ લેખિતમાં કાર્યપાલક ઈજનરે (પંચાયત), કલેકટર તથા ડીડીઓને જાણ કરી હોવા છતાં એકપણ પ્રકારના એકશન લેવામાં આવ્યા નથી.

## વીરનગરમાં અવતાર ટ્રસ્ટ દ્વારા વૃક્ષારોપણ કરાયું

(કરસન બામટા દ્વારા)

આટકોટ, તા.૨

અવતાર ચેરીટેબલ ટ્રસ્ટ-જસદણ દ્વારા આવો, વતનને હરિયાળું બનાવીએ એ પ્રોજેક્ટ અંતર્ગત વીરનગર ગામમાં આવેલી નદીના કાંઠે, પ્રાથમિક શાળા સામે તથા મોક્ષધામની આસપાસ ૯૦ વૃક્ષોનું વૃક્ષોના પિંજરા નાખીને વૃક્ષારોપણ કરવામાં આવ્યું. આ વૃક્ષોને સાચવવાની તથા તેની જાળવણી કરવાની જવાબદારી વિરનગર ગામના ઉત્સાહી યુવાનોએ જાતે જ લીધી હતી.



આ વૃક્ષારોપણ કાર્યને સફળ બનાવવા માટે અવતાર ચેરીટેબલ ટ્રસ્ટના યુવાનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

## શ્રી નાગેશ્વર મહાદેવ મંદિર



(દિવ્યેશ જટણીયા દ્વારા)

દ્વારકા, તા.૨

ભારતના બાર જયોર્તિલિંગમાં એક એવા દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલા શ્રી નાગેશ્વર મહાદેવ મંદિરે પ્રથમ શ્રાવણી સોમવારે શિવભકતો મોટી સંખ્યામાં ભગવાન શિવના દર્શને ઉમટયા હતા. શિવાલય 'હર હર મહાદેવ'ના નારાઓથી ગુંજી ઉઠયું હતું.

# આ વર્ષે રક્ષાબંધન પૂનમના બદલે ચૌદશના દિવસે છે

પંચાંગ પ્રમાણે જયોતિષનાં નિયમ પ્રમાણે આ વર્ષે રક્ષાબંધન ચૌદશનાં દિવસે છે. શ્રાવણ સુદ ચૌદશને ગુરૂવાર તા.૧૧/૮ નાં દિવસે ચૌદશ તિથિ સવારનાં ૧૦:૩૯ સુધી છે. ત્યારબાદ પૂનમ તિથિ છે તથા શુક્રવારે પૂનમનાં દિવસે પૂનમ તિથિ સવારનાં ૭:૦૬ કલાક સુધી જ હોતા અને શુક્રવારે એકમતિથિ ક્ષય તિથિ હોતા આ વર્ષે રક્ષાબંધન શ્રાવણ સુદ ચૌદશને ગુરૂવારે ઉજવાશે અને રાખડી બાંધવી પણ ચૌદશને ગુરૂવાર ઉત્તમ રહેશે.

ખાસ કરીને રાખડી બાંધવામાં અને જનોઈ નવી ધારણ કરવામાં વિશિષ્ટ કરણનો દોષ લાગતો હોય છે. પરંતુ આ વર્ષે ગુરૂવારે ચૌદશનાં દિવસે મકર રાશીનાં ચંદ્રમાં વિશિષ્ટ કરણ છે. આથી વિશિષ્ટ કરણ એટલે કે ભદ્રા પાતાળમાં છે. આથી દોષકારક નથી. આમ ગુરૂવારે તા.૧૧/૮ નાં દિવસે



શાસ્ત્રી રાજદીપ જોષી (વૈદાંતરત્ન)

સવારનાં ૧૦:૩૯ પછી પૂનમતિથિ હોતા રાખડી બાંધવી તથા નવી જનોઈ એટલે કે યજ્ઞોપવિત ધારણ કરવી શુભ અને ઉત્તમ રહેશે.

રાખડી બાંધવાનું શુભ મુહૂર્ત ચોઘડિયા પ્રમાણે તથા શુભ સમય પ્રમાણે અભિજિત મુહૂર્ત બપોરે ૧૨:૨૬ થી ૧:૧૮

સવારે ચલઃ- ૧૧:૧૫ થી ૧૨:૫૨

બપોરે લાભઃ- ૧૨.૫૨ થી ૨:૨૯

બપોરે અમૃતઃ- ૨:૨૯ થી ૪:૦૬

સાંજે શુભઃ- ૫:૪૩ થી ૭:૨૦

પ્રદોષકાળ પ્રમાણેઃ- ૭:૨૧ થી ૮:૪૯

રાત્રે અમૃતઃ- ૭:૨૦ થી ૮:૪૩

ચલઃ- ૮:૪૩ થી ૧૦:૦૬

## ધારીના જીરા ગામે બે બાળકોને ફાડી ખાનાર દીપડો પાંજરે પુરાયો



(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી, તા.૨

ધારીના જીરા ગામે એક વર્ષની બાળકીને માતાના પડખામાંથી ઉપાડી જઈ મોતને ઘાટ ઉતારનાર દીપડાને પકડવા વનતંત્રએ ૪ પીંજરા મુકયા હતા. જેમાં ૫ વર્ષનો નર દીપડો પાંજરે પુરાયો હતો.

### સોમનાથની વિશાળ જાહેરસભામાં આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય વડાની મહત્વપૂર્ણ જાહેરાત

# કેજરીવાલનું ગુજરાતને વધુ એક વચનઃ બેરોજગારોને નોકરીની ગેરંટી

## જે બેરોજગારોને નોકરી ન મળે એમને દર મહિને રૂ.૩ હજારનું ભથ્થું અપાશે



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨

ફરીવાર ગુજરાતની યાત્રાએ આવેલા આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ગુજરાતની પ્રજાને વધુ એક ગેરંટી આપી છે. બેરોજગારોને રોજગારનો વાયદો કરતા કેજરીવાલે ખૂબ મહત્વપૂર્ણ જાહેરાત કરી હતી કે, જેને નોકરી નહીં મળે એ બધાને માસિક રૂ.૩ હજાર ભથ્થું આપવામાં આવશે.

સોમનાથમાં જંગી જાહેરસભાને સંબોધન કરતા મુખ્યમંત્રી કેજરીવાલે ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા અને એવો આક્ષેપ કર્યો હતો કે, સરકારી નોકરી મેળવવા માટે લાંચ આપવી પડે છે. બેરોજગારીના હિસાબે ગુજરાતના ૨૩ વર્ષના એક યુવાને આત્મહત્યા કરી છે.

સભામાં સૌપ્રથમ કેજરીવાલે ગુજરાતનાં લઠ્ઠાકાંડમાં મૃતકોના આત્માની શાંતિ માટે બે મિનિટ મૌન પાળ્યું હતું. તેમણે સભામાં જાહેર કર્યું હતું કે, મેં લઠ્ઠાકાંડના પીડિતોની મુલાકાત પણ લીધી હતી પણ ગુજરાતના મુખ્યમંત્રી હજુ એમને મળવા ગયા નથી. ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલ પણ પીડિતોને મળ્યા નથી. દરેક વસ્તુમાં વોટ ન જોવાય. નશાબંધીના નામે હજારો- કરોડનો વેપલો થઇ રહ્યો છે. જે લોકો પોતાના બાળકોને ઝેરીદારૂ પીવડાવવા ઈચ્છે છે તે ભાજપમાં વોટ આપે. જયારે સારું શિક્ષણ આપવા ઈચ્છતા લોકો અમને મત આપે.

કેજરીવાલે કહ્યું હતું કે, ગુજરાતમાં કોઈ વસ્તુ ફ્રી મળતી નથી છતાં ગુજરાત પર સાડા ત્રણ લાખ કરોડનું દેવું છે. ગુજરાતના વિદ્યાર્થીઓની કેરિયર સાથે ચેડા થતા રોકવા કાયદો લાવવાની અને પેપરલીક ન થાય એ માટે સજાની જોગવાઈ કરવાની તેમણે ખાતરી ઉચ્ચારી હતી. તેમણે ભાવનાપૂર્ણ અંદાજમાં કહ્યું હતું કે, ગુજરાતના એકેએક યુવાનનો મોટોભાઈ આવી ગયો છે હવે આત્મહત્યા કરવાની જરૂર નથી. દરેક માતા અને પિતાનો દીકરો આવી ગયો છે. મેં અમારી સરકાર આવે તો પાંચ જ મહિનામાં દરેકને નોકરી આપવાનું વચન આપ્યું છે. જો પાંચ વર્ષમાં મારૂ વચન પૂરું ન કરૂ તો મત માંગવા નહીં આવું. ૧લી જુલાઈથી પંજાબમાં વીજળી ફ્રી થઇ છે. જો ગુજરાતમાં અમારી સરકાર બનશે તો રાજ્યને ૨૪ કલાક વીજળી આપશું અને ૩૦૦ યુનિટ ફ્રી આપશું. ૩૧ ડિસેમ્બર ૨૦૨૧ સુધીના તમામ બિલ માફ કરવામાં આવશે.

ફ્રી રેવડીના કટાક્ષનો તીખો જવાબ આપતા કેજરીવાલે કહ્યું હતું કે, બીજા પક્ષના લોકો એમ કહે છે કે, કેજરીવાલ ફ્રી રેવડી આપે છે પણ એ લોકો તો ફ્રી રેવડી માત્ર એમના મિત્રોને આપી રહ્યા છે. કેજરીવાલ જનતાને રેવડી આપશે. સિંગાપુરની સરકારે પણ અમને નિમંત્રણ આપી બોલાવ્યા છે અને કહ્યું છે કે, અહીં આવો અને બધાને કહો કે તમે કેટલું સારું કામ કરો છો પણ મને સિંગાપુર જવા દેવાયો નથી.

કેજરીવાલે પડકાર કર્યો હતો કે, હું આ મંચ પરથી ચેલેન્જ આપું છું કે, કેજરીવાલે દિલ્હીમાં જેવી સ્કૂલો બનાવી છે એવી એક સ્કૂલ તમે બનાવી દેખાડો. જે રીતે મેં હોસ્પિટલો બનાવી છે એવી બનાવી દેખાડો, જે મોડેલ અમારી પાસે છે એ ભાજપ પાસે નથી. દિલ્હીમાં પાંચ વર્ષમાં અમે ૧૨ લાખ લોકોને રોજગાર આપ્યો છે અને બીજા પાંચ વર્ષમાં ૨૦ લાખ લોકોને નોકરી આપવાનો ટાર્ગેટ છે.

તેમણે ગુજરાતના બેરોજગારોને વચન આપ્યું હતું કે, જ્યાં સુધી રોજગાર નહીં મળે ત્યાં સુધી બેરોજગારોને પ્રતિમાસ રૂ.૩ હજાર ભથ્થું અપાશે. રાજ્યમાં ૧૦ લાખ સરકારી નોકરીઓ આપવામાં આવશે. પેપરલીક થતું રોકવા કડક કાયદો લાવશું અને કડક સજાની જોગવાઈ કરશું. સહકારી સંસ્થાઓમાં પૈસાથી મળતી નોકરીઓ બંધ થશે અને લાયક હશે તેને જ નોકરી મળશે. આ રીતે વિધાનસભાની ચૂંટણીઓ પહેલા કેજરીવાલની વધુ એક ગુજરાત યાત્રાને પગલે રાજકીય જંગ પરાકાષ્ટાએ પહોંચી રહ્યો છે. આમ આદમી પાર્ટીએ પ્રચારના જંગનો અત્યારથી પ્રારંભ કરી દીધો હોવાથી રાજ્યમાં ત્રિ-પાંખિયો જંગ જામી ચુક્યો છે.(૨.૧૨)

# રાજકોટ રેલવે ડિવિઝનનાં ૬ કર્મચારીઓનું સન્માન

## સુરક્ષા સંબંધિત ઉત્કૃષ્ટ કામગીરી બદલ મેડલ અને પ્રમાણપત્ર એનાયત



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨

રેલવે સુરક્ષા (સેફ્ટી)માં ઉત્કૃષ્ટ કામગીરી બદલ રાજકોટ ડિવિઝનના ૬ કર્મચારીઓને ડિવિઝનલ રેલવે મેનેજર (ડીઆરએમ) અનિલ કુમાર જૈન દ્વારા મેડલ અને પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. વધુ વિગતો આપતાં રાજકોટ ડિવિઝનના સિનિયર ડીસીએમ અભિનવ જેફે જણાવ્યું હતું કે જૂન ૨૦૨૨માં આ કર્મચારીઓને રેલવે સુરક્ષામાં શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ આ એવોર્ડ આપવામાં આવ્યો છે. એવોર્ડ મેળવનાર કર્મચારીઓમાં બાલકૃષ્ણ કુમાર (ગાર્ડ એટલે કે ટ્રેન મેનેજર, હેડક્વાર્ટર રાજકોટ), આનંદ કુમાર (ગેટમેન), શૈલેષ પી (ગેટમેન), પ્રતાપ સિંહ (ગેટમેન), દિલીપ ગોહિલ (લોકો પાયલોટ ગુડ્ઝ ટ્રેન, હેડક્વાર્ટર હાપા) અને પી.સી. મીના (સ્ટેશન સુપ્રિન્ટેન્ડેન્ટ, લાખામંચી)એ તકેદારી અને સતર્કતા સાથે કામ કરીને સંભવિત રેલ અકસ્માતો અટકાવવામાં મહત્વની ભૂમિકા ભજવી છે, જેમાં ગુડ્ઝ ટ્રેનમાં લટકતો ભાગ જોવો, બ્રેક બ્લોક જામ થતાં જોવી, સ્પાર્ક નીકળતા જોયા બાદ તરત જ ટ્રેન રોકવી વગેરે બનાવો સામેલ છે.

આ પ્રસંગે રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ સેફ્ટી ઓફિસર એન.આર. મીના, વરિષ્ઠ મંડળ ઈજનેર (સંકલન) રાજકુમાર એસ, વરિષ્ઠ મંડળ ઓપરેટિંગ મેનેજર આર.સી. મીણા અને વરિષ્ઠ મંડળ મિકેનિકલ ઈજનેર સંતોષકુમાર મિશ્રા ઉપસ્થિત રહ્યા હતા.

**વાચકોએ નોંધ લેવી**

**કે કોઇપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.**

**વ્યવસ્થાપકઃ સૌરાષ્ટ્ર ક્રાંતી**

# સિંગતેલના ભાવમાં ૫ થી ૧૦ રૂપિયાનો વધારો

## શાકભાજીમાં ૩૦ થી ૪૦ રૂપિયાનો વધારોઃ વટાણાનો ભાવ ૧૬૦ રૂપિયા

**(એજન્સી સમાચાર)**
અમદાવાદ, તા.૨



હાલ ચોમાસાની સિઝન ચાલી રહી છે. ચોમાસાની સિઝનમાં વેલાવાળા શાકભાજી મોટા પ્રમાણમાં થતા હોય છે. એવામાં શાકભાજી અને ખાદ્ય તેલના ભાવ વધારાને કારણે ગૃહિણીઓની ચિંતા વધી ગઈ છે. કેમ કે ભાવ વધારાના કારણે ગૃહિણીઓનું બજેટ બનાવતા પહેલા જ બજેટ ખોરવાશે. બીજી તરફ રક્ષાબંધન, સાતમ આઠમ જેવા તહેવારો નજીક આવી રહ્યા છે. ત્યારે તહેવારોમાં ઘરમાં મહેમાનોની અવરજવર રહેતી હોય છે. એવામાં શાકભાજીમાં ભાવ વધારો થયો છે. શાકભાજીમાં ૩૦ થી ૪૦ રૂપિયાનો વધારો થતાં લોકોને ભારે હાલાકી પડી રહી છે. ચોળીના એક કિલોનો ભાવ ૧૪૦ રૂપિયા થયો છે. તો વટાણાનો ભાવ ૧૦૦ રૂપિયાની જગ્યાએ ૧૬૦ રૂપિયા થયો છે.

વેલાવાળા શાકભાજીમાં ભાવ વધારાથી મધ્યમવર્ગીય પરિવાર માટે શાક ખરીદવું થોડું મુશ્કેલ બન્યું છે. તો બીજી તહેવારો નજીક છે તેવા સમયે ફરી એકવાર ખાદ્યતેલમાં ભાવ વધારો થયો છે. સિંગતેલના ભાવમાં ૫ થી ૧૦ રૂપિયાનો વધારો થયો છે. જેથી સિંગતેલનો ડબ્બો ૨૮૦૦ રૂપિયાના પાર પહોંચ્યો છે. જ્યારે પામતેલના ભાવ પણ એક મહિનામાં ૧૦૦ રૂપિયાનો વધારો થયો છે. ત્યારે વેપારીઓ દ્વારા જણાવવામાં આવી રહ્યું છે કે, સિંગતેલના ભાવમાં હજુ ભાવ વધારો થવાની પૂરેપૂરી શક્યતા છે. જો સિંગતેલના ભાવમાં વધારો આવશે તો એની અસર કપાસિયા અને સાઈડ તેલમાં પણ જોવા મળશે. સીંગતેલમાં સતત ભાવ વધારો થવાને કારણે હાલ સીઝનમાં લોકોને મોંઘા ભાવનું તેલ ખરીદવું પડી રહ્યું છે.(૯)

# પાંજરાપોળ-ગૌશાળાઓને નિયત કરેલ કાયમી સબસીડી તાત્કાલિક ચૂકવવા માંગ

## એનિમલ હેલ્પલાઇન દ્વારા લમ્પી વાઈરસના રસીકરણ અંગે રામ મોકરીયાને કરાઈ રજૂઆત



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨

ગુજરાત રાજ્યમાં લમ્પી રોગના કેસો પ્રતિદિન વધતાં જાય છે આ સાથે જ ગૌ વંશના મૃત્યુનું પ્રમાણ પણ વધ્યું છે. રાજ્યમાં જ્યારે લમ્પી વાઇરસે ભરડો લીધો છે. ત્યારે રાજ્ય સરકાર દ્વારા ગૌ વંશને તાત્કાલીક ૧૦૦% વેક્સિનેશન થાય, વર્તમાન સંજોગોમાં વેટરનરી ઇમરજન્સી જાહેર કરવામાં આવે, રાજ્યમાં ૧૯૬૨ કરૂણા એનિમલ એમ્બ્યુલન્સની સંખ્યા વધારવામાં આવી, ઉપરાંત આ સમગ્ર રાજ્યની પાંજરાપોળ-ગૌશાળાઓ ને નિયત ઠરાવ મુજબ કાયમી સબસીડી તાત્કાલિક ચુકવવામાં આવે તે માટેની રજૂઆત ભાજપના લીગલ સેલ પ્રદેશ સહસંયોજક અનિલભાઈ દેસાઈ, શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ-એનિમલ હેલ્પલાઇનના ટ્રસ્ટી અને ગૌશાળા પાંજરાપોળ ફેડરેશનના લીગલ એડવાઈઝર કમલેશભાઈ શાહ, એનિમલ વેલ્ફેર બોર્ડના મિતલ ખેતાણી અને પ્રતિક સંઘાણીએ સાંસદ રામભાઈ મોકરિયાને રૂબરૂ મળીને કરી હતી. રામભાઇ મોકરિયા દ્વારા ત્વરિત હકારાત્મક પ્રતિભાવ આપીને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, મુખ્ય સચિવ પંકજ કુમારને ટેલિફોનિક રજૂઆત કરી આ પરિસ્થિતિમાં જરૂરી પગલાં લેવા વિનંતી કરી હતી. મુખ્યમંત્રી એ પણ આ અંગે સાનુકૂળ પ્રતિભાવ આપ્યો હતો. તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩)

# દક્ષિણ એશિયાના પત્રકારોના સંગઠન 'સારા'ના રાષ્ટ્રીય સંયુક્ત સચિવ પદે જિતુ સોમપુરાની નિમણુંક

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**




દીવઃ સમગ્ર દક્ષિણ એશિયાના દેશોના પત્રકારોના હિતો માટે કાર્યો કરવા અર્થે સ્થાપવામાં આવેલા સાઉથ એશિયન રિપોર્ટર્સ એસોસિએશન (સારા)ના રાષ્ટ્રીય સંયુક્ત સચિવપદે પત્રકાર જીતુ સોમપુરાને નિયુક્ત કરાયા હોવાની જાહેરાત સંસ્થાના અધ્યક્ષ ડો. સીમાબેન પટેલે એક સમારોહમાં કરી હતી. દીવ ખાતે યોજવામાં આવેલા આ 'પત્રકાર રત્ન એક્સલન્સ એવોર્ડ' સમારોહમાં અધ્યક્ષસ્થાને દીવના મેયર હેમલતાબેન સોલંકી તથા અતિથિવિશેષ પદે પૂર્વ કેબિનેટ મંત્રી ધારાસભ્ય જવાહરભાઈ ચાવડા હાજર રહ્યા હતા. આ પ્રસંગે 'સુખ શાંતિ સમૃદ્ધિ' પ્રેરક પત્રિકાના સંપાદક જીતુભાઈ સોમપુરાને પત્રકાર રત્ન એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.(૧૩)

# શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી દાદાને દિવ્ય વાઘાના શણગાર સાથે શિવાલયની ઝાંખી



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** સાળંગપુર, તા.૨: શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત વિશ્વવિખ્યાત સાળંગપુરધામમાં શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પવિત્ર શ્રાવણ માસના સોમવાર નિમિતે ગઇકાલના રોજ પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની શુભ પ્રેરણાથી એવં કોઠારીશ્રી વિવેકસાગરદાસ સ્વામીના માર્ગદર્શનથી એવં પૂજારી સ્વામીની અથાગ મહેનતથી શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી દાદાને દિવ્ય શિવાલયની ઝાંખી કરવામાં આવેલ તથા સવારે ૫:૪૫ કલાકે શણગાર આરતી પૂજારી સ્વામી (અથાણાવાળા) દ્વારા કરવામાં આવેલ. ત્યારબાદ સ્વામીજી દ્વારા પ્રસાદીભૂત શ્રી નિલકંઠ મહાદેવજી મંદિરમાં પૂજન-અભિષેક-આરતી કરવામાં આવેલ. પવિત્ર શ્રાવણ માસ નિમિતે વિશ્વશાંતિ હનુમાન ચાલીસા અને હનુમંત મંત્ર યજ્ઞનું આયોજન કરવામાં આવેલ છે. તેમજ પવિત્ર શ્રાવણ માસ નિમિતે શ્રીહરિ મંદિરમાં બાકસના હિંડોળા કરી મંદિરમાં સુશોભન કરવામાં આવેલ છે. તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩)






# ઓખા-નાથદ્વારા ટ્રેન ૧૦મીથી ફરી દોડશે

## ઓખાથી દર બુધવારે અને નાથદ્વારાથી દર ગુરૂવારે ઉપડશે, તા.૪થી ટિકિટ બુકિંગ ચાલુ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨

મુસાફરોની સુવિધા માટે, પશ્ચિમ રેલવેએ ઓખા-નાથદ્વારા એક્સપ્રેસને પુનઃસ્થાપિત કરવાનો નિર્ણય લીધો છે.

રાજકોટ ડિવિઝનના સિનિયર ડીસીએમ અભિનવ જેફ ના જણાવ્યા અનુસાર, ટ્રેન નંબર ૧૯૫૭૫ ઓખા - નાથદ્વારા એક્સપ્રેસ ઓખાથી દર બુધવારે સવારે ૦૮:૨૦ વાગે ઉપડશે, રાજકોટ તે જ દિવસે બપોરે ૧૨.૪૧ વાગે પહોંચશે અને બીજા દિવસે ૦૬:૩૦ વાગે નાથદ્વારા પહોંચશે. આ ટ્રેન ૧૦મી ઓગસ્ટ, ૨૦૨૨થી આગળની સૂચના સુધી ચાલશે. એ જ રીતે ટ્રેન નંબર ૧૯૫૭૬ નાથદ્વારા-ઓખા એક્સપ્રેસ દર ગુરુવારે રાત્રે ૨૦:૩૦ વાગે નાથદ્વારાથી ઉપડશે અને બીજા દિવસે રાજકોટ બપોરે ૧૩:૫૦ વાગ્યે અને ઓખા સાંજે ૧૮:૫૫ વાગે પહોંચશે. આ ટ્રેન ૧૧ ઓગસ્ટ, ૨૦૨૨ થી આગળની સૂચના સુધી ચાલશે.

આ ટ્રેન દ્વારકા, ખંભાળિયા, જામનગર, હાપા, રાજકોટ, વાંકાનેર, સુરેન્દ્રનગર, અમદાવાદ, નડિયાદ, આણંદ, છાયાપુરી, દાહોદ, રતલામ, મંદસૌર, નીમચ, ચિત્તોડગઢ અને માવલી સ્ટેશન પર બંને દિશામાં ઉભી રહેશે.

આ ટ્રેનમાં કુલ ૨૩ કોચ હશે જેમાં ૨ સેકન્ડ એસી, ૬ થર્ડ એસી, ૯ સેકન્ડ સ્લીપર, ૪ જનરલ અને ૨ લગેજ વાન કોચ હશે.

ટ્રેન નંબર ૧૯૫૭૫ ઓખા-નાથદ્વાર એક્સપ્રેસમાં ટિકિટનું બુકિંગ ૪ ઓગસ્ટ, ૨૦૨૨થી કાઉન્ટર્સ અને વેબસાઇટ પર શરૂ થશે.

# રાજુલાઃ સિંહ અને બળદ આમને સામને, વીડિયો વાઈરલ



**(મિલાપ રૂપારેલ દ્વારા)**
અમરેલી, તા.૨

અમરેલી જિલ્લામાં દિપડા તથા સિંહ પરિવાર માનવ વસ્તીવાળા ગામડા તથા નજીકના શહેરમાં રાત્રીના સમયે શિકારની શોધમાં આંટાફેરા કરી રહ્યાની ઘટના હવે સાવ સામાન્ય બની છે. ત્યારે નાના નાના ગામોમાં આવી ઘટના સીસીટીવીમાં કેદ થતી હોય જે ઘટના છાસવારે સોશિયલ મીડિયામાં વાયરલ પણ થતી હોય છે. ત્યારે શનિવારે રાત્રીના સમયે રાજુલા તાલુકાના રામપરા ગામે ૩ જેટલા સિંહો લટાર મારી હતી તો સામે એક બળદ બિંદાસ રીતે સિંહ સામેથી પસાર થતો હોય તેવો એક વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. રાજુલા તાલુકાના રામપરા ગામે રહેતાં સ્થાનિક લોકોએ જણાવ્યું હતું કે, રામપરા ગામે સિંહોના આંટાફેરા હવે રોજની બાબત છે. ત્યારે વન વિભાગે પણ આ સિંહને કોઇ નુકશાન થાય તે પહેલા સિંહને સલામત સ્થળે ખસેડી તેની સુરક્ષા કરે તે પણ જરૂરી છે.(૧૩)







# પંચાયત સેવાના સૌરાષ્ટ્રભરના તલાટીઓની બેમુદ્દતી હડતાલ શરૂ






(તસવીરઃ દિલીપ ગોહેલ)

## ગ્રામ પંચાયતોમાં લોકોની કામગીરી ખોરવાઇ : ઠેર-ઠેર તલાટી મંડળોએ અધિકારીઓને આવેદન પાઠવી પડતર પ્રશ્નો હલ કરવા કરી માંગ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા. ૨

લાંબા સમયનાં પડતર પ્રશ્નો સરકાર દ્વારા હલ નહીં કરાતા આજથી ગુજરાત સરકારના પંચાયત સેવાના તલાટી મંત્રીઓની રાજકોટ સહિત રાજયવ્યાપી હડતાલનો પ્રારંભ થયો છે. આ હડતાલના પગલે ગ્રામીણ વિસ્તારની ગ્રામ પંચાયતોની કામગીરી ખોરંભે ચડી ગઇ છે. ગુજરાત રાજ્ય તલાટી મંત્રી મહામંડળ દ્વારા વર્ષ ૨૦૧૮થી સતત રજૂઆત કરવા છતાં પણ સરકારના વહીવટી તંત્ર પડતર પ્રશ્નોનો ઉકેલ નહીં આવતાં અચોક્સ હડતાલ ઉપર ઉતરી જતાં ગ્રામીણ વિસ્તારના લોકોની કામગીરી ખોરંભે ચઢી જતાં પરેશાની અનુભવી પડશે ઉના, ગીરગઢડા, તાલુકા પંચાયત કચેરી એ પણ કોઈ તલાટી મંત્રીએ ડોકાવવું નહીં અને તમામ મોબાઇલ ગ્રુપમાંથી રીમુક્ત થવા પણ નિર્ણય જાહેર કરતાં અધિકારીઓ પણ ચિંતામાં મુકાઇ ગયા છે. અગાઉ ગુજરાત સરકારને તા.૭/૯/૨૦૨૧ ના રાજ્ય તલાટી કમ મંત્રીના માંગણી મુજબના પડતર પ્રશ્નો નિરાકરણ કરવા જણાવેલ રાજ્ય સરકાર દ્વારા ટૂંક સમયમાં પ્રશ્નો ઉકેલવા ખાત્રી આપી હતી અને હડતાલ મોકૂફ રાખેલી આ બાંહેધરીને નવ માસ પછી પણ રજૂઆત કરવાં છતાં એક પણ પ્રશ્નનું સુખદ ઉકેલ નહીં આવતાં તલાટી મંત્રી મંડળની રાજ્ય કક્ષાના પદાધિકારીઓની મિટિંગ ગાંધીનગર ખાતે મળેલી અને તેમાં સર્વાનુમતે ઠરાવ કરી આજથી સમગ્ર ગુજરાતના તલાટી મંત્રીઓના પ્રશ્નોનું નિરાકરણ નહીં આવે ત્યાં સુધી અચોક્કસ મુદતની હડતાળ પર ઊતરી જતાં અને આ બાબતે નાયબ કલેકટર તેમજ તાલુકા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપી રોષ વ્યક્ત કર્યો હતો. તલાટી મંત્રી મંડળ દ્વારા ડિઝાસ્ટ મેનેજમેન્ટ અન્વયે કામગીરી તેમજ હર ઘર તિરંગા યાત્રા અંતર્ગત ગામ પંચાયત કચેરીમાં રાષ્ટ્રધ્વજ પૂર્ણ માન સન્માન સાથે ફરકાવવાની કામગીરી સિવાયની તમામ કામગીરીનો બહિષ્કાર કરીને અચોકકસની મુદત પર રાજય તલાટીમંત્રી મંડળના આદેશ આવતાં ઉના ગીરગઢડા તાલુકાના તલાટીમંત્રી હડતાળ પર ઉતરી જતાં બન્ને તાલુકાના ગ્રામીણ વિસ્તારની ગ્રામપંચાયત દ્વારા થતી કામગીરી ખોરંભે ચઢી જતાં લોકો હેરાનગતિમાં મુકાઇ ગયા છે.

તલાટીમંત્રી મંડળની પડતર માંગણીઓ જેમાં વર્ષ ૨૦૦૪/૫ ની ભરતીના તલાટીમંત્રીને પાંચ વર્ષની ફીક્સ પગારની નોકરી ગણવી વિસ્તરણ પંચાયત અધિકારી વર્ગ ૩ પ્રથમ/ બીજું ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવા તથા તે અંગેની પરીક્ષા રદ્ કરવી રેવન્યુ તલાટીમંત્રીને પંચાયત તલાટીમંત્રી તરીકે મર્જ કરવા અથવા જોબ ચાર્ટ અલગ કરવું તા. ૧/૧/૨૦૧૬ પછીના મળવા પાત્રો પ્રથમ/બીજું પગાર ધોરણ પરીક્ષા પાસ કરવાની સરતે પાત્રતા તારીખથી મંજુર કરવાપંચાયત વિભાગ સિવાય અન્ય વિભાગની વધારાની કામગીરી તલાટી મંત્રીને ન સોંપવા અંગે અથવા વધારાની કામગીરીનું અલગથી ખાસ ભથ્થું આપવાની માંગણી કરાયેલ છે. તલાટી મંત્રીની સહીથી નીકળતા દાખલાઓ સહિતની કામગીરી અચોક્કસ મુદત સુધી બંધ થવાથી લોકોને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડશે.

# રાજકોટમાં ગુરૂ- શુક્રવારે શહેરના કેટલાક વિસ્તારોમાં પાણી વિતરણ બંધ

### રીબડા ફિલ્ટર પ્લાન્ટથી ગુરૂકુળ પમ્પીંગ સ્ટેશન વચ્ચે પાઈપલાઈન પર નવો બટરફ્લાય વાલ્વ મુકવાની કામગીરી સબબ પાણી વિતરણ નહીં થાય

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨

ભાદર યોજના આધારિત રીબડા ફિલ્ટર પ્લાન્ટથી ગુરુકુળ પમ્પીંગ સ્ટેશનની વચ્ચે ગોંડલ રોડ પર એસટી વર્કશોપની સામે ૯૦૦ એમ.એમ. ની પાઈપલાઈન પર નવો બટરફ્લાય વાલ્વ મુકવાની કામગીરી સબબ તા.૪ અને ગુરૂવારનાં રોજ ગુરૂકુળ હેડવર્કસ હેઠળ આવતા વિસ્તારોમાં ગોંડલ રોડનાં વોર્ડ નં.૭ પાર્ટ, વોર્ડ નં.૧૩ પાર્ટ અને તા.૫ ને શુક્રવારનાં રોજ ઢેબર રોડનાં વોર્ડ નં.૭ પાર્ટ, વોર્ડ નં.૧૪ પાર્ટ અને વોર્ડ ૧૭ પાર્ટમાં પાણી વિતરણ બંધ રાખવામાં આવશે. જેની જાહેર જનતાને નોંધ લેવા રાજકોટ મનપા વોટર વર્કસ વિભાગની યાદીમાં જાહેર કરવામાં આવ્યું છે.

વોર્ડ નં.૧૩ના નવલનગર, કૃષ્ણનગર, ગુરૂપ્રસાદ સોસાયટી, પંચશીલ સોસાયટી, હરિદ્વાર સોસાયટી, સમ્રાટ ઇન્ડ. એરિયા, જે.ડી.પાઠક પાર્ક, શિવનગર, લોધેશ્વર સોસાયટી, માલવિયાનગર, અંબાજી કડવા પ્લોટ, ટપુભવન પ્લોટ તેમજ વોર્ડ નં.૭ નાં ભકિતનગર પ્લોટ, વિજય પ્લોટ, લોહાનગર, ઉદ્યોગનગરમાં પાણી બંધ રહેશે.

વોર્ડ નં.૧૪ નાં વાણીયાવાડી, ગાયત્રીનગર, ગોપાલનગર, ગીતાનગર, ભકિતનગર, શ્રમજીવી સોસાયટી, કોઠારીયા કોલોજી (પાર્ટ), માસ્ટર સોસાયટી (પાર્ટ), મીલપરા (પાર્ટ), પુજારા પ્લોટ (પાર્ટ), આનંદનગર (પાર્ટ) અને મધુરમ પાર્ક વગેરે વિસ્તારોમાં પાણી વિતરણ બંધ રહેશે. વોર્ડ નં.૧૭ નાં નારાયણનગર ભાગ-૧, ૨, નારાયણનગર મફતિયું, ઢેબર કોલોની ભાગ- ૧,૨,૩, હસનવાડી ભાગ-૧,૨, વાલકેશ્વર સોસાયટી, સાધના સોસાયટી, મેઘાણીનગર, ગુરુજન સોસાયટી, આનંદનગર ગાયત્રી બગીચાવાળો ભાગ વગેરે સ્થળે પાણી વિતરણ બંધ રહેશે.(૨.૧૨)

# રાજકોટ માર્કેટ યાર્ડ બટેટાથી છલકાયું: ૧૦,૨૧,૦૦૦ કિલોની આવક

### ફરાળી વાનગીઓમાં બટેટાનો વધુ વપરાશ થતો હોય આવક, લેવાલી અને ભાવમાં વધારો



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ.તા.૨

રાજકોટ લોધિકા અને પડધરી તાલુકાના ૧૮૦ ગામોનું વિશાળ કાર્યક્ષેત્ર ધરાવતું સૌરાષ્ટ્રનું સૌથી મોટુ એવું રાજકોટ માર્કેટ યાર્ડ શ્રાવણ મહિનાના પ્રારંભે બટેટાની આવકથી છલકાઇ ઉઠ્યું છે.શ્રાવણ મહિનો શરૂ થયાના છેલ્લા ત્રણ દિવસમાં ૧૦,૨૧,૦૦૦ કિલો બટેટાની આવક થઇ છે.

વિશેષમાં સુત્રોના જણાવ્યા પ્રમાણે તા.૨૭ના ૨,૪૦,૦૦૦ કિલોની આવક સામે પ્રતિ ૨૦ કિલોનો ભાવ રૂ.૨૨૫થી ૪૨૫, તા.૨૮ના અમાસની રજા બાદ ખુલતી બજારે તા.૨૯ જુલાઇના રોજ શ્રાવણ મહિનાના પહેલા દિવસે ૩૬,૦૦૦ કિલોની આવક સામે પ્રતિ ૨૦ કિલોનો ભાવ રૂ.૨૦૦થી ૪૫૦, તા.30 જુલાઇના રોજ ૩,૨૫,૦૦૦ કિલોની આવક સામે પ્રતિ ૨૦ કિલોનો ભાવ રૂ.૨૧૦થી ૪૪૦ અને તા.૩૧ જુલાઇના રોજ રવિવારની રજા બાદ ગઇકાલે તા.૧લી ઓગષ્ટના શ્રાવણ મહિનાના પહેલા સોમવારે ૪,૨૦,૦૦૦ કિલોની આવક સામે પ્રતિ ૨૦ કિલોનો ભાવ રૂ.૨૦૦થી ૪૫૦ સુધી રહ્યો હતો.હોલસેલર વેપારી` જણાવ્યું હતું કે બટેટાનો ધંધો આમ તો બારમાસી છે પરંતુ શ્રાવણ મહિનાની સિઝનમાં વિશેષ ડિમાન્ડ રહે છે.

# રાજકોટમાં અખાદ્ય પદાર્થ વિરોધી ઝુંબેશ, ૭૯ કિગ્રા વાસી પદાર્થોનો નાશ કરાયો

### શહેરના વિવિધ વિસ્તારોમાં સઘન ચેકિંગ કરીને શીખંડ અને આઈસ્કીમના નમુના લેવાયા

### ૫૦ કિગ્રા પેટીસ અને લોટ, ૧૦ કિગ્રા ફરાળી પેટીસ, ૧૦ કિગ્રા દાઝીયું તેલનો નાશ કરતી મનપા ફુડ વિભાગની ટીમ









(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨

રાજકોટ મહાનગરપાલિકા ફૂડ વિભાગની ત્રણ ટીમ દ્વારા પવિત્ર શ્રાવણ માસ દરમ્યાન લોકોને ભેળસેળ વાળી ખાદ્ય ચીજ- વસ્તુઓથી જન આરોગ્યનું નુકશાન સહન કરવું ન પડે એ માટે અનેક વિસ્તારોમાં ખાણી-પીણીની કુલ ૩૩ પેઢીઓમાં ખાદ્ય પદાર્થોની ગુણવત્તાની સઘન ચકાસણી કરવામાં આવી હતી અને કુલ ૭૦ કિગ્રા વાસી અખાદ્ય ચીજ- વસ્તુઓનો નાશ કરવામાં આવ્યો હતો. કેટલીક પેઢીઓમાંથી શીખંડ અને આઈસ્ક્રીમનાં નમુના લઈને ચકાસણી માટે મોકવામાં આવ્યા હતા.

સાધુવાસવાણી રોડ પર ધનલક્ષ્મી ફરસાણમાંથી ૫૦ કિગ્રા પેટીસ અને લોટ, સંતકબીર રોડ પર શ્રીનાથજી ફરસાણમાંથી ૧૦ કિગ્રા ફરાળી પેટીસ, ઇન્દિર સર્કલ પાસે ભગવતી ફરસાણમાંથી ૭ કિગ્રા દાઝીયું તેલ અને સંતોષ ડેરીફાર્મ ઇન્દીરા સર્કલમાંથી ૩ કિગ્રા દાઝીયું તેલ અખાદ્ય જણાતા આ જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો. ધનલક્ષ્મી અને શ્રીનાથજી ફરસાણની પેઢીઓને હાઈજીનીક કંડીશન બાબતે નોટીસ આપવામાં આવી હતી.

શ્રી સત્યવિજય પટેલ સોડા ફેક્ટરી, સદર બજાર મેઈન રોડ પરથી લેવાયેલ કેસર શીખંડનો નમુનો સબસ્ટાનડર્ડ જાહેર થયો હતો. ઉપરાંત નકલંક ડેરી સિંદુરીયા સોસાયટી કોઠારીયા રોડ પરથી લેવાયેલ મેંગો શીખંડનો નમુનો સબસ્ટાનડર્ડ જાહેર થયો હતો. ગોકુલનગર મેઈન રોડ પર ભગવતી આઈસ્ક્રીમ એજન્સીમાંથી લેવાયેલ અજંતાઝ અમેરિકન ડ્રાયફ્રુટ આઈસ્ક્રીમનો નમુનો સબસ્ટાનડર્ડ જાહેર કર્યો હતો. એ જ રીતે બોમ્બે સુપરહાઈટ્સ-૧ પેડક રોડ પર શક્તિકોઠી આઈસ્ક્રીમમાંથી લેવાયેલા માવાબદામ આઈસ્ક્રીમનો નમુનો સબસ્ટાનડર્ડ જાહેર થયો હતો.

ફૂડ વિભાગની ટીમોએ અમિન માર્ગ, યુનિવર્સિટી, રૈયારોડ, કોટેચા ચોક, સાધુવાસવાણી કુંજ રોડ, રેલનગર વગેરે વિસ્તારોમાં સઘન ચેકિંગ કર્યું હતું.(૨.૧૨)

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતિ
સાંધ્ય દૈનિક
જાહેર નોટીસ
કોર્ટ નોટીસ
જાહેર ચેતવણી
દાવાનાં સમન્સ
વગેરે પ્રસિધ્ધ કરાવો
ફક્ત રૂા.૬૦માં
+5%GST (પ્રતિ કોલમ સે.મી.અંદર પાને)
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

### રાજકોટ લોકમેળા યાત્રિક રાઇડ્સ માલિક એસોસિએશન દ્વારા

# યાંત્રિક રાઇડ્સની ટિકિટમાં વધારો મંજૂર કરી હરાજી કરવા માંગ



(તસવીરઃ પંકજ ડાભી)

### પ્લોટોની અપસેટ પ્રાઈસમાં વધારો તેમજ મોંઘવારીના લીધે રાઇડ્સની ટિકિટનો ભાવ 30 થી વધારીને ૫૦ કરવા રજૂઆત

રાજકોટ, તા.૨

રાજકોટ શહેરમાં આગામી લોકમેળો યોજાવાનો હોઈ જેમા યાંત્રિક રાઇડસની ટિકિટનો ભાવ ૩૦ થી વધારી ને ૫૦ કરવા રાજકોટ લોકમેળા યાંત્રિક રાઇડ્સ માલિક એસોસિએશન દ્વારા કલેકટરને રજૂઆત કરવામાં આવી હતી અને હરરાજીથી અળગા રહ્યા હતા.

રજૂઆતમાં જણાવ્યું હતું કે,ગત મેળા કરતા યાંત્રિક પ્લોટોના અપસેટ પ્રાઇસમાં ૭૫૦૦૦ થી ૧ લાખનો ભાવ વધારો કરવામાં આવેલ છે. તે ભાવ વધારો લોકમેળા અમલીકરણ સમિતિ દ્વારા મોંઘવારીને ધ્યાને લઇ કરવામાં આવેલ છે. આથી યાંત્રિક પ્લોટ ધારકોને આવા મોંઘવારીના સમયે યાંત્રિક રાઇડ્સના પ્લોટો ખૂબ મોંઘા ભાવે મળે તેમ છે અને મોંઘા ભાવે પ્લોટ લઇ નુકશાનનો સામનો ન કરવો પડે જેથી આ મોંઘવારીના સમયમાં નુકશાનીનો સામનો કરવા યાંત્રિક રાઇડ્સની ટિકિટનો ભાવ વધારવા વિનંતી છે ઉપરાંત હાલ ડીઝલ અને ટ્રાન્સપોર્ટેશનના ભાવમાં ખૂબ વધારો થયેલ છે સબબ યાંત્રિક રાઇડ્સ પ્લોટ ધારકોને યાંત્રિક રાઇડ્સ રાજસ્થાન મહારાષ્ટ્ર તથા બીજા અન્ય રાજ્યોમાંથી મંગાવી પડે છે જે રાઇડ્સ મંગાવા માટે ટ્રાન્સપોર્ટ પાછળ ખૂબ ખર્ચ કરવો પડે છે. અગાઉ લોકમેળો સાડા ત્રણ વર્ષ પહેલા ઓગસ્ટ ૨૦૧૯માં યોજાયેલો હતો. ત્યાર લોકમેળા સમિતિ દ્વારા યાંત્રિક રાઇડ્સની ટિકિટનો ભાવ ૩૦ નક્કી કરવામાં આવેલો હતો ત્યારબાદ બે વર્ષ કોરોના (કોવિડ-૧૯)ના કારણે લોકમેળો યોજાયેલો નથી. યાંત્રિક રાઇડ્સ પ્લોટ ધારકો લોકમેળા યાંત્રિક રાઇડ્સ નાખી પોતપોતાના પરિવારનું ગુજરાન ચલાવીએ છીએ આમ કોરોના (કોવિડ-૧૯)ના મહામારીના ખરાબ સમયગાળા દરમ્યાન લોકમેળો ન યોજાવાને કારણે ખૂબ નુકશાન ભોગવેલું છે. ઘણા સમયથી લોકમેળો ન યોજવાને કારણે યાંત્રિક રાઇડ્સ પડતર રહેલ છે. જેથી આ રાઇડ્સને સાચવા માટે અને મેઇન્ટેનન્સ કરવા માટે રંગ રોગાન કરવું પડે છે. જે રંગ રોગાનની ખર્ચ ખુબ થાય છે. મોંઘવારી ને પહોંચી વળવા તથા ઉંચા ભાવે પ્લોટ લઇ નુકશાની ન ભોગવી પડે તેવા સ્વાભાવિક અને વાસ્તવિક હેતુથી આ વર્ષ ૨૦૨૨માં

(અનુ.પાના નં.૫ ઉપર)

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.